

સુરેશ જોષી

# રમ્યાણિ વીક્ષ્ય

# રમ્યાણિ વીક્ષ્ય

સુરેશ જોષીનું સાહિત્યવિશ્વ – નિબન્ધ

સુરેશ જોષી

રમ્યાણિ વીક્ષ્ય Copyright © by સુરેશ જોષી. All Rights Reserved.

# Contents


'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ vii

સર્જક-પરિચય x

અર્પણ xiii

વૃષ્ટિધૂસર દિવસ 1

અપૂર્ણતાનો વૈભવ 5

નવઘનશ્યામ 10

શબ્દે શબ્દે મેળાવડો 13

અકારણ વિષાદ 19

ગુલાબ : ત્રણ પંક્તિનું હાઈકુ 22

આકસ્મિક વિલય 25

અનાહૂત અતિથિઓ 31

પામ્યાનું પૂર્ણવિરામ 37

જીવનનો સાચો લય 39
સ્વેદમુકુલિત હથેળી 43
શાબ્દિક સંક્રાન્તિ 47
ભાદ્રપદનું સુવર્ણ 52
સત્યમિથ્યાના અબોલા 55
સૃષ્ટિનો બાલ્ય કાળ 59
મૌનનો મહાવકાશ 63
તડકાનું ઘરેણું 66
સન્દિગ્ધતાનું અંજન 70
કર્બુરતાની માયા 74
સરસ્વતીનું ઉત્થાપન 80
લાગણીઓનું ભૂતલ 84
સૂર્યમહિમા 89
ભાષાહીન સૃષ્ટિ 94
વિદ્રોહનું નવું મુહૂર્ત 97
સૂર્યનું પોત 100
નિદ્રા ને વરસાદના તાણાવાણા 105
સૂર્યમહિમાનાં છૂંદણાં 109

જગતને આવકાર 113

સંસ્કૃતિનો ઉષ:કાળ 117

આનન્દનું પુનરાગમન 122

શ્વાસનો દોર 129

વેદનાનું મહાનગર 133

મૃગજળમાં સૃષ્ટિ 137

દુર્દિનનું આગમન 142

વજનહીનતાનો અનુભવ 146

# 'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને 'એકત્ર' પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

**અમારો દૃષ્ટિકોણ:**

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો ‘વેચવાનો’ આશય નથી, ‘વહેંચવાનો’ જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી ‘ઉત્તમ-અને-રસપ્રદ’ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**


*

Ekatra Foundation is grateful to the author for

allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. **Ekatra Foundation** is a USA registered not for profit organization with objective to preserve Gujarati literature and increase its audience through digitization. For more information, Please visit: www.ekatrafoundation.org and https://ekatra.pressbooks.pub.

***

# સર્જક-પરિચય



સુરેશ હ. જોષી (જ. 30-5-1920, અવ. 6-9-1986) ગુજરાતી સાહિત્યની એક અનોખી પ્રતિભા હતા.

કોઈપણ સાહિત્યમાં જુદીજુદી શિક્તવાળા અનેક લેખકો હોવાના, કેટલાક વિશેષ પ્રભાવશાળી પણ હોવાના; પરંતુ, આખા સાહિત્યસમયમાં પરિવર્તન આણનારા તો સદીમાં એકબે જ હોવાના – સુ.જો. એવા એક યુગવર્તી સાહિત્યકાર હતા.

એમનો જન્મ દક્ષિણ ગુજરાતના વાલોડમાં. નજીકના સોનગઢના વનવિસ્તારમાં એ ઊછર્યા. એ પ્રકૃતિના સૌંદર્યની, એની રહસ્યમયતાની એમના સર્જકચિત્ત પર ગાઢ અસર પડી.

મુંબઈથી એમ.એ. થઈને પછી કરાંચીમાં, વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપન કર્યું. પણ એમની લાંબી કારકિર્દી (1951-1981) તો વડોદરાની મ. સ. યુનિવર્સિટીમાં ગુજરાતીના પ્રોફેસર તરીકે રહી. વડોદરા જ એમની ઉત્તમોત્તમ સાહિત્યપ્રવૃત્તિનું થાનક બન્યું.

સુરેશ જોષીએ વિશ્વભરના સાહિત્યનો વિશાળ અને ઊંડો પરિચય કેળવ્યો. એ સમય પશ્ચિમનાં ચિંતન અને સાહિત્યમાં આધુનિકતા–modernityનો હતો. એના પરિશીલનદ્વારા પરંપરાગત ગુજરાતી સાહિત્યના પ્રવાહને એમણે, પ્રભાવક લેખનથી આધુનિકતાવાદી આંદોલનની દિશામાં પલટયો. સતત લખતા રહીને એમણે પોતાના વિવેચન દ્વારા અને 'ક્ષિતિજ' વગેરે 6 જેટલાં સામયિકો દ્વારા નવા યુગની મુદ્રા રચી; કવિતા-વાર્તા-નવલકથા-વિવેચનનાં અનેક પુસ્તકોના અનુવાદ દ્વારા એમણે પશ્ચિમની તેજસ્વી પ્રતિભાઓને ગુજરાતીના લેખકો-વાચકો સામે મૂકી આપીને એક નવા યુગની આબોહવા પ્રગટાવી.

સર્જક તરીકે એમણે કવિતા અને નવલકથા તો લખ્યાં જ, પણ એમની સર્જકતાનું શિખર એમની વિલક્ષણ ટૂંકી વાર્તાઓ. 'ગૃહપ્રવેશ'(1957)થી શરૂ થતા એ વાર્તાપ્રવાહથકી એમણે માનવચિત્ત અને સંવેદનનાં ઊંડાણોનો

પરિચય કરાવતી વિશિષ્ટ વાર્તા રચી – માત્ર કથા નહીં પણ રચના, એ સુરેશ જોષીનો વાર્તા-વિશેષ.

સુરેશ જોષીનું બીજું સર્જક-શિખર તે એમના સર્જનાત્મક, અંગત ઉષ્માવાળા લલિત નિબંધો. ‘જનાન્તિકે’(1965)થી શરૂ થયેલો એ આનંદ-પ્રવાહ બીજાં પાંચ પુસ્તકોમાં વિસ્તર્યો.

આવી બહુવિધ પ્રતિભાવાળા વિદગ્ધ વિવેચક અને સર્જક હોવા ઉપરાંત સુરેશભાઈ સમકાલીન અને અનુકાલીન ગુજરાતી સર્જકો – વિવેચકો માટે પ્રેરણારૂપ પણ બન્યા અને આધુનિક ગુજરાતી સાહિત્યનો નવો પ્રવાહ પ્રગટાવતી એક નૂતન પરંપરા ઊભી થઈ.

(પરિચય – રમણ સોની)

# અર્પણ

‘રમ્યાણિ વીક્ષ્ય’ નિબન્ધસંગ્રહ સુરેશ જોષીની હયાતીમાં જ તૈયાર થયો હતો. કોઈક કારણસર ત્યારે પ્રગટ થઈ શક્યો નહીં. આજે તેમની પ્રથમ પુણ્યતિથિ પ્રસંગે પ્રગટ થાય છે એ પણ જોગાનુજોગ છે. આમાં નિમિત્ત બનનારા મહેન્દ્રભાઈ શાહનો તથા અન્ય મિત્રોનો આભાર માનું છું.

– ઉષા જોષી

ભરત નાયક – ગીતા નાયકને

તમારી કૃતિભક્તિની સ્મૃતિમાં

# વૃષ્ટિધૂસર દિવસ

આ વૃષ્ટિધૂસર દિવસ અકળ એવી વિહ્વળતાથી મને વિક્ષુબ્ધ કરી દે છે. હું મારા જ મોઢા પર હાથ ફેરવીને મને શોધું છું. આંખો જે જુએ છે તેના સંકેતો મન એકદમ ઉકેલી શકતું નથી, જગત ટીપે ટીપે મારી ચેતનામાં ઝમ્યે જાય છે. પણ બધું છૂટું છૂટું રહે છે. એમાંથી કશી ભાત ઊપસી આવતી નથી. ઘડીભર એમ લાગે છે કે ટીપેટીપે સુખ ટપકે છે. પણ ત્યાં તો દરેક ટીપું ગુરુત્વાકર્ષણનો ગુણાકાર કરીને ભારે ભારે થઈ જાય છે. એની ભંગુરતાનો છદ્મવેશ સરી પડે છે. આ બિન્દુઓ છેક ઊંડે ઊંડે મારાથી જે અગોચર છે ત્યાં સુધી પહોંચી જાય છે. ત્યાં વિસ્તરેલી સમયહીનતામાંથી એક નવા અનનુભૂત સમયની કૂંપળ ફૂટે છે. તાર પર બેઠોબેઠો પતરંગો પાંખમાંથી વર્ષાનાં બિન્દુને ખેરવે છે. પાંદડાંની અણીએથી બિન્દુઓ સર્યે જાય છે. પવન હરિયાળીનાં મોજાં ઉછાળતો દોડ્યો આવે છે. દરેક વૃક્ષ પરથી વર્ષાનાં બિન્દુ અને પવન વચ્ચેનો વિશ્રમ્ભાલાપ આછો આછો સંભળાયા કરે છે. જગતની દૃઢ રેખાઓ વૃષ્ટિના રેલા સાથે રેલાતી જાય છે. પાસેનો લીમડો એના વહેતા થઈ ગયેલા આકારને લીધે માયાવી લાગે છે. ઘરની દીવાલો બેવડ વળી ગયેલી લાગે છે. કશાકના ઓગળવાનું વજન વાતાવરણમાં ઝિલાઈ રહ્યું છે.

ક્યાંક પવન ઉદ્ધતાઈથી કોઈ બારણું વાસી દે છે. થોડા જળનીતરતા અવાજો

મને સ્પર્શી જાય છે. મોટો ખીલેલો ગુલમહોર સૂર્યને શોધી રહ્યો છે. આસ્ફાલ્ટના રસ્તાની બધી પ્રચ્છન્ન કુટિલતા છતી થઈ ગઈ છે. જૂની પોથીના પાના જેવો આ દિવસ વગર વંચાયે પડી રહ્યો છે. જો એકાગ્ર થઈને સાંભળીએ તો અંકુરનો પ્રસ્ફુટિત થવાનો અવાજ સંભળાય છે.

વર્ષામાં વાડ જોવા જેવી, સ્પૃહણીય બની જાય છે. કાંઈ કેટલાય અનામી વેલાઓ ઊગી નીકળે છે. એનાં ફૂલને આ સૃષ્ટિ અજાણી લાગે છે. વાડને ફૂટેલી આંખો જેવાં એ ફૂલ આશ્ચર્યથી આ જગતને જોયા કરે છે. એ દરેક ફૂલ આગળ ઊભા રહીને એને ઓળખી લેવાનું મને કુતૂહલ થાય છે. કોઈ નહિ જુએ તેમ હું વેલ પર બેઠેલું અજાણ્યું નાનું શું ફળ તોડીને ચાખી લઉં છું. એનો સ્વાદ તે વર્ષાનો સ્વાદ છે. ષડ્રસના ખાનામાં એને ક્યાં મૂકવો તે હું એકદમ નક્કી કરી શકતો નથી. પવને ફુલાવેલો અવકાશ તસતસતો થઈને હમણાં ફાટી પડશે કે શું એવું લાગે છે. પણ ક્યાંય ફાટવાનો અવાજ આવતો નથી તેથી કાન ચિન્તિત બનીને અપેક્ષા કરી રહ્યા છે. વડ જેવો વડ અત્યારે તો ગમ્ભીરતાને ખંખેરીને ચંચળ બની ગયો છે. ઈંટથી જડેલી કેડ પર મખમલી લીલ પથરાઈ ગઈ છે. ધૂસરતાની પડછે થોડી ધૂમ્રરેખાની ભાત ઊપસતી આવે છે. કેટલાક આકારો જે આજ સુધી અદૃશ્ય હતા તે આ ધૂસરતાના રાસાયણિક સ્પર્શે પ્રગટ થઈ આવે છે.

નદી સજીવન થઈ ઊઠી છે. સુપ્તોત્થિતા રાજકુમારીની જેમ પ્રિયનો સ્પર્શ થતાં જાગી ઊઠી છે. એના કાંઠા પર ઊગી નીકળેલા બરુ જળની આવી થપાટથી ધીમાધીમા હાલ્યા કરે તેમ મારું મન હાલ્યા કરે છે. નાના ખાબોચિયામાં વડનું પાંદડું ખરીને પડ્યું છે. એ લોહની નૌકા હોય એમ એના પર થોડી કીડીઓએ પાણીથી બચવા આશ્રય લીધો છે. રસ્તા પર રંગબેરંગી છત્રીઓનાં કમળ ખીલી ઊઠ્યાં છે. પોતાના પડછાયા વિનાના માનવીઓ અધૂરા અધૂરા લાગે છે.

સમયના પડને ભેદીને શાશ્વતીમાં ચાલ્યા જવાનું છિદ્ર કદાચ આ ઋતુમાં જડતું હશે. છતાં એમ ચાલી જતા રોકનારી મોહિની પણ આ ઋતુમાં જ સોળે કળાએ ખીલી ઊઠે છે. નાનાં કીટ જન્તુથી માંડીને તે મેઘાચ્છન્ન ગિરિશિખરો સુધી બધું જ નવા સૌન્દર્યથી મણ્ડિત થઈ જાય છે. એકધારી વર્ષાનો અવાજ પણ ભારે સમ્મોહક હોય છે. દૃષ્ટિ શીતળતાથી અંજાઈ જાય છે ને આપણી ઉઘાડી આંખો દિવાસ્વપ્ન જોવા લાગે છે.

વણખેડાયેલી ધરતી પર ચાસ પાડવા એ માનવીનો કેટલો મોટો પુરુષાર્થ છે! ધરતીની ઉદારતાનું આ ઋતુ કૃતજ્ઞતાપૂર્વક ભાન કરાવે છે. નવાં ધાન્યમાં માનવીના પુરુષાર્થની મહેંક છે. ક્ષિતિજના છેડા સુધી વિસ્તરેલાં ખેડાયેલાં ખેતરોને જોવા એ એક રોમાંચક અનુભવ છે. વર્ષા ઘરમાં બેસી રહીને જોઈએ તો ગ્લાનિનો અનુભવ કરાવે છે. ગામની બહાર નીકળીને, મકાનોની ભીડ છોડીને મોકળા અવકાશ વચ્ચે જઈને, ઊભા રહીએ ત્યારે વર્ષાનું વિરાટ રૂપ જોઈ શકીએ છીએ. દરેક ઋતુમાં અવકાશનો જુદો જુદો અનુભવ થાય છે. શિશિરનો અવકાશ કંઈક બરડ હોય છે. ગ્રીષ્મમાં દિશાઓ દૂર દૂર સરી ગયેલી લાગે છે. વર્ષામાં અવકાશનું એક નવું જ પરિમાણ ખૂલે છે. એ દોડતાં વાદળ સાથે, સરી જતા જળના રેલા સાથે આપણને ચંચળ બનાવીને દોડાવે છે. આ ઇન્દ્રિયોના બહિર્ગમનની ઋતુ છે. સરોવર હવે નિસ્તરંગ રહી શકતું નથી. ઘરનાં છાપરાં વાચાળ બની જાય છે. વિગત સ્વજનો છાયાશરીરે ઘરમાં આપણી વચ્ચે વસતાં હોય એવું લાગે છે.

વર્ષાની સાંજ ઢળે છે. જયદેવે જોયેલી ધૂસરતા ઘેરી બને છે. બધે ઘનશ્યામનાં દર્શન થાય છે. દીવો જાણે આ ધૂસરતામાં તરતો દેખાય છે. સાંજ પડ્યા પછી પણ મોડે સુધી મને દીવો કરવાનું ગમતું નથી. દીવાનો પ્રકાશ આ ધૂસરતામાં નર્યો અવાસ્તવિક લાગે છે. ત્યારે એકાએક નિબિડ એકાન્ત મને ઘેરી વળે છે. ક્રીડાને માટે ઉત્સુક નાનાં ચંચળ અંગોને સંકેલીને

બાળપણમાં ઘરમાં બેસીને ટપકતાં નેવાંને જોતાં બેસી રહેવું પડતું તે યાદ આવે છે. અત્યારે તો ઘેરાતી સાંજે બોદલેર કે રિલ્કેની પંક્તિઓ મનમાં ઉદ્‌ભાસિત થાય છે. કાલિદાસના ‘મેઘદૂત’નો વિષાદ અને બોદલેરનો વિષાદ બન્ને જુદા ગોત્રના છે. મને તો એ બન્ને ગમે છે.

પાંખો ખંખેરતા બેઠેલા એક કાગડાને બે કાળિયાકોશી પજવે છે. વર્ષાની ધારાના અવાજમાંથી આછો ચળાઈને આવતો દૈયડનો ટહુકો સાંભળવો ગમે છે. મોર ક્યાંક ગહેકતા હશે પણ અહીં કેકારવ સંભળાતો નથી. નિશાળે જતા નિશાળિયાઓ માટે દરેક ખાબોચિયું એક પ્રલોભન છે. પાણી જોડે અડપલું કર્યા વગર એનાથી રહેવાતું જ નથી. અંકગણિતના પાના પરની રકમ રેલો થઈને વર્ગની બહાર વૃષ્ટિની ધારામાં ભળી જતી એ જોઈ રહે છે. વરસાદ બરાબર જામે છે પછી વાતાવરણને અનુરૂપ સંગીત સાંભળતા બેસી રહેવાનો આનન્દ અનેરો છે. નવા રોપેલા વડને ફૂટેલી કૂંપળ એ અત્યારે સહુથી વધુ દર્શનીય લાગે છે.

28-6-80

*

# અપૂર્ણતાનો વૈભવ

મારી બારી પાસેની જૂઈની કળી મને ભારે અચરજ પમાડે છે. એની આ અદ્‌ભુત સ્વયંપર્યાપ્તતાની મને અદેખાઈ આવે છે. હું એકાદ ક્ષણ માટે કોઈ વાર ખૂબ ઉત્કટતાથી એકાન્તને ઝંખું છું, પણ એવું એકાન્ત પ્રાપ્ત થતાં જ કોઈ માનવીનો અવાજ સાંભળવાને હું ઉત્કર્ણ બની જાઉં છું, નિરર્થક ગપસપ પણ મને ગમવા લાગે છે. આથી મને એમ તારવવાનું મન થાય છે કે જે પૂર્ણ છે તે સ્વયંપર્યાપ્ત છે. એ જગતમાં એકલુંઅટૂલું નથી, પણ સમ્બન્ધનું કેન્દ્ર એના પોતાનામાં છે, એ કોઈ બીજા કેન્દ્રમાંથી વિસ્તરતી ત્રિજ્યાઓમાં સમેટાઈ જતું નથી.

આથી સ્વયંપર્યાપ્ત હોય તેને વિશે પણ પ્રેમ સમ્ભવી શકે, પણ એ પ્રેમમાં વિસ્તાર છે તે અપૂર્ણતાની કાકલૂદીના રૂપનો નથી, એ પ્રેમ દાન નથી, યાચના નથી, અહંકાર નથી; એ પ્રેમ કેવળ પ્રેમ છે. એની આગળ કશું વિશેષણ મૂકી શકાતું નથી. આપણે માનવીઓ છીએ માટે અપૂર્ણ છીએ. જ્યાં સુધી ઈશ્વર છે ત્યાં સુધી આપણે સ્વયંપર્યાપ્ત નથી. માટે આપણે માટે બે જ રસ્તા છે કાં તો આપણે પોતે જ ઈશ્વર છીએ એમ માનતા થઈ જવું, કાં તો આપણો નિ:શેષ લોપ સાધવો.

પણ અત્યારે તો મારે માટે આમાંનું કશું શક્ય લાગતું નથી, એટલે હું તો મારી અપૂર્ણતા જ મારો વૈભવ છે એમ માનીને વર્તુ છું. મને લાગે છે કે આપણે આત્મસ્તુતિ કરીએ એવી જ કશી ઈશ્વરની જ સ્તુતિ કરતા નથી હોતા? આત્મનિન્દા આથી જ સૌથી મોટું પાપ લેખાવું જોઈએ. જે પોતે જ પોતાની દયા ખાય તે જ ઈશ્વરનું સૌથી મોટું અપમાન કરે છે.

જે બીજાનું અપમાન કરવા જાય છે અથવા જાણે બીજાની જીવાદોરી પોતાના હાથમાં છે એમ માને છે તે પોતાની યોગ્યતા કરતાં વિશેષ પોતાને મળ્યું નથી એવી સતત ફરિયાદ કરી કરીને ચીઢિયો અને તોછડો બની ગયો હોય છે. એ જગતની સૌથી ઉત્તમ વસ્તુ પ્રેમને સદાને માટે ગુમાવી બેસે છે. પણ ઈશ્વર દયાળુ છે એટલે પ્રેમને ગુમાવી બેઠાનો આઘાત એને લાગે જ નહીં એવી એણે વ્યવસ્થા કરી હોય છે. પણ એક રીતે જોઈએ તો આ જ ઈશ્વરની ક્રૂરતા છે. જો પ્રેમ ગુમાવ્યાની વેદના થાય તો જ આપણે પ્રેમ પ્રાપ્ત કરવા મથીએ. આ ન થવા દેવું એ દયા નથી, પણ શાપ છે.

જૂઈની કળી શાપ અને વરદાનના દ્વન્દ્વથી પર છે. વૈશાખના સૂર્યની એ રેતી કે પથ્થરની જેમ ખુશામત કરતી નથી. એના મુખમાં એના લઘુક અસ્તિત્વની પૂર્ણતાનું સ્તોત્ર છે. એને હું સુગન્ધને રૂપે ક્ષણેક્ષણે પામું છું. રિલ્કેએ કહ્યું હતું કે જે પ્રશસ્તિને એટલી વિશાળ બનાવી શકે કે જેમાં શોક પણ સમાઈ જાય તે સાચો કવિ. પણ આ પ્રશસ્તિ તે કાંઈ ચાટુ ઉક્તિ નથી. એણે પોતે જ એની સરખામણી ખાણમાંથી ભારે પ્રયત્ને ખોદી કાઢવામાં આવતી કાચી ધાતુ જોડે કરી છે. એ જાણે ભારે અણગમાથી ખાણની બહાર આવે છે, બહાર આવે છે તે પણ એના અસલ સુવર્ણના રૂપને પાષાણના છદ્મવેશમાં સંતાડીને. પણ એક વાર તમે આ બધો પરિશ્રમ કરો પછીથી એ તમે જે કસોટીએ એને ચઢાવો તેમાંથી પસાર તૈયાર થઈ જાય છે. પછી આપણા એના પરના બધા અત્યાચારો શરૂ થાય છે. સ્તોત્ર અને સુવર્ણ – બન્નેની દશા સરખી

છે. અભિમાની હૃદય એકદમ ભક્તિવિહ્વળ થઈને સ્તોત્ર રચતું નથી, પણ સ્તોત્ર રચાઈ ગયા પછી એ ખુશામતિયાના હાથમાં જઈ પડે છે અને એમના બધા જ અત્યાચારો એને સહેવાના રહે છે.

આપણે તો ઈશ્વરે રચેલાં આશ્ચર્યો એકબીજાના સહચારમાં પ્રેમથી જ જાણવામાણવાનાં છે. આયુમર્યાદા એટલી થોડી અને ઈશ્વરનું પરાક્રમ એટલું મોટું કે શંકા, વિરોધ, પરીક્ષા – આ બધાં પાછળ વેડફી નાખવા જેટલો સમય જ આપણી પાસે નથી. આ બધાંથી પ્રેમમાં ઓર લિજ્જત આવે છે એમ અનુભવીઓ કહે છે, પણ એ આપણને પરવડે એમ નથી.

જીવવાના અનેક કીમિયાઓ વિશે વાતો ચાલે છે. હવે આટલાં વર્ષો ગાળ્યાં પછી મને પણ આપણા પુણ્યપવિત્ર દેશની પરમ્પરા પ્રમાણે તો જિન્દગી વિશે કશુંક કહેવાનો અધિકાર આપોઆપ પ્રાપ્ત થઈ જાય છે. મને તો સાચો કીમિયો એ જ લાગે છે કે દૃષ્ટિ અને અનુભૂતિ વચ્ચે કશું વ્યવધાન નહીં હોવું જોઈએ. જે જોયું તે તે ક્ષણ પૂરતું જ રહે, પછી એમાંથી કશું ઝીણું કાંતવાનું નહીં. એ પ્રવૃત્તિ જ મિથ્યા છે. એમાંથી જ અર્થઅનર્થના પ્રપંચો વિસ્તરે છે. પ્લેટો કેવળ કવિ રહી શક્યો હોત, પણ અનર્થ એ થયો કે એ ફિલસૂફ બન્યો. ફિલસૂફી વાસ્તવમાં તો જન્મે કવિતામાંથી જ, પણ જન્મીને તરત જ પહેલું કામ એ માતૃહત્યાનું કરે છે. આથી જ પ્લેટોએ કવિતાને બહિષ્કૃત કરી.

જે વફાદારી માગે તેણે પણ મૂલ્ય ચૂકવવું પડે. તેણે ધ્રુવની જેમ કેવળ સ્થિર રહેવું પડે. તો જ એની આજુબાજુ બધા વફાદારીથી પ્રદક્ષિણા કરી શકે. ઈશ્વરે ભક્તિની વાસના રાખી માટે જ એને કૂટસ્થ અને અચલ થઈ જવું પડ્યું. આથી જે જીવનની સીમામાં નથી તેની પ્રત્યે જ વફાદારી હોઈ શકે. બીજી રીતે કહીએ તો જે જીવિત છતાં જીવનમુક્ત તેની પ્રત્યે જ વફાદારી હોઈ શકે. આટલું મોટું મૂલ્ય ચૂકવવું એ જ એક મહત્ત્વાકાંક્ષી પરાક્રમ નથી?

પણ કવિતા તો નોહની નૌકા જેવી, એ પ્રલય વચ્ચે પણ ડૂબે નહીં ને ડૂબાડે નહીં. હોડીને આકાર છે, એ એક રચના છે, એના અવયવોના સમ્બન્ધોનું એક તત્ત્વ છે. પણ પ્રલય તો આકારની વિડમ્બના, મર્યાદાનો લોપ. હોડી એટલે વહેતો આકાર. કવિતાને માટે તો આ જ સૌથી સમર્થ ઉપમા છે, કારણ કે કવિતા પણ વહેતો આકાર છે. એમાં પણ વિરોધાભાસ છે, પણ કવિતાનો પાયો જ વિરોધાભાસના પર રચાય છે. વિજ્ઞાનના અત્યાચારમાંથી છટકી નાસવા માટે કવિતાએ વિરોધાભાસનું શરણું લીધું છે. જો એવું નહીં બન્યું હોત તો અત્યાર સુધીમાં કવિતા વિજ્ઞાનની માત્ર પેટા શાખા બની રહી હોત!

જીવન અને મરણ – કદાચ બીજે છેડે મરણ છે માટે જ જીવન આટલું ચંચળ છે. મરણને એક ડગલું દૂર રાખવાના પ્રયત્નોમાં જ આપણે કેટલી લાંબી મજલ કાપી નાખીએ છીએ!

આ વિષે કોઈ ફિલસૂફ પાસેથી સાંભળવા કરતાં કવિ પાસેથી જ સાંભળીએ : ‘ધારો કે જિન્દગી કોઈ જૈફ આદમી છે. એ માથા પર ફૂલનો ભારો લઈને વેચવા નીકળ્યા છે. મરણ કોઈ જુવાન છે. એ કાફેમાં હસતો હસતો બેઠો છે. એના અંગૂઠા અને આંગળી વચ્ચે સિક્કો દાબી રાખ્યો છે. હું તમને પૂછું છું : ‘એ ફૂલ ખરીદશે?’ અને ઉમેરું છું, ‘મરણ જુવાન છે, જીવન જૈફ છે, એણે ફાટલું-તૂટલું સૂથણું પહેર્યું છે, એના પગ લથડે છે, એને ધોળી દાઢી છે.’ તમે તો ગુપચુપ બેસી રહ્યા છો. કશો જવાબ વાળતા નથી. હું તમને ફરીથી કહું છું, ‘તમે જુઓ છો ને જીવનને? એ ત્યાં છે, અહીં છે; એ આ છે, પેલું છે ને કશું નથી કે પછી એક વૃદ્ધ છે, ત્રણ ચતુર્થાંશ એ નિદ્રાગ્રસ્ત છે, એના માથા પર ફૂલો છે, હંમેશાં મોટે સાદે બોલે છે – ખાસ કોઈનેય ઉદ્દેશીને નહીં – ગુલાબી ફૂલ, જાંબુડી ફૂલ, ગુલાબ ને ગલગોટા. તો બોલો, મરણ એ ખરીદશે? પણ ત્યાં હું, એક બીજી વ્યક્તિને જોઉં છું. કોઈક સન્નારી આવી

રહ્યાં છે. એનું નામ છે ‘હવે પછી.’ એ આવીને જુવાન મરણની અડોઅડ બેસી જાય છે. એ નાજુક ને નમણાં છે. એને ફૂલો ખૂબ ગમે છે.

કોઈક દિવસ તો મરણ એ ફૂલો ખરીદશે જ કારણ કે એની પાસે બેઠેલી પેલી નાજુક નમણી નારીને એ ગમે છે. પછી વૃદ્ધને ચાલવાનું કાંઈ પ્રયોજન રહેશે નહીં, પછી એ પૂરેપૂરો નિદ્રાધીન થશે. પણ આટલેથી વાત અટકતી નથી. પેલી નાજુક નમણી નારીને ફૂલો તો હંમેશાં જોઈએ જ, તો એ ફૂલ લાવનાર પણ કોઈ જોઈશે જ, તો ફરી જીવન માથે ફૂલ લઈ આવશે, તો – આમ આ આખો ક્રમ ફરી ફરી ચાલ્યા જ કરશે.

જૂઈની કળીને જોતાં મને આ બધા વિચારો આવ્યા. આ બધા વિચારના ભાર નીચે એ કચડાઈ નહીં જાય? પણ મન એવું અળવીતરું કર્યા વગર રહેતું નથી. દેવચકલીનાં બે બચ્ચાં ઊડતાં શીખી ગયાં છે. હવે એઓ મારું ઘર છોડીને ઊડી જશે. આ કેવી શોકહીન હળવી વિદાય છે!

30-4-76

*

# નવઘનશ્યામ

નવઘનશ્યામનાં આખરે દર્શન થયાં. સૂર્યાસ્ત સમયે મેઘધનુષ પણ જોયું. આ આનન્દને થોડા અમીછાંટણાથી પૂર્ણ કર્યો. હવે વૃષ્ટિ ઓચિંતો છાપો મારશે એવો અણસાર વાતાવરણમાં છે. પેલા કવિએ કહ્યું હતું તેમ હવે 'ચેત:સમુત્કણ્ઠતે!' એકનો એક રેઢિયાળ સૂર્ય આકાશમાં નર્યો પ્રગટ, કશી વ્યંજનાની ગૂઢતા વિનાનો, પ્રકાશતો હતો તે જોઈને આપણે કંટાળી ગયા હતા. વચમાં તો એવા દિવસો આવ્યા હતા જ્યારે જો તમે કાન માંડીને સાંભળો તો સૂર્ય સૃષ્ટિને બાળતો હતો તેનો અવાજ સુધ્ધાં સાંભળી શકાય! ક્ષિતિજ નરી ઉઘાડી વરવી લાગતી હતી. ગ્રીષ્મના દિવસના અન્ત ભાગને રમણીય કહ્યો છે, પણ હમણાં તો એવી રમણીયતાય નસીબમાં નહોતી. છેક મોડી રાતે સૂર્યનો મહિમા ઓસરતો જણાતો અને સવારે છ વાગે ન વાગે ત્યાં તો પાછો એનો દોર શરૂ થઈ જતો.

મારી આથમણી બે બારીએ બે લતાઓ એમની લીલીછમ હથેળીમાં શીતળતાને ભરીને મારી દૃષ્ટિને ઠારે છે. પ્રખર સૂર્યની સામે નાજુક જૂઈની કળી પ્રસ્ફુરિત થવાનું સાહસ કરે છે. પંખીઓ પહોળી ચાંચે હવા પીતાં પીતાં અસહાય બનીને આ બધું જોયા કરે છે.

સૂર્યે કેટલું બધું અસ્પૃશ્ય બનાવી દીધું હતું! વસ્તુને સ્પર્શતાં જ હાથ દાઝીને પાછો પડે. સાંજ પડતાં જ પ્લવંગમ છંદમાં આંગણામાંના બે આસોપાલવ ડોલવા લાગે છે. ધૂળ હવે પવનની ચઢાવેલી ખૂબ ઉચ્છૃંખલ બની ગઈ છે. એ ગમે ત્યાં પ્રવેશી જઈ શકે છે. કવિતાની બે પંક્તિઓ વચ્ચે પણ ધૂળે જગ્યા કરી લીધી છે. રસ્તે ચાલતાં છતી આંખે એ આપણને આંધળા બનાવી દે છે. શિરીષની મુખકાન્તિને એણે ઝાંખી કરી નાંખી છે. વર્ષાનો વેણુગોપાળ હમણાં તો રેણુગોપાલ જ બની ગયો હોય એમ લાગે છે.

પણ હવે છાયાઓ ઘુંટાવા લાગી છે. ઘરમાં નવા પડછાયાઓ દેખાવા લાગ્યા છે. હજી છાયામાં સ્નિગ્ધતા નથી. પણ એનો સંકેત તો એમાં વરતાય જ છે. રાજ્યાભિષેક તો રાજાનો જ થાય અને તે એક જ વાર, પણ વર્ષાનો અભિષેક તો દર વર્ષે થાય. હવે એના દદામા ગડગડવા લાગ્યા છે. વર્ષામાં સ્પર્શ અને શ્રવણ બંનેની તૃપ્તિ થાય છે. સૃષ્ટિ ક્ષીરોદધિ બની જાય છે અને આપણે શીતળતાને ખોળે પોઢી જઈએ છીએ.

આકાશ શરદનું જ જોવા જેવું હોય છે એવું નથી. આછી ઘેરી શ્યામછટાવાળાં વાદળોની દોડાદોડ મને જોયા કરવાનું ગમે છે. એ નદીતટે બેસીને જોઈ હોય તો વળી ઓર મજા! આ ઋતુમાં સૂર્યચન્દ્ર શિશુ જેવા ચંચળ બનીને વાદળોમાં સંતાકૂકડી રમે છે. વાદળ એમનાં અનેક જોયેલાં રૂપ આપણને બતાવે છે.

રસ્તે થઈને જતા હોઈએ ને ટપ દઈને બેચાર પાકી લીંબોળી પાસેના લીમડા પરથી આપણા માથા પર પડે. આપણાથી ઉપર જોવાઈ જાય. જોઈએ તો લીમડાની શાખા આનન્દથી ઝૂલતી દેખાય. કોઈ વાર મધ્યાહ્નને એકાએક બધું નિઃસ્તબ્ધ થઈ જાય. એવી શાન્તિ કે એમાં ઈશ્વરના શ્વાસને પણ આપણે સાંભળી લઈ શકીએ. ત્યાં એકાએક હોલો ઘૂઘવે. લેલાંની કચકચ શરૂ થઈ

જાય, કોયલ ટહુકાને વિસ્તારીને ઊડી જાય. લીમડાને છાંયડે આ સ્તબ્ધતાથી ભયભીત થઈને બેસી રહેલાં શિશુઓ એકદમ ચંચળ બનીને દોટ મૂકે અને એમના એ દ્રુત લયથી હવા ઝંકૃત થઈ જાય. વર્ષાની શીતળતાને નિદ્રાનો પાસ બેઠેલો હોય છે. એનો સ્પર્શ થતાં ધીમે ધીમે આપણે તન્દ્રામાં સરી પડીએ છીએ. આ ઋતુ દીવાસ્વપ્નની ઋતુ છે. કેવળ જાગૃતિની અવસ્થામાં જ જિંદગી ખોઈ નાખવાનું આપણને પરવડે નહીં. આપણી થોડીક વાસ્તવિકતા તો સ્વપ્નમાં પણ રહી છે. એને પાછી મેળવવાના આ દિવસો છે.

વર્ષામાં આકાશ તરફ જોઈ રહેવામાં જ એટલો સમય જાય છે કે પુસ્તક ખોલવાનો સમય જ રહેતો નથી. એકબીજામાં ઓતપ્રોત પ્રેમીઓ પણ પાસે બેઠા હોય છે ત્યારે અન્યમનસ્ક બની જાય છે. આ સ્થિતિ મીઠા પ્રણયકલહનું કારણ બને છે. ચુમ્બનની વર્ષાથી જ એનો સુખદ અન્ત આવે છે.

વર્ષા છેતરામણી ઋતુ છે. આપણને એમ લાગે કે બધું દૂર હતું તે નિકટ આવી ગયું છે. પણ ધૂસરતામાં મને તો દૂરતાનો પ્રસાર દેખાય છે. આપણે નીચે ઊતરી આવેલા આકાશથી ઘેરાઈ જઈએ છીએ. વર્ષામાં એક વિયોગ તો અનિવાર્ય જ છે : આપણી છાયા એને પિયર વસવા ચાલી જાય છે!

12-8-76

*

# શબ્દે શબ્દે મેળાવડો

આપણે જગતને જોતા હોઈએ છીએ ત્યારે હૃદયપટ પર ઝીલાતી બધી જ છબીઓ

તરફ આપણું ધ્યાન નથી હોતું. એ બધી અંકિત થઈને રહેલી છબિઓ હંમેશાં ત્યાં પુરાઈ રહે તોય આપણે ગૂંગળાઈ મરીએ. આથી એને શબ્દમાં, સૂરમાં, શિલ્પમાં કે

રંગ અને રેખામાં વ્યક્ત કરવી જ રહી. નાનું બાળક કશુંક જુએ છે ને વિસ્મય પામે છે કે તરત જ એના હોઠ ખુલી જાય છે, એની આંખો વિસ્ફારિત થઈ ઊઠે છે. આપણે જે કેવળ ટેવને વશ થઈને, નરી યાન્ત્રિકતાથી, જોયું તેને હૃદયમાં પોષવું પડે છે, તો જ એનાં બીજ અંકુરિત થાય છે. આ પ્રક્રિયા જ જો નથી થતી તો

અભિવ્યક્તિ જ શક્ય બનતી નથી. કોઈ એક શબ્દ બોલે છે ત્યારે એના ઉચ્છ્વાસ સાથે એ બોલનારના હૃદયનો અવકાશ આપણને સ્પર્શી જાય છે. કેટલીક વાર એ અવકાશ મળતાં જ આપણો રુદ્ધ શ્વાસ મોકળાશ અનુભવે છે. એનું વિહારક્ષેત્ર ખુલ્લું થઈ જાય છે.

ઈશ્વરે જે અખણ્ડ રચ્યું તે એની લીલામાં આપણને સંડોવવા ખાતર વળી વિભક્ત કરીને મૂકી દીધું. એથી અડધું આપણી બહાર રહી ગયું અને અડધું આપણી અંદર. આ અંદર ને બહારનો યોગ સાધવાનું કાર્ય આપણે, સર્જક તરીકે, સિદ્ધ કરવાનું રહે છે. આથી જ તો રિલ્કેએ ઉદ્ગાર કાઢેલો : 'આ બાહ્યા અવકાશનાં કેટલાંય પરિમાણો તો મારામાં હતાં જ.' જીવનમાં થતા અનુભવોને અવકાશનો વિસ્તાર સાધી આપે એવી રીતે પરિણત કરવાનો કીમિયો કવિ પાસે હોવો જોઈએ. જે અવકાશમાં વિચ્છુરિત થઈ જાય છે તે પાછું સમ્ભૃત થઈને રૂપાન્તરિત થઈને પ્રગટ થવા ઇચ્છે છે.

આ સૃષ્ટિના આરમ્ભકાળમાં તો વાયુ જ હતો એમ કહે છે. એની રૂપહીન ગતિને ઈશ્વરની આંગળી અડી, એના સ્પર્શની ઉષ્મા મળી અને ઈશ્વરના મમત્વની છાપથી અંકિત થઈને આકાર પામી જગત પ્રગટવા લાગ્યું. હું પથ્થરને હાથમાં લઉં છું ત્યારેય ઈશ્વરના એ ઉષ્માભર્યા સ્પર્શનો અનુભવ થાય છે; એથી જ તો પથ્થરને હાથમાં લેતા રોમાંચિત થઈ જવાય છે. પણ આપણી આંગળી જ જો સ્પર્શજડ બની ગઈ હોય તો શું? અફાટ વિસ્તરેલા સમય અને અવકાશ વચ્ચે શિવના ડમરુનો નાદ આન્દોલિત થઈ સેતુઓ રચી દે છે. સર્જક નામે જે વિચ્છિન્ન છે, જે નર્યું વિસ્તૃત અને અસ્પૃષ્ટ છે તેને જોડે છે અને સ્પર્શક્ષમ આકાર અર્પે છે. આપણે અન્યમનસ્ક બનીને ઊભા હોઈએ છીએ, જગત આપણાથી દૂર દૂર સરી ગયું હોય છે. ને ત્યાં કોઈક આપણી પાસેથી પસાર થઈ જાય છે. એના જવાથી હવા હાલે છે. હવાનું આ હાલવું જાણે આપણને ઢંઢોળીને જગાડે છે, ને ફરી આપણે જગત સાથે દૃષ્ટોદૃષ્ટ મેળવીએ છીએ. આ હોય છે તો નાની ઘટના, એનો અહેવાલ પણ આપણે કોઈને આપતા નથી. છતાં હૃદય કૃતજ્ઞતાપૂર્વક આ વાતને સ્વીકારે છે.

આજે સર્જકતા ઓસરી રહેલી છે. માનવીનો જગત સાથેનો સમ્બન્ધ વધુ ને વધુ પરોક્ષ બનતો જતો લાગે છે. એને જાણે જગતનો, એના વૈપુલ્યનો ખપ

નથી. આથી એણે જગતને અમુક સંકેતવ્યવસ્થામાં સારવી લીધું છે. આમ કર્યા પછી એનો વેપલો પણ આ સંકેતો જોડે જ ચાલતો રહે છે. આમ જગત આપણને જે રીતે પુષ્ટ કરે છે તેનાથી આપણે વંચિત રહી જઈએ છીએ. આથી, જે આપણી પાસેથી પસાર થઈને આપણને આપણામાં ફરીથી સ્થાપી ગયું તેને, આપણાથી અજાણપણે, આપણી આંખો ઝૂકીને નમે છે. જગતની કેટલીયે ઉપેક્ષિત વસ્તુઓ જે એકાકી છે તેના હાથની ઉષ્મા પામીને જાણે સજીવન થઈ ઊઠે છે.

આ આખું અવારિત આકાશ આપણને ઉપલબ્ધ છે. સમુદ્રનો અપરિમેય વિસ્તાર આપણને એવી રીતે ઉચ્છ્વસિત કરે છે જેથી કદી ન અનુભવેલી એવી ઉદાત્તતા આપણે અનુભવીએ છીએ. ચૈત્રવૈશાખના પવનો જાણે હાથ પકડીને આપણને ચંચળ બનાવી મૂકીને ક્યાંક ખેંચી લઈ જવા ઇચ્છે છે. ઈશ્વરનું કોઈ રૂપ હું કલ્પતો નથી. રિલ્કેએ કહ્યું છે તેમ એ ઘણી વાર કેવળ ધ્વનિરૂપે જ સંભળાય છે; કોઈ વાર બેધ્યાનપણે સ્પર્શેલા કોઈ પદાર્થમાં એના સ્પર્શનો રોમાંચ અનુભવાય છે. જડતાની અન્ધકારભરી રાત્રિના ઓસર્યા પછીનો પ્રથમ પ્રહરનો કુક્કુટધ્વનિ તે ઈશ્વર.

આ વિશાળ આકાશને આપણે જીરવી શકીએ નહીં; આ જગતને આપણે ઇન્દ્રિયગ્રામના ઉમ્બર આગળ જ ઊભું રાખી દઈએ છીએ. આ પ્રકારની સીમાહીન મોકળાશનું આપણે શું કરીશું? સીમા વડે તો આપણે આપણને વિશિષ્ટ બનાવીએ છીએ. આથી જ કવિ વહારે ધાય છે અને પ્રમાણભૂત પ્રતીકો રચીને એમાં આ નિર્બાધ અવકાશ અને અનન્ત સમયને સમાવિષ્ટ કરી દઈને આપણને આપે છે. પછી એ પ્રતીકો આપણી ચેતનામાં ઓગળીને વિસ્તરતા જાય છે, પણ એનું આ વિસ્તરવું આપણે માટે અસહ્ય થઈ પડતું નથી. જગતનો અને આપણા એની સાથેના સમ્બન્ધનો સાક્ષાત્કાર કવિ વિના

કોણ કરાવે? આથી જ તો કવિ એના શબ્દે શબ્દે આવા મેળાવડા રચતો જાય છે.

આ વિશ્વમાં બધું સંલગ્ન છે, કોઈક ક્યાંક પ્રાર્થના કરે છે. એની દીપ્તિ મારી આંખોને ઉજ્જ્વળ બનાવે છે. કોઈક વાર કોઈનું સાવ અજાણ્યું દુ:ખ આપણા હૃદયના ઝૂલા પર ઝૂલતું હોય છે. ક્યાંકથી ફૂલની સુગન્ધ મારા તરફ વહી આવે છે; એને ઝાલી રાખી શકાતી નથી. આ જગતમાં જે રમણીય છે, આહ્‌લાદક છે તે જ વધારે છટકિયાળ છે. માનવીને પોતાની છાતી પર હાથ મૂકીને ‘હું છું’ કહેવાની ટેવ છે. કોઈ વૃક્ષ કે ફૂલ તો એવું કરતું નથી, છતાં કોઈક વાર જગતમાંથી વહી આવતો એકાદ ક્ષીણ શબ્દ સંભળાય છે ને તરત જ હૃદયમાં એનો પ્રતિઘોષ ઉદ્‌ભવે છે. એક રીતે જોતાં વિખેરાતા જઈને જ આપણે અસ્તિત્વમાં આવીએ છીએ. મારો થોડો અંશ શિરીષ-લીમડામાં છે, થોડો અંશ ભિખારીએ લંબાવેલા હાથમાં પણ છે.

આ અવકાશ જ આપણને એવો આસવ પાઈ દે છે કે બધી સીમાઓ ઓગળવા માંડે છે; સૌથી પહેલી ઓગળે છે અનિષ્ટની સીમા, જે મને રૂંધી રાખે છે; ગળે ટૂંપો દેવા મથતા સમયના તંગ દોર પણ ઢીલા પડે છે. પ્રાચીન અયોધ્યાનગરીમાં જે વિજયોત્સવની પતાકા ફરકી હશે તે આજે મારા શ્વાસમાં ફરફરે છે; સરયૂને કાંઠે સારેલું દશરથનું આંસુ મારી આંખમાં ઝમે છે. બધી ગેરસમજો બાષ્પીભૂત થઈને અદશ્ય થવા લાગે છે. ધીમે ધીમે બધું પારદર્શક થતું જાય છે. મરણનું સ્વરૂપ હું આવું કલ્પું છું. માનવી માનવી વચ્ચેનાં અન્તર સ્નેહઘન બની જાય છે.

આ કહું છું ત્યારે જગતમાં જે યાતના રહી છે તેનું મને વિસ્મરણ થયું છે એવું નથી. એ ઘાતક વિનાશક દુ:ખને હું ઓળખું છું. છતાં મને જગત અને જીવન ગમે છે. વળી ઘણું એવું છે જે હૃદયમાં કશું ચિહ્ન મૂક્યા વિના અલોપ

થઈ ગયું છે. એનું નામ પૂછવા તો કવિ પાસે જવું પડે. આ ભવાટવીની ભુલભુલામણી પણ જોઈ છે. એમાં નવાં નવાં મહોરાં પહેરીને હું મારાથી જ ન ઓળખાવા મથ્યો છું, તેમ છતાં મારામાં એવું કશું છે જે પોતાની સંજ્ઞા અણીશુદ્ધ જાળવી રાખે છે. એને આધારે ફરીથી હું મને અને મારા જગતને ગોઠવી લેતો રહ્યો છું. હું મારા અનધિકારની ઓથ લઈને ઊભો રહું છું. બહારનું જગત મારી એંધાણી પામ્યા વિના ચાલી જાય છે. એવે વખતે મનમાં જગત સાથેની અભિન્નતા સિદ્ધ કરવાની તીવ્ર લાગણી થઈ આવે છે. ત્યારે મનમાં થાય છે : આટલો બધો ભાષાભેદ શા માટે? આ વૃક્ષ, પંખી, પથ્થર, પશુ, જળ, અગ્નિ અને નક્ષત્રોની એક જ ભાષા કેમ નથી? આ શબ્દોનો શો અર્થ જે ક્યાંય મૂળ નાખી શકે નહીં? કોઈ વાર દૈયડનો ટહુકો હૃદયને વિશાળ કરી મૂકીને મને કેવો વિહ્વળ બનાવી દે છે! ત્યારે મારું હૃદય વૃક્ષરાજિ જેવું પ્રશસ્ત બની જાય છે. નહીં તો હું મને જ મારા પર ખડક્યા કરતો હોઉં છું ત્યારે શ્વાસ પણ મારામાંથી ભાગી છૂટે છે.

કોઈ વાર ઘરમાંના દર્પણ પાસેથી પસાર થતાં મારું જ પ્રતિબિમ્બ ઘરમાં કોઈ અજાણ્યું તો પ્રવેશી નથી ગયું ને એવી આશંકા ઊભી કરી દે છે. કોઈ વાર મારામાં જે ચાલી રહ્યું છે તેની સાથે મારા મુખને કશો સમ્બન્ધ હોય એવું લાગતું નથી. હું તો ચન્દ્રની જેમ એને ક્ષીણ થતું અનુભવું છું, પણ દર્પણમાં તો એ એવું ને એવું લાગે છે. જરાય વિકલાંગ લાગતું નથી, મુખ છે માટે એને સાચવવાની જવાબદારી છે. રિલ્કેએ કહ્યું છે : અરણ્યને ક્યાં મુખ છે? પર્વતો મુખ વિનાના અડગ ઊભા છે. સમુદ્રની મુદ્રા આપણે વશીભૂત થઈને બેઠા બેઠા જોઈએ છીએ, પણ એનું મુખ ક્યાં છે? એમાં જ ચહેરા વિનાનું આકાશ પ્રતિબિમ્બિત થતું નથી?

જગતને જોઈને જ્યારે હૃદયમાં સમાવી શકાતું નથી ત્યારે આંખો પર રોષે ભરાઈને એને ગળી જવાનું મન થાય છે. ઇન્દ્રિયોના પરિમાણને વિસ્તરવા

માટે ભૂતકાળના કોઈ ભવ્ય ખણ્ડેરની સમ્મુખ જઈને ઊભો રહું છું, આકાશને આત્મસાત્ કરવા મથ્યા કરું છું. કોઈ વાર કોઈકનો એકાદ શબ્દ સમાવવા જતાં બધું મને ખૂબ સાંકડું લાગે છે. પણ કશું વિક્ષુબ્ધ નથી હોતું ત્યારે ચેતના નીતરી બને છે. સાંજ વેળાએ કોઈ વાર એવી ક્ષણ ચઢે છે જ્યારે બધું અત્યન્ત શાન્ત બની જાય છે, સુગન્ધ સ્થિર થઈને સ્તમ્ભની હારની જેમ અવકાશમાં ખડી થઈ જાય છે. ચર્ચના ઘણ્ટનો રણકાર લીમડાઓમાં ઝિલાઈ જાય છે. એવી નિ:શબ્દતાની ક્ષણોમાં પૃથ્વીના ભ્રમણને કાન દઈને સાંભળી શકાય છે. એ ક્ષણને સાચવી રાખવાનો લોભ જ આ જાદુની અસરને ભૂંસી નાખે છે. પછી ઉચાટ કર્યા કરતું હૃદય અને ઝઘડ્યા કરતી આંખો વચ્ચે ફરીથી ફસાઈ જાઉં છું અને મારા બે લડી પડેલા હાથ વચ્ચે સુલેહ કરાવવા મથું છું.

૩૧-૬-૮૦

*

# અકારણ વિષાદ

વૈશાખની સાંજ ઢળે છે. જાણે જગત બે ભાગમાં વહેંચાઈ જાય છે. મારું પણ એક અડધિયું આ આથમતા સૂર્ય સાથે બીજા જગતમાં ચાલી જાય છે. આથી વેદના થાય

છે. પણ વર્ષાની સાંજે હોય છે એવી ભારે ભારે નહીં; અધી ભાર ઉતારી નાખ્યાથી થોડી હળવાશ અનુભવાય છે. કોઈ વાર સવારે બે અડધિયાં પૂરેપૂરાં સંધાતાં નથી.

વચ્ચે થોડો પોકળ અવકાશ રહી જાય છે. ત્યાં શૂન્યના બુદ્બુદ ઊઠે છે એથી ઈશ્વર ઉદ્ગાર કાઢી રહ્યો હોય એવી ભ્રાન્તિ થાય છે.

સમુદ્ર પાસેથી લગામ છોડાવીને પવનના અશ્વો દોડી નીકળ્યા છે, એમની ખરીમાંથી તણખા ઝરે છે. એમના વેગના આવર્ત ચારે બાજુ ઘુમરાય છે. આ આવર્તોની વચ્ચે બુદ્ધની સ્થિર પદ્માસનના મૂતિર્ જોઉં છું. એમની ચારે બાજુ શાન્તિ રણકી રહી છે, એમાં એવી ગહનતા છે જે આપણને એમનાથી દૂર રાખે છે. એ ગહનતા જ આપણી દૃષ્ટિ સમક્ષ નક્ષત્રને રૂપે રજૂ થાય છે.

દૃષ્ટિથી દૂર, કોઈ ઊંચા ખડકના પોલાણની વચ્ચે ખીલેલા ફૂલનું હાસ્ય કોને

માટે હોય છે? કોઈક વાર સાવ નિકટ બેઠેલી વ્યક્તિના મુખ પરના હાસ્યમાં એવી દૂરતા જોઈને હું છળી મરું છું; પણ ક્ષતિ વગર આપણે સુખદુ:ખ વચ્ચે હંમેશાં વિવેક કરી શકીએ છીએ ખરા?

ઘણી વાર એવો બાલિશ તરંગ સ્ફુરે છે કે આપણને આપણા પ્રિયજનથી છૂટા પાડનાર દૂરતાને સંકેલીને પાતળા ધાતુના તાર જેવી બનાવીને આંગળીએ વીંટીની જેમ પહેરી લીધી હોય તો? દૂરતાનો આપણને ભય એટલા માટે લાગે છે કે દૃષ્ટિસીમાની બહાર વિસ્તરેલા પ્રસારમાં એ આપણને કણકણ કરીને વિખેરી નાખે છે.

ઘણી વાર આપણે કહીએ છીએ કે અકારણ વિષાદ થાય છે. પણ મને લાગે છે કે જ્યારે કશાની બહાર આપણે રહીએ છીએ ત્યારે જ આપણને વિષાદ થાય છે. આપણા જમાનામાં આપણી આજુબાજુના પરિવેશમાં ‘આઉટસાઇડર’ની જેમ જીવીએ છીએ. મારી પાસે જે વૃક્ષ છે તે મારે મન એક પદાર્થ જ છે. એના થડમાં જીવનરસ થઈને આપણે વહી શકતા નથી, એની કૂંપળોમાં આપણે ઊઘડી શકતા નથી, એની શાખાઓમાં આપણે પ્રસરી શકતા નથી. કોઈ વાર સાંજે એકાકી ઘરમાં બેઠો હોઉં છું ત્યારે ઘરનો અસબાબ જાણે મારાથી મોઢું ફેરવીને બેઠો હોય એવું લાગે છે. કબાટનો કાચ નજરને વિરુદ્ધ દિશામાં વાળી લે છે, બારણાં અવળાં ખૂલે છે. ચોપડીઓ હોઠ બંધ કરીને મૂગી બેસી રહે છે. કેલેન્ડરનાં પાનાં ફરફરતાં નથી ત્યારે મારી આજુબાજુના જગતની બહાર રહી ગયાનું ભાન થાય છે. હૃદયનો ધબકારો જાણે કોઈ બારણું ઠોકીને અંદર આવવા મથતું હોય તેનો અવાજ ન હોય એવું લાગે છે. તાર પર બેઠેલું પંખી પાંખો ફફડાવીને ઊડે ત્યારે મારામાંથી પણ કશુંક પાંખ ફફડાવીને ઊડી જાય છે.

ધ્યાનથી કે યોગથી થતી અભેદાનુભૂતિ આવી જ હશે. ભિન્નતા જ ભેદાઈ

જાય, આપણે દ્રવી જઈને દ્રવ્ય માત્રમાં એકરૂપ થઈ જઈએ ત્યારે નામશેષ થયાનો જે અનુભવ થાય છે તે પણ શું એક આધ્યાત્મિક અનુભવ નથી?

મારા ઉપર આગળ પહેલાંના કેટલાય માર્ગ ભુંસાઈ ગયા હશે! કોઈ વાર એ બધા જૂના માર્ગો સજીવન થઈને આળસ મરડીને ફરીથી દોડવા લાગે તો? તો તો મારા ઘરને પણ ચાલી નીકળવાનું મન થાય. ઘર તો એક કૃત્રિમ સ્થગિતતા છે. આકાશની ને મારી વચ્ચે કોઈએ, રખે ને હું ભયભીત થઈ જાઉં એવી બીકથી મારી વચ્ચે, ધરી દીધેલી હથેળી છે.

1-6-75

*

# ગુલાબ : ત્રણ પંક્તિનું હાઈકુ

સવારે બારીમાંથી જોયું તો ત્રણ ગુલાબ ખીલી ઊઠ્યાં હતાં. જાણે ત્રણ પંક્તિનું હાઈકુ! એનું ખીલવું એ એક આશ્ચર્યકારક ઘટના છે. એ અકળ રીતે, કશી ઘોષણા કર્યા વગર ખીલે છે. એના ખીલવામાં સૂર્યોદયની રહસ્યમય નિસ્તબ્ધતા હોય છે. આંગળીનાં ટેરવાંનો ગોળાકાર એની પાંખડીમાં બરાબર ગોઠવાઈ જાય છે. હવામાં આછી સુવાસ લહેરાયા કરે છે.

દિવસો દ્વિધાગ્રસ્ત છે. ઋતુનો સંક્રાન્તિકાળ શરૂ થયો છે. 'કઠવું' ક્રિયાપદના અર્થ બરાબર સમજાય છે. રાતની ઊંઘ ફકીરની ગોદડી જેવી, સાંધાસાંધાવાળી થઈ ગઈ છે. બપોરે પોપચાં પર આછો ભાર વરતાય છે. આવા દિવસોમાં, સૂર્યનો પ્રકાશ ભોંઠો પડી ગયો હોય છે ત્યારે એની પડછે ગુલાબના નયન-મનોહર રંગનું પ્રકટવું સુખદ લાગે છે. તૃષાની ઉત્કટતાએ જ જાણે રતાશ પકડી છે, અથવા મર્મસ્થાનનો કશોક અજાણ્યો ઘા મહોરી ઊઠ્યો છે. પણ અત્યારે ગુલાબને મારે ગુલાબ તરીકે જ જોવું છે, કશાની અવેજીમાં જોવું નથી. મારું મન પદાર્થોને ઠેકી જવા માગતું નથી. પદાર્થનું વાસ્તવિક વજન અને એનાં પરિમાણ – આ બધું અનુભવવું છે. આથી કાંટાળો તાજ પહેરેલું ગુલાબ કે વધસ્થાન પરથી ફરીથી સજીવન થઈને ઊભેલા ઇસુ કે એવું તેવું મારે ડહોળવું નથી. ઘણી વાર મૂળ વસ્તુને પૂરી

જોઈએ, અનુભવીએ તે પહેલાં જ મન એને વિશે સમીકરણો ગોઠવવા બેસી જાય છે.

ગુલાબ આમ તો નર્યું નગ્ન લાગે છે ને છતાં એ કેવું મુલાયમ આચ્છાદન છે! એને કશું સંગોપવાની દાનત નથી ને છતાં આ પાંખડીઓ ક્યાંક કશુંક સંતાડી બેઠી છે એવું લાગ્યા કરે છે. સહેજ તડકો પડે છે ને એની કોમળ પાંખડીઓ એકાએક અગ્નિશિખા બની જાય છે. ઘડી પહેલાં તો એનામાં પ્રથમ પ્રેમના પ્રગટ થઈ જવાથી કિશોરીના કપોલ પર જે રતાશ છવાઈ જાય છે તે રતાશ હતી. હવે પવનમાં એની પાંખડીઓ ફરફરે છે. પ્રકૃતિના કારખાનામાં નિયત સમયે હાજર થઈ જનારા મજૂર જેવું આ ગુલાબ નથી. કાલે સવારે બીજું ગુલાબ હાજર થઈ જ જશે એવું ન કહેવાય.

ગુલાબ ઊગ્યું એટલે આટલા વાગ્યા જ હશે એવું કહી શકાશે નહિ. રતાશ ભેગી થોડી કાળાશ દેખાય છે. કદાચ રાત્રિના છેલ્લા પ્રહરના ચાલી જતા અન્ધકારની થોડી પગલીની છાપ રહી ગઈ હશે. કોઈ વાર ઘણી બધી આંગળીઓનાં ટેરવાં ભેગાં થયાં હોય એવું લાગે છે, તો કોઈ વાર રિલ્કેને દેખાયું હતું તેમ આંખોના બંધ પોપચા જેવું લાગે છે. કોઈ વાર કોઈના નાજુક નમણા કાન જેવું પણ લાગે છે. કોઈ વાર વાતાવરણમાં એકાએક પ્રગટી ઊઠેલા સૌન્દર્યના બુદ્‌બુદ જેવું પણ લાગે છે.

બાળપણમાં ગુલાબી પાંખડીઓના મહેલમાંથી નાની નાની, શિશુની જ આંખે ચઢે તેવી, પરીઓને ઊડી જતી જોઈ હતી. પાંખડી પર ઝિલાયેલા ઝાકળમાં સ્ફટિકનો નાનો શો મહેલ ત્યારે તો દેખાયો હતો. પણ આજેય ગુલાબ મારી ચારે બાજુની વાસ્તવિકતાને નવે રૂપે ગોઠવી નથી આપતું? એક પાંખડીને અડીને રહેલી બીજી પાંખડી કશા વજનનો દાબ પામતી નથી, ગાલને અડીને ગાલ રહ્યો હોય એવા સ્પર્શસુખની કલ્પનાને ઉત્તેજિત કરે છે. આથી જ તો

ગુલાબ સંયમ સામેના વિદ્રોહની ધજાના જેવું ફરક્યા કરતું દેખાય છે પણ બીજી જ ક્ષણે ગુલાબની આજુબાજુ રહેલી પ્રગાઢ શાન્તિ મનને ભરી દે છે. કદિક એવું લાગે છે કે કોઈકની ચંચળ આંગળીઓ કશુંક સંકેલે છે ને વળી ઉકેલી નાખે છે. કોઈક વાર એ અકાળે ભાગી ગયેલી નિદ્રાના ટુકડા જેવું દેખાય છે.

આમ હું બારી પાસે બેઠો બેઠો ગુલાબને જોતો જોતો આખું એક નવું જ વિશ્વ રચાતું અનુભવી રહ્યો છું, એમાં વિરોધ છે, ભ્રાન્તિ છે, સાદૃશ્ય છે ને સન્દિગ્ધતા પણ છે. આ બધાંનું મળીને જ સત્યનું પોત રચાય છે. ગુલાબ ખીલીને મારી આંખોને પણ જાણે ખીલવે છે. અવકાશમાં એ નવું સીમાચિહ્ન બની રહે છે. કશુંક બોલવાને ખૂલેલા હોઠ જેવી પાંખડીઓ જે બોલે છે તેનો અશ્રુત ધ્વનિ મારી આજુબાજુ લહેરાયા કરે છે. સાંજે એની પાંખડીઓ ખરી ગઈ હશે એ વિચારે અકાળે વૈરાગ્ય લાવવાની મારી ઇચ્છા નથી.

30-6-81

*

# આકસ્મિક વિલય

અકાળે પડેલા વરસાદનો ભેજ હજી પૂરેપૂરો શરીરમાંથી શોષાઈ ગયો નથી. રાતે એ દૈત્યનું રૂપ ધારણ કરીને છાતીને હચમચાવી નાખે છે. મારી ચેતના સાક્ષીભાવે એ જોયા કરે છે. સવારે બાકી રહી ગયેલી નિદ્રાનો ભાર આંખ પર વરતાય છે. હેમન્તના 'સુરખીભર્યા સૂર્ય'ને માણવાનું એકદમ સાહસ થઈ શકતું નથી.

રાત્રિવેળાના ઉત્પાતને કારણે મારામાં તો બધું વેરણછેરણ થઈને પડ્યું છે. સૂર્યની આંગળીનાં ટેરવાં થોડી ઉષ્મા આપે છે તે માણવાનો ઉત્સાહ માંડ એકઠો કરું છું. રોજનો પરિચિત પરિવેશ એકદમ ઓળખી લઈ શકાતો નથી. પાસેના આંબા પરનો સવારનો તડકો આજે કંઈક જુદો લાગે છે. ભાદરવા આસોમાં વાચાળ બની ગયેલું પારિજાત હવે મીંઢું થઈ ગયું છે. મારી આજુબાજુ બધું જે સ્થાને હતું તે સ્થાને જ છે, છતાં જાણે એમની વચ્ચેના સમ્બન્ધનો નક્શો બદલાઈ ગયેલો લાગે છે. વૃક્ષો જે ટટાર ઊભાં હતાં તે આંક ન આવડતાં અંગૂઠા પકડાવીને ઊભા રાખેલા નિશાળિયાની જેમ વાંકા વળી ગયાં છે. એ વૃક્ષો કરતાં સવારના તડકામાં એમના પડછાયા વધુ ટટાર લાગે છે. વાડામાંના ટાંકાનું પાણી છાનુંછાનું કંઈક બબડે છે તે મારા ઓરડામાં બેઠોબેઠો સાંભળું છું. નળમાંથી ટપકતી જળધારાનો લય કંઈક વિલમ્બિત

બન્યો છે. પવન કરોળિયાના જાળામાં ભરાઈને એને ઝુલાવવાની રમતમાં પડ્યો છે.

થોડાંક પંખીઓ મારી આજુબાજુ ચંચળતાને વિસ્તારે છે. હું અત્યારે ઊંડે ઊંડે થોડી શાન્તિ ધીમે ધીમે ઝમ્યા કરે એવું ઇચ્છું છું. અનિદ્રાના સળગતા છેડાથી થોડા જ્ઞાનતન્તુઓ દાઝી ગયા છે. આથી પવન ઉધમાત મચાવે કે વૃક્ષો પાંદડાંને આંચકા સાથે એકાએક હલાવી મૂકે તે મારાથી સહ્યું જતું નથી. શબ્દ થોડી ધીમી ગતિએ વાતાવરણમાં વહે તેમ ઇચ્છું છું. મારી પોતાની જ ત્વચાના બન્ધ થોડાક શિથિલ થાય તો સારું એવું લાગે છે.

કોઈક વાર ઘણાં વર્ષોથી જેમનાથી છૂટો પડી ગયો છું એવા શબ્દો મારી પાસે આવી ચઢે છે. એમના આવવાની સાથે એ બધા જે જગતમાંથી ઉદ્ભવ્યા હતા તે જગત એનાં રૂપ, રસ, ગન્ધથી સજીવન થઈને મને વિહ્વળ કરી મૂકે છે. એ શબ્દો મને અત્યારે ઘેરી વળેલા શબ્દોથી થોડા અતડા રહે છે. એ બન્નેને ભેગા કરવાનું કશુંક મારી પાસે છે કે નહિ તે હું શોધું છું.

કોઈક વાર એક વિચિત્ર અનુભૂતિ મને થાય છે : હું જાણે ફરીથી કશાકની અંદર ઊંડે ઊંડે સમાઈ ગયો છું. ત્યાં રહ્યા રહ્યા દૂરથી આછી આછી આવતી આ પરિચિત જગતની ગન્ધ પરથી એના અસ્તિત્વનો અણસાર વરતી શકું છું. આ અન્તર સમયના માપથી તાગી શકાય એવું નથી. આ ઊંડાણમાંથી સપાટી પર આવીને એ પરિચિત જગત સુધી પાછા જવાની કેડી શોધવાનું મન થાય છે, છતાં એ માટે સાવ નિરુદ્યમી બનીને પડ્યો રહું છું.

આવા આકસ્મિક વિલયમાંથી કેટલીક સામાન્ય, તુચ્છ વસ્તુઓ ઘણી વાર આપણને ઉગારી લેતી હોય છે! કોઈક કવિતાની પંક્તિ વાંચતાં એકાએક લાગણીની મોટી છોળ આવે છે ને હું અજાણ્યા ઊંડાણમાં સરી પડું છું. એનો આનન્દ નથી થતો એવું નથી, પણ એ આનન્દને ભયનો પાસ બેઠેલો હોય છે.

એમાંથી ઊગરી જવા માટે આધાર શોધું છું અને તરત જ પાસે કોઈ કપડાં ધોઈ રહ્યું છે તેનો અવાજ આવે છે, આંગણામાં સ્કૂટર આવીને ઊભું રહે છે, બાજુના ઘરમાંથી કૂકરની સીટી સંભળાય છે. એ બધું ઝાલીને એને ટેકે હું ફરી પાછો રોજ-બ-રોજની પરિચિતતામાં સલામતીપૂર્વક પાછો વળું છું.

આ વખતે કેટલાંય પંખી જાણે છેલ્લે મળ્યા વગર જ વદાય લઈ ગયાં. દૈયડને છેલ્લે ઝાઝું જોયું નથી. એનો ટહુકો હવે સંભળાતો બંધ થઈ ગયો છે. પાકાં પપૈયા હતાં ત્યાં સુધી કોયલને જોતો હતો, હવે તો એ પણ અદશ્ય થઈ ગઈ છે. બે હોલા પાસેના આસોપાલવ પર હતા. પણ આજકાલ એમનું ઘૂઘવવું કાને પડતું નથી. દરજીડો એક વાર કાચની બંધ બારીમાંથી બહાર જવાના પ્રયત્ન કરતો દેખાયો હતો. ત્યાર પછી એ બહુ નજીક આવતો નથી. સામેના લીમડા પરના ગીધની પાંખોનો ફફડાટ હજી સંભળાયા કરે છે.

ફિક્કા પીળા રંગના સેવંતીના ફૂલ પર આથમતા સૂર્યનો તડકો છવાય છે તે જોઈ રહું છું. ગુલાબ તો જાણે ઠંડીમાં ઠીંગરાઈ ગયાં છે. સવારે હજી તો હમણાં જ ઉચ્ચારેલા શબ્દો એકબીજા સાથે દબાઈને હવામાં ઊભા રહી જાય છે. સવારનો સૂર્ય જરા કંજૂસ લાગે છે. બે તોતંગિ લીમડાઓ એને ઝાઝો પામવા દેતા નથી. એમ છતાં અણધારેલી જગ્યાએ એને છાનોછાનો સરકીને આવેલો જોતાં અચરજ થાય છે. સવારના તડકામાં બાગમાં ટહેલતા ભારદ્વાજની કથ્થઈ પાંખો ચળકી ઊઠે છે. બપોર વેળાએ જીભ પર જમરૂખની રવરવતી મીઠાશને સાચવીને થોડીક વાર સુખદ તન્દ્રામાં સરી પડવાનું ગમે છે.

બપોરે સોપો પડી જાય છે. શબ્દોનાં ટોળાં ક્યાંક પાછાં વળીને અદશ્ય થઈ જાય છે. પડોશના ઘરનું રેફ્રિજરેટર અર્ધું ઊંઘમાં ગણગણે છે તે સંભળાય છે. એક બારીએથી બીજી બારીએ જતી હવાનો અણસાર પણ વરતાય છે.

બપોરની નિદ્રાના જર્જરિત પોતમાં છિદ્રો પાડીને પડછાયાઓના ખસવાનો અવાજ પ્રવેશે છે. નિદ્રાના નેપથ્યમાં આ જુદા જુદા અવાજોનો મળવાનો લય ઝંકૃત થવા લાગે છે. એમાંથી જલદી બહાર નીકળી જવાનું મન થતું નથી.

અડિયલ પીપળો છેક ઉપલી અગાસીની નીચેથી ફૂટી નીકળ્યો છે. એક વાર તો ઉખેડી નાખ્યો, છતાં ફરી કૂંપળો ફૂટી છે. સિમેન્ટમાં એ મૂળ શી હઠીલાઈથી નાખે છે તે મારે માટે અચરજની વસ્તુ છે. બપોર થતાં સામેના ઘરની દીવાલ પરના તડકાનું પોત ઘટ્ટ બને છે. જીવનભર પાંગરી રહેલી વિષાદની વેલ ઊંચે વધવા લાગે છે ને બધું છાઈ દે છે. એના પર કેવાં ફૂલ ફૂટશે એનું મને સદા કુતૂહલ રહ્યું છે.

સાંજે સમય છલકાય છે અને એનાં ફીણ વળે છે. દિવસ ઓસરતો હોય છે તે વેળાએ જાણે એક છેલ્લો જુવાળ આવે છે. ચેતનાની છાલકો વાગે છે. ત્યારે આ કે તેમાં મન પરોવાતું નથી; એ બધે એકસરખું વિહરવા માંડે છે. આથી સાંજે મને એકાન્ત ગમે છે. પાકી બની ગયેલી પાળ થોડી થોડી આ છાલકથી ભાંગે છે તે મને ગમે છે. સીમાઓની રખેવાળી એ મારો પ્રિય વ્યવસાય નથી. આવી ક્ષણોમાં થોડી કાવ્યપંક્તિઓ સૌથી મોટો વૈભવ બની રહે છે.

સાંજવેળા તો એક વેળા ધની ગાયને દોહવાનું મુહૂર્ત હતું. તામડીમાં પડતી દૂધની સેરનો અવાજ બાળપણમાં સાંભળેલો તે હજી કાનમાં રણકે છે. ફીણવાળું ધારોષ્ણ દૂધ ગટગટાવવાનો આનન્દ હજી સ્મરણમાં છે. સાંજ પડે એટલે ત્યારે તો અનધ્યાયનો ગાળો શરૂ થઈ જતો. રાતે દાદાના રેંટિયાનું ગુંજન સાંભળતાં સાંભળતાં નિદ્રામાં સરી પડવાનું સુખ અદ્‌ભુત હતું. ત્યારે અદ્‌ભુતનું જ જીવનમાં પ્રાચુર્ય હતું. પછી તો માત્ર ‘અદ્‌ભુત’ શબ્દ જ હાથમાં રહી ગયો, અદ્‌ભુત પોતે તો હાથમાંથી સરી ગયું.

સાંજની આ ક્ષણ વીતી ગયા પછી હું મારી જાતને બાહ્ય જગતમાંથી પાછી

ખેંચી લઉં છું. બારીના કાચમાંથી દેખાતું આકાશ, તારા અને ચન્દ્ર – આટલા પૂરતો જ મારો બહાર સાથેનો સમ્બન્ધ રહે છે. પછીનો સમય સંગીતને અથવા તો ડિટેક્ટીવ નોવેલને શરણે જવાનો છે. આ દરમિયાન દુ:સ્વપ્નોનું ટોળું મારા પર આક્રમણ કરવાની પેરવીમાં હોય છે. પણ અવિક્ષુબ્ધતાનું રક્ષાકવચ ભેદીને એ હવે મારી નજીક આવી શકતું નથી.

આ દરમિયાન સંસાર તો ચાલ્યા જ કરે છે. વધુ ને વધુ ખણ્ડિત થતો જતો રૂપિયો, મોંઘવારીનો વધતો જતો દર, લોકશાહીની સામે ઊભો થતો ભય – છાપાં કાંઈ કેટલી ફરિયાદો લાવે છે, થોડેક જ દૂર આમલીના ઝાડ નીચે, ખુલ્લામાં, મજૂરી શોધવા આવેલા આદિવાસીઓ કરાંઠીનું તાપણું કરીને શિયાળાની હાડ ધ્રુજાવનારી રાતે પડ્યા રહે છે. બાળકોનાં શરીર પર તો પૂરતાં વસ્ત્ર પણ નથી. આમ છતાં જે દિવસે ચૂલો સળગી શકે છે તે દિવસે એ સળગેલા ચૂલાની રતુમડી આભામાં આદિવાસી નારીનું હાસ્યોજ્જ્વળ મુખ દીપી ઊઠતું જોઈને મને ધરપત રહે છે.

જે ઓરડામાં બેસીને લખું છું વાંચું છું તેના એકાન્તમાં કબાટમાંના દર્પણમાં પડતું મારું પ્રતિબિમ્બ જ મારું સાથી છે, એ વગર બોલ્યે મારી નિગરાની કર્યે જાય છે અને ભલે મને એનાં ટીકાટિપ્પણ સ્પષ્ટ સંભળાતાં નહીં હોય, પણ એ થતાં રહે છે એવું મને ઊંડે ઊંડે લાગ્યા કરે છે. ઘણી વાર એની દખલગીરી મને વિક્ષેપકર લાગે છે. આ દરમિયાન બધા અવાજો ચોરપગલે બહાર ભાગી જાય છે. અક્ષર જ્યારે પ્રગટ થાય છે ત્યારે હંમેશાં એની મુખમુદ્રા શાન્તિનો જ ભાવ દર્શાવતી હોય એવું કાંઈ બનતું નથી. ઘણા શબ્દો તો એવા ધગધગતા હોય છે કે એનાથી દાઝીને એને જલદી જલદી બહાર ફગાવી દીધા હોય છે. ભાવ આરામથી પોઢે એવી શબ્દશય્યા હંમેશાં રચી શકાતી નથી.

ઘણા વખતથી હાથમાં નહિ લીધેલાં પુસ્તકોનાં પાનાં પરનો એકે એક અક્ષર ડોળા કાઢીને ઘૂરકિયાં કરતો જાણે મારી સામે જોઈ રહ્યો છે. મનને અનધ્યાયનો નશો ચઢે તે ઠીક નથી એ હું જાણું છું પણ મને સમયના તકાજા નીચે કામ કરવાની કટેવ છે. આથી એ છેલ્લી ક્ષણ ન આવે ત્યાં સુધી મારું મન આસાયેશનું ઓશીકું બનાવીને પડ્યું રહે છે. પછી સફાળા જાગીને કામ હાથ ધરવું પડે છે.

આમ દિવસો વીતે છે. ઘણી વાર એવું સુખનું પર્વ આવે છે કે કશું ઊગ્યા આથમ્યાની ખબર જ પડતી નથી. કોઈ વાર દિવસની સૌથી મોટી પ્રાપ્તિ ગુલાબને બેસેલી ત્રણ નવી કળી જ હોય છે. સમયને બાદશાહની જેમ કિનખાબના ગાલીચા પેઠે પાથરીને આરામ કરું છું. હવે વારે વારે કેલેન્ડર તરફ જોવાના દિવસો ગયા. 'તારીખ સાચવવી પડે' એવું ઝાઝું કરવાનું મને પસંદ નથી. છતાં સાવ નિરુદ્યમી તો હું નથી જ. નિરુદ્યમથી ભડકીને દીવાલ પર ચાલતી કીડીની સંખ્યા ગણવાય બેસી જતો નથી.

26-11-81

*

# અનાહૂત અતિથિઓ

મારા વાડામાં અનાહૂત અતિથિઓ ભેગાં થયાં છે : કોયલ, કાગડો, બુલબુલ અને ખિસકોલી. પપૈયા પરથી એક પાકેલું પપૈયું પાડ્યું છે, ભોજન સમારમ્ભ ચાલી રહ્યો છે. પણ એ ભોજન સમારમ્ભ શાન્તિપૂર્વક ચાલતો નથી. કોણ વધારે પામે એની સ્પર્ધા ચાલી રહી છે. કોયલનો એ ટહુકો હવે રહ્યો નથી. એ કંઈ કર્કશ લાગે એવા અવાજે જાણે ચીસાચીસ કરતી હતી. ખિસકોલી એકાદ બટકું ભરીને દૂર સરી જઈને ખાતી હતી. કાગડાનો લોભ સૌથી વિશેષ હતો.

આ બધું હું દૂરથી જોયા કરતો હતો. જો મારી ઉપસ્થિતિની એમને જાણ થાય તો એઓ બધાં જ મને સાશંક નજરે જોવા માંડે. હું જાણું છું કે એમને માનવીનો અનુભવ સારો થયો નથી. આથી જ તો હું છુપાઈને એમની પ્રવૃત્તિ આનન્દપૂર્વક જોયા કરતો હતો. કેટલી સ્પર્ધાનો એમને સામનો કરવો પડે છે! વાંદરો અને બુલબુલ તો વધારે પ્રગલ્ભ બનીને ઘરમાં પ્રવેશીને કેળાં લઈ જાય છે. મારે એમની સામે કશી ફરિયાદ નથી. હું તો એ પણ કેવળ કુતૂહલથી જોઈ રહું છું.

આમ છતાં આ જોતી વેળાએ મને એક વિલક્ષણ પ્રકારનું એકાકીપણું પીડી રહ્યું હોય છે. આ બધાં જોડે કશો સંવાદ માંડી શકાતો નથી. એમના સન્દર્ભની

બહાર રહીને જ એમને જોવાનાં રહે છે. વનસ્પતિનું પણ એવું જ છે. એને સૂર્યપ્રકાશથી, પાણીથી અને પવનથી આનન્દ થાય છે. હું ગુલાબ પાસે જઈને ઊભો રહું છું તેથી ગુલાબ ખીલી ઊઠતું નથી. એના ખીલવાનું શ્રેય મારે લેવું નથી, પણ મારા વડે આનન્દનો એક વધુ સ્પન્દ વાતાવરણમાં ઉમેરાય એવું બનતું હોય તો મને કૃતાર્થતાનો અનુભવ તો જરૂર થાય.

પાસેની બદામડીનાં પાંદડાંનો લાલ રંગ સૂર્યના તડકામાં ચમકી ઊઠે છે તે જોવું ગમે છે. પાસેના જ ઘરનો એક કૂકડો આખી રાત થોડે થોડે સમયે આજુબાજુના બીજા કૂકડાઓ જોડે જે સંવાદ ચલાવે છે તે પણ હું સાંભળ્યા કરું છું. એમના સંવાદનો તાર સંધાય છે એનો મને આનન્દ છે. એ કૂકડાને જોવાનું કુતૂહલ છે, પણ હજી આજ સુધી એનાં દર્શન થયાં નથી. આથી એને વિશે તરેહ તરેહની કલ્પનાઓ હું કર્યા કરું છું.

હૃદયના દ્રુતિગુણનું મારે મન ઘણું મહત્ત્વ છે; આપણે બીજા સુધી દ્રવી જઈએ, વહી જઈએ, એને રસબસ કરીને આપણી સાથે એકાકાર કરી દઈએ એ જ વાસ્તવમાં આપણો મૂળ સ્વભાવ છે. આથી પોતાનો મહિમા સ્થાપવાની વાત મને બેહૂદી અને જુગુપ્સાજનક લાગે છે. મને લાગે છે કે જેમ જેમ આપણે સર્જનપ્રવૃત્તિમાં વધારે ઓતપ્રોત થતા જઈએ તેમ તેમ પોતાને માટેના મમત્વનું બન્ધન વધુ ને વધુ છૂટતું જાય. આથી હું એવી સ્થિતિની કલ્પના કરું છું જેમાં કર્યાનો આનન્દ 'આ મેં કર્યું' એવા અભિમાનના પર આધાર રાખતો નહિ હોય.

પ્રમાદ ધીમે ધીમે જડતા અને નિષ્પ્રાણતા તરફ લઈ જાય. અતિ માત્રાનો અહંકાર પણ વિલક્ષણ પ્રકારની જડતામાં જ પરિણમે, વિષાદથી હું ડરતો નથી, એ ચેતનાની વાટને સંકોર્યા કરે છે. પણ અહંકાર મને મારામાં પૂરી રાખે છે. હૃદય દ્રવી જવાનું ભૂલી જાય છે, પછી એ શિલા જેવું થઈ જાય છે.

પછી અવકાશ સંકોચાતો જાય છે, સમ્બન્ધને વિસ્તરવાની મોકળાશ રહેતી નથી. પણ ચેતનાનો સાચો સ્વભાવ તો નિહારિકાની જેમ જ વ્યાપી જવાનો છે. હું અહીં બેઠો બેઠો આફ્રિકાના આદિવાસીનું ગીત સાંભળું છું. તરત જ ભૌગોલિક, સાંસ્કૃતિક બધા જ સીમાડા ઉલ્લંઘીને હું જુદા જ પ્રદેશમાં, જુદી જ આબોહવામાં જઈ ચઢું છું. એ વ્યાપ્તિ પછી પાછો મારામાં ફરું છું ત્યારે મારું આકાશ થોડું વિસ્તર્યું હોય છે.

હમણાં ઘરમાં મારી ચારે બાજુ ફૂલો છે. ગ્રીષ્મના ફૂલની સુગન્ધ એમનામાં નથી. ગુલાબની ક્ષીણ સુગન્ધ આછી આછી લહેરાયા કરે છે ખરી. ચારે બાજુ રંગોની એક નવી જ લિપિ અંકાઈ ગઈ છે. એમની વચ્ચે હોઉં છું ત્યારે મને મારાપણું એટલું બધું કઠતું નથી. પણ પ્રકૃતિ સાથે તદ્રૂપતા અનુભવવાનું સહેલું છે. પ્રકૃતિ કશો પ્રતિવાદ નથી કરતી. ફૂલની મુખમુદ્રા કેવળ ખીલી ઊઠ્યાનો વિસ્મયમિશ્રિત આનન્દ જ પ્રગટ કરે છે, કશી શંકા કે પ્રશ્ન નહીં. પણ માનવીઓ સાથેની વાત જુદી છે. શબ્દમાત્રમાં સન્દિગ્ધતા રહેલી છે. સ્તુતિને મિષે નિન્દા પણ થતી હોય. એ અભિમાન ટકરાતાં હોય એમ પણ બને. આથી માનવીય સમ્બન્ધ પજવીપજવીને આપણને વિરતિ અને વૈરાગ્ય સુધી લઈ જાય એવો અટપટો હોય છે. છતાં માનવીને ચાહ્યા વિના જીવી શકાતું નથી.

ભગવાન જગન્નાથ છે, ચૌદ લોકોનો નાથ છે. હું અહીં આ નાના શા ઓરડામાં બેઠો છું, પણ મારી આજુબાજુ જુદી જુદી વાસ્તવિકતાનાં કેટલાં જગત મને વીંટળાઈ વળીને રહ્યાં છે! દર ક્ષણે પ્રકાશછાયાની નવી નવી માયા રચાય છે. પવન મારા શરીરને સ્પર્શીને એનો અનેક રૂપે પરિચય કરાવે છે. ખૂણામાં પડછાયાઓની સંતલસ ચાલી રહી છે. દર્પણ એકની એક રકમ માંડ્યા કરે છે. આમ તો હું ઓરડામાં એકલો બેઠો છું પણ મારામાં કોઈક વાર જુદા જુદા પચાસ જણ એકી સાથે જુદે જુદે અવાજે નથી બોલી ઊઠતા!

આ છાપું વાંચતો બેઠો છે તે જુદો, આ સવારનો તડકો ઝીલતો બેઠો છે તે જુદો, બારીની બહાર અન્યમનસ્ક બનીને જોઈ રહ્યો છે તે જુદો, સંગીતની સૂરાવલિમાં ઓગળી જનાર તે વળી જુદો – આમ હું મારી બહુલતામાં જ કોઈક વાર ભૂલો પડી જાઉં છું.

મારી આજુબાજુ ઇતિહાસનાં અરણ્યો વધતાં જાય છે, મહાનગરો વિસ્તરતાં જાય છે. કારખાનાના ધુમાડા કુણ્ડલાકાર બનીને મને ઘેરી વળે છે. એક બાજુ કોટકિલ્લા છે તો બીજી બાજુ રણ અને મેદાન છે. ઘણું ભાંગે છે અને ઘણું ચણાતું આવે છે. ચક્રવર્તી રાજાના વિજયધ્વજનું થીંગડું મારીને ફાટેલી ગોદડી પર ભિખારણ સૂતી છે. રગતપિતિયો સૂરજને ગાળ દેતો મરી ગયેલા ફુવારાની છાયામાં બેઠો છે. કેટલાક યુગોનાં ડહાપણને ખોળે હું બેઠો છું. મારી દસ બાય બારની ઓરડીમાં હું આ બધા વિસ્તારને ઠાંસી ઠાંસીને ભરું છું. પછી એ બધું જ મને હડસેલીને બહાર કાઢી મૂકે છે.

કોઈ વાર વિશાળ જગત એક ભવ્ય મન્દિર બની જાય છે ને મારું હૃદય ડોલતા ઘણ્ટની જેમ એમાં રણક્યા કરે છે. કોઈ વાર સમુદ્રનાં ઊછળતાં મોજાંનાં ફીણ સાથે ફીણ બનીને ભળી જાઉં છું; તો કોઈક વાર ગોકળગાયની જેમ મારી અનુપસ્થિતિની રૂપેરી રેખાને આંકતો હું ધીમે ધીમે અગોચરતાની દિશામાં આગળ વધ્યે જાઉં છું. કોઈ વાર ચારે બાજુ છવાયે જતી નિ:સ્તબ્ધતામાં પવનના વધતા જતા આસુરી કદને જોઈને હું ધ્રૂજ્યા કરું છું. કોઈ વાર પાછો ફરીને જોઉં છું તો મારું ઘર જ ક્યાંક હિજરત કરીને ચાલ્યું ગયું હોય છે. એથી જ તો આ સૃષ્ટિમાં નરી નિશ્ચિતતાને ખૂંટે બંધાઈને જીવ્યે જવાનું સુખ મેં સ્વેચ્છાએ ક્યારનું જતું કર્યું છે.

આ જગતના સરવાળામાંનો ખોવાયેલો આંકડો તે હું જ છું એવા કશા ખ્યાલથી હું અહીં આવ્યો નથી. કોઈક જમાનાએ હાથમાં મશાલ આપી

છે તો તે ઝાલીનેય ચાલ્યો છું તો કોઈક વાર ખણ્ડેરમાં વસતા નાગનો ચોકીપહેરો પણ ભર્યો છે. કન્દમૂળ અને ફળ ખાઈને સાત્ત્વિકતાનેય ઉછેરી છે તો આંધળી મહત્ત્વાકાંક્ષાની ચાબૂક વીંઝાતા સમયના વેરાન પટ પર દોટ પણ મૂકી છે. ફિલસૂફોએ સૂઝાડેલી, મારામાં ખોવાયેલા મને શોધવાની, રમત પણ રમી જોઈ છે. હંસિક પશુઓ સાથે પ્રેમથી રહ્યો છું ને મનુષ્યો વચ્ચેથી ઘવાઈને ભાગ્યો છું. કેટલા જન્મ થયા ને કેટલા બાકી તેનો હિસાબ ગણવાનું મેં ક્યારનુંય છોડી દીધું છે.

ક્ષણક્ષણનાં ખિસ્સાં તપાસીને મેં જડતી લીધી છે. હું મારા અસ્તિત્વની સરહદ પર ઊભો ઊભો સરહદ ઓળંગનાર બધાંની જ જડતી લીધે રાખું છું. કોઈક વાર અરણ્યની શાખાઓ વચ્ચેથી દોડી જતા વરસાદને કેદ પકડવા દોડું છું, તો કોઈક વાર દોડી જતી નદીના જળને ગિરફતાર કરવાનો આદેશ દઉં છું. પણ જળ હઠીલું છે, એ કદિ ગાંઠતું નથી. નથી એ આંખમાં રોક્યું રોકાતું. નથી એ વાણીની પાળમાં બંધાતું. હું ચોરની જેમ છૂપો છૂપો એકાન્તમાં બે અક્ષર પાડું છું. દર્પણમાંનાં ચાડી ખાતાં પ્રતિબિમ્બોને ભૂંસતો હું દોડ્યા કરું છું. જે નથી તેની શોધ કરું છું. ખેદાનમેદાન થઈ ગયેલી ભાષાની ભૂમિ પર નવું વાવેતર કરવાનાં સ્વપ્નાં સેવું છું.

મારા આયુષ્યને જ કોઈએ, મને જાણ કર્યા વગર, ગિરવે મૂકી દીધું છે. હવે હું માત્ર કશાકની અવેજીમાં જ ટકી રહ્યો છું. સ્વપ્નોનાં ચીંથરાં સાંધીસૂંધીને મારી નગ્નતાને ઢાંકવા મથી રહ્યો છું. કોઈ મારી આગળ સૂર્યના હસ્તાક્ષરવાળો સમુદ્રનો ખરીતો ધરી દે છે, પણ હું ઝટ દઈને એના પર મારા અંગૂઠાની છાપ મારી દેતો નથી. પવને રેતીમાં લખેલા આલેખ ઉકેલવાથી કશું રહસ્ય હાથ આવી જશે, ક્ષણિકતાનો મર્મ સમજાઈ જશે, એવી ભ્રમણા મને નથી. મેં આંખના પલકારાનો સરવાળો કરીને નશ્વરતા સામે કશું આશ્વાસન ઊભું

કરવાનોય પ્રયત્ન કર્યો નથી. બધાં નામ એક બારાખડીને વાપરે છે જાણીને મેં નામ નામ વચ્ચે ભેદ નથી કર્યો.

ભવિષ્યમાં કોઈક અજાણી આંખો મને સ્વપ્ન ગણીને સંતાડી રાખશે કે કોઈ યુદ્ધમાં વધુ સારું મૃત્યુ પામવાને મને કોઈ લલચાવશે તો એટલા માત્રથી હું આ મળેલી જિન્દગીને ન્યોચ્છાવર કરી દેવાનો નથી. શિરાઓ અને સ્નાયુઓના માળામાં બેઠેલું મારું પંખી હજી તો સલામત છે.

14-10-81

*

# પામ્યાનું પૂર્ણવિરામ

જેની રાહ જોતો હતો તેવાં ચાર પુસ્તકો અણધાર્યાં જ આવી ચઢ્યાં એ મારે માટે તો મોટો ઉત્સવ. હવે એમાં નિરાંતે અવગાહન કરીશ. મહામૂલાં વિચારરત્ન હાથ આવશે જ એ વિશે શંકા નથી. ક્યારેક મનમાં એવો ભય રહેતો કે ભવિષ્યમાં કદાચ વાચનલેખનની પ્રવૃત્તિ જ મિથ્યા લાગવા માંડશે. હવે એવો ભય સાવ નિર્મૂળ થઈ ગયો છે. ચિન્તકો અને સર્જકોના સમ્પર્કમાં નથી રહેવાતું તો જાણે અન્ધાપો આવ્યો હોય એવું લાગે છે. કોઈ કવિની એકાદ પંક્તિ ચિત્તની આજુબાજુ વિશાળ અવકાશ રચી દઈને મોટું વિહારક્ષેત્ર ખડું કરી દે છે. કોઈક ચિન્તકનો વિચાર નિઃસ્પન્દ થઈ ગયેલી ચેતનામાં નવાં આન્દોલનો જગાડે, કોઈ વાર બધું ગોઠવી રાખેલું વિખરાઈ જતું લાગે, કોઈ વાર એકાએક નવું ભયાવહ ઊંડાણ દેખાય – પણ મન નવા વિસ્મયને માટે ઉત્સુક થઈ ઊઠે. આથી પુસ્તકોનું આગમન મારે માટે પરમ આનન્દનો વિષય છે. એથી નિરાંતે કવિઓ અને મનીષીઓ સાથે વિહરવાનો સુયોગ પ્રાપ્ત થાય છે. કેટલીક વાર કવિતાની એકાદ પંક્તિ ઘણા બધા દિવસ સુધી મનમાં વિસ્તરતી રહે છે. આથી અતિ પરિચિત જગતને નવી જ દૃષ્ટિએ જોતા થઈ જવાય છે.

કોઈ દિવસે સૂર્ય ઊગ્યો હોય છે ત્યારથી જ થાકેલો લાગે છે, પછી દિવસ

જાણે લંગડાતો આગળ વધે છે. સવારનું ઝાકળ ક્યાંય સુધી ઘાસ પરથી સુકાતું નથી. સાંજ ઢળે ત્યાં સુધીનો માર્ગ સૂર્ય શી રીતે કાપશે એવી મનને અધીરાઈ થવા લાગે છે. ક્યારેક એકાએક થોડાં વાદળ ખસી જતાં તડકો સામેના ઘરનાં નળિયાં પર કૂદકો મારીને બેસી જતો દેખાય છે. કોઈ વાર પવન આવી ચઢીને આંબા પરનાં બધાં જળબિન્દુને ખંખેરી નાખે છે. મારા મનમાં પણ વિષાદ અને આનન્દની ગંગાજમની ભાતવાળું પોત વણાતું આવે છે. કોઈ વાર અકારણ વિષાદના ભારથી હૃદય રાંકડું બને છે ત્યારે એવી દશામાં રિલ્કેએ લખેલી કવિતાને સંભારીને હું મારા મનને સમજાવવાનો પ્રયત્ન કરું છું. આપણા વિષાદને અહીં કોણ સાંભળવાનું હતું? અને આખરે વિષાદ શેનો? મરણનો? જે પામવા ઇચ્છેલું તેને નહિ પામી શક્યા તેનો? પણ ઘણી વાર પામેલું હાથમાંથી સરી પડે છે તેનીય ખબર પડતી નથી, પામ્યા હોઈએ છીએ તે જોતજોતાંમાં ભુલાઈ જાય છે. મને લાગે છે કે કશુંક પામ્યાનું પૂર્ણવિરામ ઝટ દઈને મૂકી શકાતું નથી. પૂર્ણવિરામ પછી તો રહે છે નર્યું શૂન્ય, એને તો જિરવવાની તાકાત જ ક્યાં છે? ઘણાને ઈશ્વર હાથવગો હોય છે, એઓ ઝટઝટ શૂન્યને ઈશ્વરથી ભરી દે છે. પણ નિમિત્તમાત્ર બનીને જીવવું છતાં જીવ્યાનો આનન્દ માણવો એ કળા સહજસાધ્ય નથી. જે પામીએ છીએ તે આનન્દ જ છે, દુ:ખ ક્યાંય છે જ નહિ એવી ભ્રાન્તિને આશાવાદનું સોહામણું નામ આપીને સ્વીકારવાનું પણ શક્ય નથી.

14-9-81

*

# જીવનનો સાચો લય

રિલ્કેએ એક કાવ્યમાં પૂછેલો પ્રશ્ન યાદ આવે છે : શું ઇચ્છનીય – સરોવર કે સમુદ્ર? લોભી તો એમ જ કહેશે કે જુદી જુદી પરિસ્થિતિમાં આપણે માટે બંને સ્પૃહણીય બની રહે. પણ આપણું જીવન જ વિકલ્પોનું બનેલું હોય છે. વૃક્ષોથી ઘેરાયેલું સરોવર જાણે પોતે પોતાનામાં જ અવગાહન કરીને સ્વરૂપનું ધ્યાન ધરતું હોય છે. સમુદ્ર તો ઊંચે ઊછળીને પોતાની બહાર કૂદી જવા ઇચ્છે છે; દૂરતા આખી તરંગિત થઈ ઊઠે છે; ફીણ ચળકે છે – જાણે કેટલાય યોદ્ધાઓની તલવાર ચમકી રહી ન હોય! પણ સરોવરમાં તો મગતરાં ઊડાઊડ કરે છે તેની જ માત્ર ચંચળતા છે. એ ઊડાઊડને પણ સરોવર નિષ્પલક નેત્રે જોઈ રહે છે. કશાથી સરોવર વિક્ષુબ્ધ થતું નથી. કાંઠેથી ચાલ્યા જતા લોકો, બાજુમાં જ ઝળુમ્બી રહેલાં વૃક્ષો સંચારી ભાવની જેમ સરોવરના ચિત્રમાં આવે છે ને જાય છે.

સરોવર એ કશાની સ્મૃતિને જાળવી રાખતું નથી. આ બે જુદાં જુદાં વિશ્વો છે, પણ માનવીને તો એ બન્ને અનુભવવાનાં રહે છે. મારા ઓરડામાં બેઠો હોઉં છું, મારું મન તરંગોથી ઉદ્વેલિત થઈ ઊઠ્યું હોય છે, પણ ઓરડામાં બધું સ્થિર છે, મારી કોઈ લાગણીનો ક્યાંયથીય પડઘો પડતો નથી. હું દર્પણ સામે જોઉં છું ત્યારે જ એ મારી સામે જુએ છે. હું છું તે ભૂલી જઈને બારી

અને પવનની રમત ચાલ્યા જ કરે છે. સાંજ ઢળે છે ને દીવાના તેજવર્તુળની સીમામાં મારું વિશ્વ સમાઈ જાય છે. બહાર અન્ધકાર છે, એમાંથી તણાતો તણાતો હું જાણે આટલા સરખા પ્રકાશને વળગી રહ્યો છું. પ્રકાશને લુપ્ત કરીને અન્ધકારના વિરાટ પ્રસારમાં મને મુક્ત કરી દેવાની હામ મારામાં નથી. આથી તો મારાપણું જાળવી રાખવા દુઃખતા દાંતની વેદનાના લબકારાને હું ગણ્યા કરું છું. શાન્તિ જડતામાં પરિણમે એવો ભય રહે, વિક્ષુબ્ધતા બધા આધાર જ તોડીફોડી નાખશે એવા ખ્યાલથી મન ફફડી ઊઠે. આ બે વચ્ચે સમતુલા જાળવીને જીવનના સાચા લયને પ્રાપ્ત કરી લેવાની સલાહ ઘણી વાર સાંભળી છે. કોઈ કહે છે કે આવાં રૂપકોની ગૂંચમાં અટવાઈ જવું એ જ ખોટું છે. સરોવર અને સમુદ્ર જ માત્ર જગતમાં છે? ઉદ્યાન છે, ફુવારો છે, ચગડોળ છે. ઉદ્યાનમાં અરણ્યની ભયાનકતા નથી, ઉદ્યાનનો વિહાર એટલે રંગ અને સુગંધને માણતા પ્રફુલ્લ થઈ જવું. ઘડીક ફુવારા પાસે બેસીને ઊંચે ચડતી જળધારાને જોવી, સીકરો ઝીલવા, જળના બુદ્બુદો જોવા; એ પછી ચગડોળમાં બેસવું ને સરતા સંસારમાં રંગો વર્તુળાકાર ગતિના આવર્તમાં ઘુમરી ખાતા ખાતા જોવા અને વર્તુળની અનાદિઅનંત એવી સ્થિતિ સાથે તદ્રૂપ થઈને માણવું – આ બધું પણ શક્ય છે.

જળને તો જે રૂપ આપીએ તે એ ધારણ કરે, માટે જ તો એ આપણી તો ક્રીડાનું ઉત્તમ સંગી – માત્ર એનું ઊંડાણ આપણને ન પરવડે. પણ નદીને કાંઠે બેસીને વહેતી જોવી, સમુદ્રની ગર્જનાને સહીસલામત અન્તરે બેસી સાંભળવી, સરોવરના જળને નિસ્તરંગ શાંતિથી ચિત્તને ભરી દેવું – આટલું તો આપણે કરી શકીએ. મારા ઘરની સામે જ એક ઘર છે, જાહોજલાલી હશે ત્યારે મોટો બાગ હશે. હવે તો જેને ઊગી નીકળવું હોય તે બધાને જ છૂટ છે. થોડીક વેલીઓ તો એવી પ્રસરી છે કે સાવ અભેદ્ય જ બની ગઈ છે. એમાં ભુલાઈ ગયેલી ભૂતકાળની ઘટના જેવું ચન્દન વૃક્ષ પણ છે. બાજુમાં આંગણા પાસેનો ચોક છે. એની વચ્ચે ફુવારો છે. એની આજુબાજુ પીળી કરેણ છે.

આજે તો ફુવારો નિષ્પ્રાણ છે, જળની ધારા તો શું, બિન્દુ સરખુંય નથી. પણ એને જોઈને મારી કલ્પના સતેજ બને છે. એ જળધારા ઊંચે ઊછળતી હશે ત્યારે એ ઊછળતા જળને ઊડતાં ઊડતાં ચાંચથી પી જતાં પંખીઓની કેવી ક્રીડા ચાલતી હશે? એના થાળામાં આજુબાજુનાં વૃક્ષોની પવનની વૃષ્ટિની બધી જ હલચલ કેવાં આન્દોલનો ઊભાં કરતી હશે, જ્યારે એ થાળાનું જળ નિશ્ચલ હશે ત્યારે ભૂરું આકાશ એના ઊંડાણમાં કેવું અવગાહન કરતું હશે – આ બધું હું મારી આંખ સામે તાદશ કરતો જોઉં છું. ક્યારેક એના થાળા પર બેસીને કોઈએ એમાં પગ ઝબકોળ્યા હશે, કોઈકની લટમાં ગૂંથેલું ફૂલ પવને અળવીતરું કરતાં પાણીમાં સરી પડ્યું હશે! ફુવારાની ઊડતી જળધારા – જળની આંગળીઓ હવામાં કેવાં સ્થાપત્યો રચી રહી હશે!

વૃક્ષોનાં ઝુંડ ગમે છે. એથી આકાશની અપરિમેયતાને સ્થાને એક મનોહર મણ્ડપ રચાઈ જાય છે. ઊંચાં ઊંચાં વૃક્ષો પરથી પાનખરમાં પાંદડાં ખરવા માંડે, શરૂઆતમાં તો ખરતાં પાંદડાં હવામાં સેલારા મારે તે જોઈ રહેવાનું ગમે, પણ પછી તો વૃક્ષો સાવ બોડાં થઈ જાય, એમની નગ્ન શાખાઓનાં હાડપિંજર માત્ર રહી જાય, ફરી પાછી આકાશની અસીમ અપરિમેયતા આપણા માથા પર તોળાઈ રહે. પહેલાં તો આકાશ એ પર્ણગુચ્છ વચ્ચેના છિદ્રમાંથી ચોરીછૂપીથી આપણને જોઈ લેતું હતું તે ગમતું હતું. આ ખુલ્લા પડેલા વિસ્તારમાં આપણને પંખીની જેમ પાંખ વીંઝીને ઊડી જવાનું મન થાય. પૃથ્વી પ્રત્યેની આપણી મમતા આપણા ચરણને વળગી પડે છે.

આ બધું યાદ કરું છું ત્યારે હીંચકો યાદ આવે છે. બાળપણમાં પાળેલા ઘોડાની જેમ એને પલાણતા ને મારી મૂકતા. એ ઊંચે જઈને પાછો નીચે આવવાનો જ છે એનું આશ્વાસન નહીં હોત તો કદાચ હીંચકા પર બેસવાની હિંમત જ નહીં ચાલી હોત. હવે પણ હીંચકો તો ચાલુ જ છે, પણ એ વેદનાનાં બે અંતિમોની વચ્ચે ઝૂલે છે. એક ઝૂલામાં ઊંચે જઈને જેને એ પામવા ઇચ્છે છે તેને પામ્યા

વિના જ એ પાછો વળે છે, આમ દરેક ઝોલે વેદનાને વળ ચઢતો રહે છે. હીંચકાની પાસેનાં વૃક્ષોને સ્પર્શ્યા વિના જેમ ત્યારે પાછા વળી જતા હતા તેમ અત્યારે પણ કશા સ્પૃહણીયને પામ્યા વિના જ વિરુદ્ધ દિશામાં સરી જઈએ છીએ. પછી આ ચઢવા-પડવાનો લય મનનો કબજો લઈ લે છે, બીજું બધું ભુંસાઈ જાય છે, સમય એ આન્દોલનમાં સમાઈ જાય છે.

ઓશીકા પર માથું ટેકવીને રાત્રે સૂતો હોઉં છું ત્યારે ઓશીકાની કરાડ પરથી અગાધ નિદ્રાના ઊંડાણમાં ક્યારે સરી પડીશ તેનો વિચાર કરતાં ક્યાં સુધી પડ્યો રહું છું. બધું જ શાંત થઈ જાય છે, પણ એ શાન્તિના પટ પર કંઈ કેટલા જુદા જુદા અવાજોની ભાત ગુંથાતી આવે છે. એક અજાણ્યા વજનથી આંખની પાપણો ઢળે છે, માથું ઝૂકી જાય છે. છેક ઊંડે ઊંડે અજાણી વેદનાના લબકારા સિવાય બીજું કશું સંભળાતું નથી. આ લબકારાનો અને મારા શ્વાસનો પ્રાસ રચાય છે, ચિત્ત એ લયને આત્મસાત્ કરે છે, આવતી કાલના શબ્દો એમાંથી રચાતા આવે છે.

1-9-81

*

# સ્વેદમુકુલિત હથેળી

આસોની સવારે બારીમાંથી મેદાનમાં જોઉં છું તો ઘાસ કાપતા આદિવાસી કિશોરની સ્વેદમુકુલિત હથેળી દેખાય છે. આસોનો આ તડકો હજી વિશ્વાસ ઉત્પન્ન કરતો નથી. હજી મને એ ઉખડી જવા આવેલા સોનેરી વરખ જેવો લાગે છે. મેદાનમાં ઘાસમાં હજી રાતે દેડકા ખાવા આવેલા સાપની વાંકીચૂંકી ગતિના ગૂંછળા એમ ને એમ પડેલા છે. રાતે જોયેલા પરિચિત માણસો સવારે જુદા લાગે છે. કેટલાકે તો જાણે રાત દરમિયાન એમની આંખો બદલી નાંખી છે. કેટલાક તો કોઈ સર્રિયલ કવિની કવિતામાંનાં પાત્રો જેવા લાગે છે. એમની આંખોમાં કોઈ ભૂતિયા મહેલનાં હાંડીઝુમ્મર નાચતાં દેખાય છે. એમના અવાજમાં ફાટીને કચ્ચર કચ્ચર થઈ જતા કાચનું કરકરાપણું છે. એમનાં માથાં દેવળના, પ્રાર્થના સમયે ડોલ્યા કરતા ઘણ્ટની જેમ ડોલ્યા કરે છે. એમના હાથ દરિયાની બહાર ફેંકાઈ ગયેલી માછલીની જેમ તરફડ્યા કરે છે. આથી જ તો બધા જ્યારે કહે છે કે વાસ્તવિકતા જુઓ ત્યારે મને હસવું આવે છે. એ લોકો કોઈક સરકાર પ્રમાણિત દુકાનેથી હારમાં ઊભા રહીને અધિકૃત વાસ્તવિકતાનો જથ્થો લઈ આવતા લાગે છે. મધરાતે એ વાસ્તવિકતા ખરચાઈને ખૂટી જતી હશે ત્યારે એ લોકો શું કરતા હશે? વપરાઈ ગયેલી વાસ્તવિકતાના ઉકરડા વધ્યે જ જાય છે. એ ઉકરડાના

શિખર પર બેસીને કોઈ કવિ પ્રભાતિયું ગાવાનું શરૂ કરે છે. પછી તો કાંકરાઓ – સૂર્યની પાઠશાળાના પંડિતો, સૂર્યનાં રૂપ ગોખવા માંડે છે.

મને લાગે છે કે ગઈ કાલના કરતાં આજનો દિવસ મીંઢો છે. ગઈ કાલનો દિવસ ભલે છીછરો હતો, પણ એમાં પારદર્શકતા હતી. આજનો દિવસ તો આંખમાં આંખ માંડીને જોતો જ નથી. એના પ્રહરો ત્રાંસે પગલે ચાલે છે. મને ખાતરી છે કે મારી જે ક્ષણો ખોવાઈ ગયાનો મને વહેમ છે તે એના ચોરખિસ્સામાંથી જ નીકળશે.

ટેબલ પર પડેલી ચોપડીમાંથી બારાખડીના પહેલા અક્ષરને ફણગો ફૂટે ન ફૂટે ને ત્યાં એની આજુબાજુ પરીકથાઓનાં વન ઊગી નીકળે છે. એમાં થઈને કેટલાક શબ્દો ભાગી છૂટે છે. બીજા કોઈક જન્મમાં પાછા મળવાનો એમનો વાયદો છે તો ખરો, પણ એ દરમિયાન તો આતતાયીઓએ રચેલા ઇતિહાસના પગ નીચે કચડાઈને આપણી ભાષા કેવું રૂપ પામી હશે? કોઈક જમાનામાં ‘ચન્દ્ર’ કહેવું કદાચ ગાળ દેવા બરાબર ગણાશે! ભવિષ્યમાં, હજાર વર્ષ પછી, આજની લિપિને ઉકેલનાર કોઈ પુરાતત્ત્વવિદ થઈને જન્મીશ ત્યારે એ ભાષાની મોંઓળખ થતાં મને કેવો રોમાંચ થશે!

પાંખમાં ભરાયેલા તડકાના ભારથી કબૂતરો નીચે ઊતરી આવીને મેદાનમાં બેસી ગયાં છે. ગઈ રાતનો ચીબરીનો અવાજ હજી ઝાંખરામાં ઝીલાઈ રહ્યું છે. સપ્તષિર્ જેવું લેલાંનું ઝૂમખું ત્રિષ્ટુભ છંદમાં કોઈ ઋચાનો પાઠ કરી રહ્યો છે. વારાંગનાના પિંજરામાંથી નાસી છૂટેલો પોપટ અમરુશતકના શ્લોકો બોલે છે, પણ અહીં કોઈ કદર કરતું નથી. હોલીવુડની કોઈ ફિલ્મમાંથી કૂદી પડેલો ચિમ્પાન્ઝી મારી બારીના સળિયા આગળ એનો જંગી પડછાયો પાડે છે. સર્વપિતૃઅમાવાસ્યાનું પિણ્ડદાન લઈ કાગડાઓ પિતૃલોકમાં જવા નીકળી પડ્યા છે. બે કાબરો ઇષ્ટ શું અને અનિષ્ટ શું એના વિતણ્ડાવાદમાં પડી

છે. એક બિલાડી એમની તરફ આગળ વધી રહી છે. આકાશ ખૂબ દૂર દૂરથી દોડતા આવેલા, મોઢે ધોળાં ધોળાં ફીણ વળ્યાં હોય એવા ઘોડાની જેમ ઊભું રહ્યું છે, અત્યારે સમય બપોર વેળાની જાહેર બગીચાની કોઈ ખાલી પાટલીની જેમ પડી રહ્યો છે. નવસારના ધુમાડા જેવાં થોડાં દિવાસ્વપ્નો અહીંતહીં વેરાયેલાં છે. આ નિઃસ્તબ્ધ પ્રહરે મારી આંખમાં પેલી શાપિત રાજકુમારીની નિદ્રા છલકાય છે.

ઝરણું પથ્થરને ઠાવકા અને સહનશીલ થવાનો ઉપદેશ આપી રહ્યું છે. બીજે ભવે એ દેવમૂતિર્ બનીને પૂજાશે એવું પ્રલોભન એને આપવામાં આવ્યું છે. પથ્થર જન્મોજન્મની સ્મૃતિથી વિષાદગ્રસ્ત થઈને પડ્યો છે. ઘડીકમાં એમનામાં ઉલ્કાનો ઝબકારો થાય છે તો ઘડીકમાં એનામાં જ્વાળામુખી ધખી ઊઠે છે. ફરી પાછો એ લીલ ઓઢીને પોઢી જાય છે. એ નિદ્રાધીન હતો એ દરમિયાન એ લખોટી બની ગયો, હવે બાળકોની આંગળીઓ વચ્ચે સંતાકૂકડી રમવાની એને મઝા આવે છે. કોઈ વાર કાણા ખિસ્સામાંથી નાસી છૂટવાની પણ એને ખૂબ મઝા આવે છે. શાલિગ્રામ બનીને પુરાઈ રહેલા પથ્થરને એની અદેખાઈ આવે છે.

કોઈક વાર મધરાતે થોડાક લથડાતા પડછાયાઓ ગુપચુપ મારા બંધ બારણા આગળ આવી ઊભા રહે છે. પછી તરડમાંથી અંદર દાખલ થઈને ઘરમાં પોઢી ગયેલા બીજા પડછાયાઓને જગાડે છે. થોડી વારમાં તો ઘર આખું પડછાયાઓથી ભરાઈ જાય છે. હું બહાર હડસેલાઈ જઈશ કે શું એવું મને લાગે છે. મને કોઈ કાનમાં કહે છે. 'ભાર હળવો કરવો હોય તો પડછાયો થઈ જાને!' હું એ પ્રલોભનને વશ થવા લગભગ તૈયાર થઈ જઉં છું.

સદીઓ પહેલાંના કોઈ રાજાના બખતરને લાગેલા કાટનો રંગ આ દિવસનો છે. એની તપખીરિયા ઝાંય બધી વસ્તુના રંગને બદલી નાખે છે. આકાશ

જૂની ચોપડીને ચઢાવેલા પૂઠા જેવું લાગે છે. એની પાછળથી મૂળ પૂઠાનો રંગ કદીક અલપઝલપ દેખાઈ જાય છે. આ દિવસે નદીની પારદર્શકતા લૂંટી લીધી છે. ગુલાબનું ગુલાબી સ્મિત ચોરી લીધું છે. પવન સુકાઈ ગયેલા તમાકુના પાંદડા જેવો ખખડ્યા કરે છે.

રાખના મહેલમાં રહેવા ગયેલો અગ્નિ હવે અબરખના મહેલમાં રહેવા આવ્યો છે. એની સાથે એના દરબારીઓ પણ પાછા આવ્યા છે. ગલગોટાનો સોનેરી કણ્ઠ એની સ્તુતિ ગાય છે. સોનચંપાની અગ્નિની આંગળી જેવી પાંખડીઓ એને સુગંધનો હવિ અર્પે છે. સાંજ વેળાએ આકાશના આ છેડાથી તે બીજા છેડા સુધી એક પ્રશ્ન ગાજી ઊઠે છે! કસ્મૈ દેવાય હવિ વિધેમ?

પરોઢ થવા આવે છે ત્યારે ચારે બાજુની નિ:સ્તબ્ધતામાં અન્ધકારને ભેદીને ઊગતા પ્રકાશના અંકુરોને સાંભળું છું. બપોર થતાંમાં તો દિવસ આખો સૂરજમુખી થઈને શોભે છે. ગરીબડા ગલકાના પીળા ફૂલને પણ શરદના દરબારમાં સ્થાન છે. ગુલબાસની દાંડીમાંથી રેસા ખેંચી કાઢીને હજી પિપૂડી વગાડવાનું મન થાય છે. તનમનિયાની પાંખડીની દેવોની જેમ વૃષ્ટિ કરવાનું મન થાય છે. તળાવે તળાવે કમળની પંક્તિઓમાં શરદનું મહિમાસ્તોત્ર દર પ્રભાતે લખાઈ જાય છે. શરદની સાંજે તોય, કોણ જાણે શાથી, હું કશાક અજાણ્યા વિષાદથી છલકાઈ ઊઠું છું.

8-10-80

*

# શાબ્દિક સંક્રાન્તિ

આ ઋતુમાં રિલ્કેની જેમ ઈશ્વરને પ્રાર્થના કરવાનું મન થાય : 'રે ઐશ્વર્યવાન, મને રાતે સ્વપ્નો આપ, દિવસે ગીત.' પણ આ ઋતુમાં મારી રાત શ્વાસ સાથેના સંઘર્ષમાં વીતે છે. હું યોગી નથી. છતાં એવો અનુભવ થાય છે કે હું મારા શરીરને ક્યાંક બહાર રહીને શ્વાસ સાથેના આ સંઘર્ષને જોયા કરું છું. રાત્રિના વાતાવરણને કલુષિત કરનારાં જે કોઈ અનિષ્ટ તત્ત્વો છે તે મારા પર ત્રાટકી પડે છે. આથી શરીર મૂઢ થઈ જતું નથી, એની સંવેદનાઓ વધુ તીવ્ર બને છે. તન્દ્રા અને નિદ્રાના તાણાવાણાથી રચાતી ભાતને હું જોયા કરું છું.

આ પછી ભાદ્રપદના દિવસના ઉજ્જ્વળ પ્રકાશમાં જગતને જોઉં છું ત્યારે આંખને વળગી રહેલી નિદ્રાની ઝાંયને કારણે બધું કંઈક માયાવી બની જતું લાગે છે. ટેવને અનુસરીને વસ્તુ અને એમનાં નામ વચ્ચેના સંબંધને સુનિશ્ચિત ગણી લઈ શકતો નથી. લોકો જે આસાનીથી આ સમ્બન્ધને સ્વીકારી લે છે તે જોઈને મને સખેદ આશ્ચર્ય થાય છે. નામના સ્પર્શથી અકલુષિત વસ્તુઓની એક જુદી જ કાન્તિ હોય છે. નામથી વસ્તુઓને સ્પર્શવા જતાં વસ્તુઓ લજામણીનાં પાંદડાંની જેમ બીડાઈ જાય છે! એમનો રણકો બોદો થઈ જાય છે!

આથી જ સતેજ સ્મૃતિ હોવી એ મારે મન ઇષ્ટ નથી. એથી કલ્પનાને કામ કરવાનો ઝાઝો અવકાશ રહેતો નથી. સત્ય-અસત્યના મોહક મિશ્રણનો સુયોગ સાંપડતો નથી. બહારથી આપણા ચિત્તમાં પ્રવેશતી વાસ્તવિકતાનું તે કેટલું ગજું? એ તો બહુ બહુ તો એક ચતુર્થાંશ, બાકીના ત્રણ ચતુર્થાંશ તો ગાંઠનું જ ઉમેરણ : એમાં સ્મૃતિની દખલગીરી જેટલી ઓછી તેટલું વધારે સારું. આથી જ જીવનનાં સંસ્મરણો લખવાનો ઉદ્યમ હું નિરર્થક લેખું છું. હું જે લખું છું તે મારી આત્મકથા જ નથી? આ સાલમાં આ પ્રસંગ બન્યો એવી કેફિયત આપવાથી કોને લાભ? હું બાળપણને યાદ કરું છું ત્યારે એ સમય ફરી નવેસરથી જીવવા લાગું છું. એને ને બાળપણની વાસ્તવિક ઘટનાને કેટલો સમ્બન્ધ તે પ્રશ્નથી હું ચિન્તિત થતો નથી. બાળપણની ચિત્તની અવસ્થાને પુનર્જીવિત કરવાનો જ મારો પ્રયત્ન હોય છે. એ મારી જીવનકથાના પ્રકરણથી કંઈક વિશેષ બની રહે છે!

મને તાદૃશ યાદ હોય છે એવી ઘટનાઓ આજે તો એક નવા જ સન્દર્ભને કારણે મને મારી આગળ એક નવા જ રૂપે રજૂ કરે છે. આથી જ તો જીવનના દરેક વળાંકે હું પોતે જ મારી રાહ જોતો ઊભો રહું છું અને મને જોઈને ચકિત થાઉં છું. આવું જ વિસ્મય મને જગત માટે જ છે. હમણાં કેટલા વખતથી ઊગમણી બારીવાળા ઓરડામાં બેસતો ન્હોતો. હવે ભાદ્રપદના વીતતાં સૂર્યસેવનના દિવસો આવશે. હું કૂતુહલથી એક સવારે ઊગમણી બારીએ બેઠો તો જુદું જ જગત દેખાયું. સવારના પડી ગયેલા એક ઝાપટાથી શિરીષ અને લીમડા પર જળબિન્દુઓનો ચકચકિત ચક્ર રચાઈ ગયો હતો. જે લીમડાને મેં બાલ્યાવસ્થામાં જોયો હતો તેનો તારુણ્યોદ્‌ગમ જોઈને હું ચકિત થઈ ગયો. શિરીષની પ્રસરેલી શાખાઓએ સૂર્યને થોડો સ્નિગ્ધ બનાવ્યો છે. આ ઘટાને કારણે પીળક, દૈયડ, કંસારો, દરજીડો, સક્કરખોર આ બધાં પંખીઓ વસવા આવ્યાં છે. એક બે વરસથી એક ચંપાને ઉછેરવા મથીએ છીએ. પણ એ હજી એ વનસ્પતિ પરિપાર વચ્ચે

'આઉટસાઇડર'ની અદાથી કુંઠિત થઈને જ ઊભો છે. પુષ્પ પ્રગટાવવાનો નૈસર્ગિક ઉદ્રેક હજી એનામાં દેખાતો નથી. ચાંદનીનું તો આખું ઝાડ બની ગયું છે. વહેલી સવારે એનાં ફૂલોના શ્વેત પ્રાચુર્યથી એક નવું જ આકાશ આંગણામાં ઊતરી આવ્યું હોય તેવું લાગે છે. પૂર્વમાં આનન્દની આવી સરસ ભૂમિકા રચાઈ ગયેલી જોવાથી મને લાગ્યું કે હવે મને પૂર્વાભિમુખ થવાનું મૂહુર્ત આવી લાગ્યું છે.

ઘણી વાર શબ્દ ઉચ્ચારવાનું સાહસ કરી શકતો નથી. મને શબ્દ માત્રનો ભય લાગવા માંડે છે. એ ઉચ્ચારતાંની સાથે જાણે બહારના વાતાવરણમાંથી કશુંક અપૂર્વ અનનુભૂત સફાળું ચોંકીને મારી સામે ઊભું રહી જાય છે. એક બાજુ હું અને બીજી બાજુ આ નવું ઇતર. એ તરત એક આકૃતિ માંડે છે. નહીં તો એ જાણે મને મારાથી ઊતરડી લે છે. આથી જ નિઃશબ્દતાની ક્ષણોમાંથી થતી શાબ્દિક સંક્રાન્તિ એક મહત્ત્વની ઘટના બની રહે છે. ત્યારે બાળપણના કેટલાક શબ્દો ને ગ્રીષ્મમાં સાંભળેલો વૃક્ષોનો પર્ણમર્મર કામમાં આવી જાય છે.

મેદાનમાં થતી વર્ણાંતરની પ્રક્રિયાને હું દરરોજ કુતૂહલથી જોઈ રહું છું. લીલા રંગની જુદી જુદી છાયાઓને જોઈ, હવે ધીમે ધીમે હરિતવર્ણના ઘાસ પર દોડવાની ઇચ્છા હજી થાય છે. ઝાકળનાં બિન્દુને ચાલવાના ભારથી ભાંગતાં અનુભવવાં એ પણ એક લ્હાવો છે ને તેને ભરપટ્ટે માણ્યો છે. કેળનાં પાન પરથી સરી જતાં ઝાકળના ટીપાને હજી હું ઊભો રહી જઈને જોવા લાગું છું. ઘાસની સુગન્ધ સાંજ વેળાના વાતાવરણમાં લહેરાય છે ને મારું મન વિહ્વળ થઈ ઊઠે છે. સોનગઢના કિલ્લાના ઢોળાવ પર ઊગેલા રૂસા ઘાસ પરથી લપસવાને માટે હું અધીરો બની જાઉં છું. સમયની આ ક્ષણ આવી બધી સ્મૃતિને પ્રત્યક્ષ કરીને એની સમૃદ્ધિના ભારથી લચી પડે છે. કેટલીક વાર આવી એક ક્ષણના આધારે આખી શતાબ્દી ઝીલાઈ રહી હોય છે.

આવી ભાદ્રપદની સાંજે કોણી અને કોલર આગળથી સહેજ ફાટેલો બદામી રંગનો કોટ પહેરીને પિતાજી સાંજના પડછાયા ભેગા ઘરમાં પ્રવેશે છે. દાદા હાથમાં સીસમની લાકડી લઈને બહારના સૂર્યના ઓસરતા પ્રકાશમાં ફરતા દેખાય છે. એમની સાથે સંકળાયેલો થોડો સમય અહીં વર્તમાનમાં સરી પડે છે. એટલા નાના શા સમયદ્વીપમાં એ સમયનું એક નાનું જગત વસી જાય છે. કિલ્લાની ઘડીમાંથી ‘ડુલ્લા ડુલ્લા’નો એકધારો અવાજ સંભળાય છે. દક્ષિણી ફળિયાની મઢીમાં ગોકુલાષ્ટમીના દિવસે પેટ્રોમેક્સના અજવાળામાં ગોફ ગુંથાય છે. પાટલી પર ગોઠવાયેલા ગણપતિને માથા પર મૂકીને, વર્ષાને કારણે થોડું ઊંડાણ પામેલી નદીમાં કોઈ ડૂબકી મારે છે ને ગણેશનું વિસર્જન થઈ જાય છે. દશેરાના દિવસે એ જ નદીમાં સોનાવરણા જવારાને તરતા જોઉં છું. પછી આ બધું જેમ આવ્યું હતું તેમ અરવ પગલે વિદાય થઈ જાય છે!

મેઘની માયા હવે સંકેલાવા લાગી છે. ચોપડીમાંના શબ્દોની આસપાસ ઉજાસ ફેલાવા લાગ્યો છે. વચમાં રામાયણ વાંચવું શરૂ કર્યું હતું. વિરાધના જોઈને કેળના પાનની જેમ ધ્રૂજતી વેપથુમતી સીતાને જોઈ હતી. ત્યાં વર્ષા પૂરી થઈ એટલે હવે વનપ્રવેશ આવતા ચોમાસા સુધી મુલતવી રાખ્યો છે. વચ્ચે વચ્ચે સ્વામીનારાયણની સત્સંગ કથાઓની સૃષ્ટિમાં પણ ફરી આવ્યા. હવે વળી બીજા કોઈક કવિની અપરિચિત સૃષ્ટિમાં પ્રવેશવાનું સાહસ કરીશું. ઈશ્વરની સાથે મળીને શબ્દને ઉછેરનારા કવિઓ પણ છે; તો બોદલેર જેવા શેતાનને પણ તિરસ્કારી શકતા નથી; કવિકર્મમાં એને પણ સાથે જોતરે છે.

સીતા વિનાના રામ ગોદાવરીના રેતાળ પટ પર બેસીને જોઈ રહ્યા હતા તેમ હું જગતને જોઈ રહું છું ને એક આછો નિ:શ્વાસ સરી જાય છે. તે હિ નો દિવસા: ગતા:! પણ ત્યાં જ કાલે ઊગનારો નવો દિવસ એની મુખકાન્તિને અલપઝલપ પ્રગટ કરે છે ને સમુત્સુક ચિત્તે હું એના આગમનની દિશા તરફ

અભિમુખ થાઉં છું. ઋષિપંચમીનો સામો મોઢામાં વેદકાળનો કશો સ્વાદ મૂકી જાય છે. કદીક વેદની ઋચાઓ તરફ પણ વળું છું ને ત્યારે મન એક નવી જ ભૂમિકાને પ્રાપ્ત કરે છે. ત્યારે પણ કોઈ અપાર્થિવ, અલૌકિકની માયા મને પીડતી નથી, ત્યારેય અથર્વવેદના ઋષિની જેમ હુંય 'માતા ભૂમિઃ પુત્રો અહમ્ પૃથિવ્યાઃ' એમ જ બોલું છું.

જાણું છું કે શરદને જીરવવી અઘરી છે, મારે માટે તો છેલ્લા દમ સુધી ઝૂઝી લેવાના દિવસો છે. આથી કોઈ મારી સ્થિતિનો ખ્યાલ કર્યા વિના પોતાના આનન્દને પ્રગટ કરતા કહે છે : 'કેવી ખુશનુમા આબોહવા છે?' ત્યારે હું એના આનન્દને ક્ષીણ થવા દેતો નથી ને એની ઉક્તિનું હાદિર્ક (હા, શારીરિક નહીં!) સમર્થન કરું છું. ઊજમાળા દિવસો અને રઢિયાળી રાતો આવી રહી છે. હું હવે ટોળા વચ્ચે નથી, મારું આસન બારી પાસે છે. જાણું છું કે એ બારીને પણ ખુલ્લી રાખવાનું જોખમભર્યું બની રહેશે તે છતાં હું આ ઉત્સવના વાતાવરણથી શી રીતે બહાર રહી શકું?

હુંય શારદાલક્ષ્મીનો ચાહક છું.

3-9-79

*

# ભાદ્રપદનું સુવર્ણ

ભાદ્રપદનું સુવર્ણ છલકાઈ ઊઠ્યું છે. થોડું ઢળ્યું છે ગલગોટામાં. પણ એકાએક પાછા પૂર્વમાં વાદળ ઘેરાઈ આવે છે, પશ્ચિમમાં સૂર્ય પ્રકાશે છે. નાગો વરસાદ આવે છે. હરિયાળીના લીલા રંગ પર સૂર્યનો સોનેરી રંગ ઢોળાય છે. એ ઘટના કાંઈ નવી નથી. છતાં દર વખતે જ્યારે એ બને છે ત્યારે આપણું મન એને અમુક પૂર્વનિર્ણીત ચોકઠામાં મૂકી દેતું નથી. એમાં કંઈક નવીન રહ્યું હોય છે. એમ બને કે મનની આ વિસ્મયવૃત્તિ જો મરી પરવારી હોય તો ક્યારેય કશું નવીન જોઈને રોમાંચ થાય નહીં. સંવેદનનું નિયન્ત્રણ કરનારા મગજના આગલા ભાગ પર શસ્ત્રક્રિયા કરીને માનવીને સંવેદનહીન બનાવી દેવાના પ્રયોગો સરમુખત્યારશાહી દેશોમાં થયા છે. પણ હું ઇન્દ્રિયજડ લોકોને જોઉં છું ત્યારે લાગે છે કે ‘લોબોટોમી’ કર્યા વગર કેટલાક લોકો આવી સ્થિતપ્રજ્ઞતા પ્રાપ્ત કરી લે છે.

ઘણી વાર એવું બને છે કે દૃશ્ય સાવ સામાન્ય જ હોય છે. રોજ જોતો હોઉં છું તે જ શિરીષ કે તે જ મેદાન, પણ હૃદય કંઈક એવું અનુસન્ધાન એ દૃશ્ય સાથે સાધી દે છે કે તરત કશીક અપૂર્વતાનો અનુભવ થાય છે. એવે પ્રસંગે મન એવું છલોછલ છલકાઈ ઊઠે છે કે કશું બોલવાનું કે લખવાનું સૂઝતું જ નથી. મને લાગે છે કે અભિવ્યક્તિની આવશ્યકતા કશીક અધૂરપમાંથી જ ઊભી

થતી હશે. આથી એવું બને ખરું કે જેઓ લખતા કે કશું સર્જન નથી કરતા તેઓ પણ સમૃદ્ધ જીવન જીવતા હોય છે. મનમાં જ્યારે કશુંક અસ્પષ્ટ અને ધૂંધળું હોય છે ત્યારે એને આકાર આપીને એની વ્યાખ્યા બાંધવાની મનને જરૂર લાગે છે. અથવા તો એ અનુભવનું અડધિયું જ આપણને હાથ લાગ્યું હોય એને સમભાવી સહૃદય સાથેના વિનિમયથી આપણે એને પૂર્ણ કરવાને ઇચ્છતા હોઈએ છીએ.

કોઈક વાર નૈષ્કર્મ્યનો પણ ભારે નશો ચઢતો હોય છે. પ્રવૃત્તિ આપણે માટે એટલી તો સહજ હોય છે કે અકર્મણ્યતા સિદ્ધ કરવી આપણે માટે અઘરી થઈ પડે છે. નિત્ય કર્મ ભયાવહ પણ બની રહે. આપણાં ઘણાં કર્મો તો આપણે આપણાથી બચવા જ મરણિયા બનીને કરતા હોઈએ છીએ. કર્મ કરતા રહેવાથી આપણે આપણી જાતનું શું કરવું એ મુશ્કેલીભર્યા પ્રશ્નને ટાળી શકીએ છીએ. મને બધી જ ઋતુમાં કોઈક વાર આવો નૈષ્કર્મ્યનો નશો ચઢે છે ત્યારે કેવળ જોઈ રહેવાનું, સાંભળી રહેવાનું ગમે છે. એ જે બન્યું તેનો મને પોતાને પણ અહેવાલ આપવાની કશી જરૂર લાગતી નથી. ત્યારે ગીતામાં સમુદ્રની વર્ણવેલી પેલી સ્થિતિ ‘આપૂર્યમાણ અચલ’ પ્રતિષ્ઠાની સ્થિતિ જાણે અનાયાસ પ્રાપ્ત થઈ જાય છે.

પણ આવી જ કોઈ ક્ષણે મનમાં જે સંચિત થાય છે, એના જે સંસ્કાર મન પર અંકાઈ જાય છે તે કોઈક વાર આપણે બીજા કશામાં પ્રવૃત્ત થયા હોઈએ છીએ ત્યારે, એકાએક ઉદ્‌ભાસિત થઈ ઊઠે છે. ત્યારે એકાએક આપણે વર્તમાન સન્દર્ભની બહાર ફેંકાઈ જઈએ છીએ. બીજા લોકોને ત્યારે આપણે અન્યમનસ્ક કે શૂન્યમનસ્ક લાગીએ છીએ. આવે જ વખતે નિકટની વ્યક્તિ સાથે પણ ગેરસમજ થવાનો સંભવ રહે છે.

જગતને જે રસપૂર્વક અનુભવતો નથી તે સંન્યાસી નથી, પણ જડભરત છે.

શુષ્કતા ક્યારેક કેળવવા જેવો ગુણ મને લાગ્યો નથી. વૈરાગ્યમાં નરી વિરતિ નથી. એ તો એક રસમાંથી બીજા રસમાં થતી સંક્રાન્તિ માત્ર છે. આથી જ તો ભગવાન માટે 'રસો વૈ સઃ' એવું કહેવાય છે. જ્યાં રસ નથી ત્યાં સ્નેહ નથી. સ્નેહ નથી ત્યાં જ વૈમનસ્યનેય અવકાશ છે. રસમાં જ ચૈતન્યનો મોક્ષ થાય.

18-9-77

*

# સત્યમિથ્યાના અબોલા

શિરીષ અધબીડી આંખે વૃષ્ટિની ધારાને ઝીલે છે. ઝાડ પર બેઠોબેઠો કાગડો પીંછાં ખંખેરે છે. મેદાનમાં ચરતી બેચાર ભેંસ સાથે થોડાં બગલાં અને કાબર ચાલ્યા જ કરે છે, જે કાંઈ જોઉં છું તેને વૃષ્ટિના માધ્યમથી જોઉં છું, અવાજ બધા બોદા થઈ ગયા છે. વગર આંસુએ દૃષ્ટિ ધૂંધળી થઈ ગઈ છે. પ્રત્યક્ષ પ્રમાણ આપીને કશું નિશ્ચિતતાથી પુરવાર કરવાના આ દિવસ નથી.

વરસતી ધારાના એક સરખા આવ્યા કરતા અવાજનું સમ્મોહન ધીમે ધીમે મને પરવશ કરી નાખે છે. સાચવીને થોકબંધ મૂકી રાખેલા વિચારો પણ જાણે ધીમે ધીમે ટીપે ટીપે દ્રવીને વહી જાય છે. મનનો રિક્ત અવકાશ વર્ષામાં જ અનુભવાય છે, કશું ગમ્ભીર વિચારવાને મન તૈયાર નથી. હાઇડેગર, કાર્લ યેસ્પર્સ અને સાર્ત્ર માનવઅસ્તિત્વ વિશે શું વિચારે છે તે જાણવા ઉત્સાહપૂર્વક ખોલેલું પુસ્તક ખુલ્લું જ રહી જાય છે. દૃષ્ટિ વૃષ્ટિની માયાથી પરવશ થઈ ગઈ છે. એક પ્રકારની સ્નિગ્ધતાનો સ્પર્શ થાય છે.

સત્યમિથ્યાની વ્યાવર્તક રેખા જ જાણે આજે ભુંસાઈ ગઈ છે. સત્યમિથ્યા વચ્ચેના અબોલા આજે છૂટી ગયા છે. ઘડીભર બન્ને એકાકાર થઈ જાય છે. સમયની વહેવાની ગતિ પણ એનો લય બદલી ચૂકી છે. કામકાજનું હિસાબી

ખાતું હમણાં બંધ છે. એક પ્રકારની સાહજિકતા અનુભવાય છે. જે કરવું છે તે થશે કે નહિ તેની ચિન્તા જાણે રહી જ નથી. જે બનતું જાય છે એનો અહેવાલ આપવાની ચિન્તા પણ રહી નથી. કશું ભૂલાઈ જાય, કશાકની નોંધ નહિ લેવાય તો મોટી ખોટ ગઈ એવી કશી લાગણી થતી નથી.

વૃષ્ટિના ધૂસર પોત પર પંખીનું ખરતું પીંછું કશુંક આલેખી જાય છે તે અને સાર્ત્રની માનવચેતના વિશેની વાત – આ બન્ને વચ્ચે મન ઉચ્ચાવચતા કરવાની ઇચ્છા કરતું નથી. વસન્તને તો સુન્દર શણગાર વગર નહિ ચાલે, વર્ષાને સુન્દરતાની એવી કશી પડી નથી. નદીનાં ડહોળાયેલાં પાણી, સમુદ્રની ભૂખરી ઝાંય, આકાશની ગ્રહનક્ષત્રની સૃષ્ટિને ભૂંસી નાખતી ધૂસરતા – એ મનમાં સૌન્દર્ય માણ્યાની લાગણી નથી જગાડતાં; મન પોતે જ પોતાને માટે ગુહ્ય રહસ્યમય બની જાય છે.

ઊંચો ઘડિયાળનો ટાવર વરસતા વરસાદની ધારામાં એની અડગતાને ખોઈને જળની તરલતાથી તરવરતા લાગે છે. સ્વરૂપે અવસ્થાનયનો વેદાન્તી આદર્શ હમણાં સિદ્ધ કરવાનું પરવડે એમ નથી. બધા આકારો, બધાં રૂપો રેલાઈ જાય છે. કશાંની રેખા દૃઢ નથી. વર્ષાનો સર્જક ઈશ્વર એક રોમેન્ટિક કવિ છે. એ દૃઢ રૂપરચનામાં માનતો નથી. રૂપવિલયની જ અવસ્થાને એ રસાનુભવની સામગ્રી બનાવી દે છે. મારી છાયા અને મારી પાસેની ખુરશીની છાયાની સેળભેળ થઈ ગઈ છે. કશું આગવું જાળવી રાખવાનો હઠાગ્રહ આ ઋતુમાં નહિ પરવડે. કોઈ વાર તો પોતાને જ ખોઈ નાખવાની તીવ્ર લાગણી આપણને જ આપણી શોધમાં નીકળી પડવાને વિહ્વળ કરી મૂકે.

ઘરની રેઢિયાળ વિગતો પણ જાણે આ દિવસોમાં ગુહ્ય બની જાય છે. કશુંક ગુપ્ત રાખવાની ગુંજાયશ હવે લાગે છે. દીવાલમાંથી પ્રસરીને જળની અંગુલિઓ કાંઈ કેટલા પ્રકારની ભાત આંકી જાય છે. આપણે વાતો કરતા

હોઈએ છીએ ત્યારે એકાએક વર્ષાના મર્મરને સાંભળીને, જાણે કશુંક અદૃશ્ય આપણને કાંઈક કહેવા મથી રહ્યું છે તેનું ભાન થતાં, એકાએક થમ્ભી જઈને કાન માંડીએ છીએ. વાતાવરણમાં કશુંક ઓગળી રહ્યાનો આછો ભાર વરતાય છે. કેટલાય શબ્દો ઉચ્ચારાયા વિના જ ઓગળીને અદૃશ્ય થઈ જાય છે. વર્ષા પોતાના ધ્વનિ સિવાય બીજા કશા ધ્વનિને સાંભળવા દેતી નથી.

વર્ષાને વનસ્પતિ પરિવાર વચ્ચે જ માણવાની ભારે મજા. વૃક્ષો વૃષ્ટિધારાને ઝીલતાં જાણે પોતે પોતાનામાં જ મગ્ન હોય એવી અદાથી ઊભાં હોય છે. પાંદડાંની અણીએથી ટીપાં લસર્યાં કરે છે. વર્ષામાં તો હોવું એટલે જ લસરવું. લઘુકાય અને ભંગુર બનવાનો કીમિયો વર્ષામાં જ સમજાય. જેને અદૃશ્ય થવું હોય તેને વ્યાપી જતાં આવડવું જોઈએ. આથી જ તો, લુપ્ત થઈ જવાના ભયને કારણે, પ્રિયાની આંખની કીકીમાં સમાઈને રહેવાનું પ્રેમીઓ ઝંખે છે.

ગ્રીષ્મની ઘણી નિદ્રાહીન રાત્રિઓથી નહિ ભોગવેલી નિદ્રા જાણે અત્યારે ભગવાન વ્યાજ સાથે પાછી આપે છે. બાળપણનાં થોડા સ્થાનો આપણને શોધતાં પાછાં આવી ચડે છે. વર્ષામાં આપણી વય જ બદલાઈ જાય છે. આપણી દૃષ્ટિને પાંખો આવે છે, ડાંગરનાં લહેરાતાં ખેતરોની વિશાળતા પર એ વિહરવા નીકળી પડે છે. પણ અહીં શહેરમાં બારીમાંથી દેખાય તેટલું આકાશ જોઈને સન્તોષ માનવાનો રહે. ક્ષિતિજદર્શનનો વર્ષામાં તો ખાસ મહિમા છે. એથી તો સાંજ ઢળતાં એકાદ પ્યાલો ગરમ ગરમ ચા ગટગટાવતા એક હૂંફભર્યા ખૂણામાં ચારસોપાંચસો પાનાંની કોઈ લાંબી નવલકથા લઈને બેસવું અને જગતને ભૂલી જવું. બસ. એ મજા જ ભાગ્યમાં છે. વર્ષા વિનિમયની ઋતુ નથી. આથી જ પોતાના એકાન્તનું શું કરવું તે આપણે વર્ષામાં જાણી લેવું જોઈએ.

16-5-78

*

# સૃષ્ટિનો બાલ્ય કાળ

વૃક્ષ પરિવાર અને પંખીઓ વચ્ચે કદિક એમનામાંના એક થઈને વિહરવાનું ગમે છે. એથી મને કેવળ માનવેતર વિષયોમાં રસ છે એવું તારણ નહિ કાઢી શકાય. માનવ, વૃક્ષ, પશુ, પંખી – આ આપણે પાડેલા ભેદો છે. આ બધાંને ઉલ્લંઘી જઈએ તો જે અસ્તિત્વની અખિલાઈ ઘડીભર અનુભવાય છે તે કોઈક ને કોઈક સમયે તો સાચી હશે જ એની મને આન્તરપ્રતીતિ છે. મનુષ્યોને ઉવેખીને કે મનુષ્યોથી ભાગીને હું એ આદિકાળમાં સરી જવા ઇચ્છું છું એવું નથી.

વૃક્ષોના સમાજમાં તો નામઠામ કશું છે નહિ. પણ આપણે એમને વહાલથી કેવાં સરસ નામો આપ્યાં છે : કદમ્બ, મુચકુન્દ, સપ્તપર્ણ, પુત્રંજીવ – આ નામો સાંભળતાં જ આત્મીયતાનો અનુભવ થાય છે. માનવીના મહિમાને તો ઓળખતાં વાર લાગે, કોઈ વાર પ્રચારને જોરે કોઈ તુચ્છનેય મહાન ગણી બેસીએ. વૃક્ષોમાં તો એવું નથી. સપ્તપર્ણ કે મેહોગની નીચે ઊભા રહો કે આપણી દૃષ્ટિ ઊંચે જવાની જ. છાયાઘન પલ્લવપુંજની શીતળતા, શાખાઓનો પ્રસાર, પંખીઓનું કલકૂજન – જાણે આપણે એક નવું આખું વિશ્વ જ નહિ પામતા હોઈએ? વરસતા વરસાદમાં વૃક્ષની નીચે આશ્રય લઈને ઊભા રહીએ છીએ ત્યારે વર્ષા, પવન અને વૃક્ષના અદ્‌ભુત યોગના

વાતાવરણનો અનુભવ થાય છે. અશરીરી પવન વૃક્ષોની પડછે જ પોતાનાં નવાં નવાં ધ્વનિમય રૂપો પ્રગટ કરે છે. પાંદડાં પર પડતો ટીપાંનો ટપટપ અવાજ કેવું તો સમ્મોહન કરે છે! મને 'બિન્દુ' કરતાં 'ટીપું' શબ્દ વધારે ગમે છે, કારણ કે એનાં પાંદડાં પર ઝીલવાની ક્રિયાને મૂર્ત કરતો 'ટપ' અવાજ પણ ભળેલો છે. જે શબ્દો રવાનુકારી છે તે કૃત્રિમ નથી લાગતા. એક સહેલાઈથી પ્રમાણિત થઈ શકે એવી વાસ્તવિકતાનો નક્કર પાયો એમને સુપ્રતિષ્ઠિત બનાવી દે છે.

સર્પગન્ધાને રાતાં, પહેલાં સૂતરનાં ગૂંથેલા બોરિયાં જોવા મળતાં તેના જેવાં નાનાં ગોળાકાર ફળો આવ્યાં છે. સોમવલ્લી પણ જોઈ. મારે તો દમને કારણે એનું કોઈ ને કોઈ સ્વરૂપે સેવન કરવું જ પડે છે. મારે માટે તો એ જીવનદાયિની જ છે. હું એને કશું નથી આપતો, એ મને જીવન આપે છે. 'ક્રિસમસ સ્ટાર'ને નામે ઓળખાતું, વર્ષમાં એક જ વાર થતું ફૂલ પણ જોયું. આપણી સાવ પાસે રહીને એઓ નિઃશબ્દપણે એમનું જીવન ગાળી રહ્યાં છે. શહેરના ઘોંઘાટ વચ્ચે સ્થિર અવિચલિત ઊભેલું વૃક્ષ ગીતાના પેલા સ્થિતપ્રજ્ઞ જેવું નથી લાગતું?

પહેલાં સંસાર છોડીને માનવીઓ પ્રૌઢ વયમાં વનમાં જતા. એક અર્થમાં બાળપણથી જ મારો સ્વભાવ તો વાનપ્રસ્થનો રહ્યો છે. વનમાં હજી જવાનું મન થાય છે. હવે ત્યાં ઋષિઓ નથી, આશ્રમો નથી પણ વૃક્ષોના નિબિડ સમ્બન્ધને જોવાથી જ મન પુલકિત થઈ જાય છે. ઘટાદાર તોતંગિ વૃક્ષની ઊંચી ડાળે નાનકડું દૈયડ બેઠું બેઠું નિજાનન્દે ટહુકો કરે એ કેવી અદ્ભુત ઘટના છે! એમાં કશી ગણતરી નથી, પ્રચાર નથી. એ કેવળ છે માનવીઓ જોડે.

આથી માનવીઓ વચ્ચે મૌન સેવવું ગમે છે. પણ કપટી, મીંઢા લોકો પણ મૌન

સેવતા હોય છે. તો મૌનના જુદા જુદા પ્રકારને ઓળખવા શી રીતે? ઘણી વાર મૌનના મહોરા નીચે ધૂર્તતા છુપાયેલી અનુભવાય છે. કોઈ વાર એવું પણ લાગે છે કે સાહજિક રીતે બોલ્યે જવાથી મન હળવું અને સ્વચ્છ રહે છે. જેમ નદીનાં વહેતાં પાણી કેવળ વહેતાં રહેવાને કારણે સ્વચ્છ રહે છે તેમ.

સૂર્યની અનુપસ્થિતિ આ દિવસોમાં સુખસેવ્ય બની રહે છે. આકાશમાં વાદળો છે, પણ એને કારણે ગ્લાનિ થતી નથી. એક પ્રકારની વિહ્વળતાભરી ઉત્સુકતાનો અનુભવ થાય છે. વાતાવરણમાં ભીનાશ છે પણ વરસાદ નથી. ખેડૂતો અકળાય છે. રાતે ઘામ થાય છે ત્યારે આપણે પણ અકળાઈએ છીએ. બધું અવરુદ્ધ છે. બોલવું છે ઘણું પણ જાણે કણ્ઠ ખૂલતો નથી. રવીન્દ્રનાથ કહે છે તેમ 'આમિ શુધુ કાન પેતેરઈ', હું કેવળ કાન સરવા રાખીને બેઠો રહું છું.

સૂર્ય જાણે આપણને થોડો સમય છાયાનગરીમાં છોડીને જતો રહ્યો છે. પણ આ છાયાનું પોત ઘટ્ટ નથી. એનાં છિદ્રોમાંથી આછો આછો પ્રકાશ ચૂએ છે. હજીએ વધુ ઘનીભૂત થાય ત્યારે જ વધુ દર્શનીય બને, અત્યારે તો આ છાયા પાસે પૂરતી શીતળતા પણ નથી. આમ છતાં આંખ તો રહી રહીને બહાર દોડી જાય છે ને આકાશ તરફ વળે છે. ચિત્ત કશામાં ચોંટતું નથી. એકધારો મુશળધાર વરસાદ શરૂ થાય પછી દૃષ્ટિ અને જગત વચ્ચે એક મનોહર સ્પર્શસુખભર્યું આવરણ છવાઈ જાય. ઉપનિષદના કવિઓએ યોગ્ય રીતે જ કહ્યું છે કે મૂળ વસ્તુ કરતાં એનું આવરણ જ વધારે મોહક હોય છે. એથી જ મને તો ઉચ્ચતમ અને ઉચ્ચતરના કે સપાટી અને ઊંડાણના ભેદો ઊભા કરવાનું ગમતું નથી. જે છે તે દૃષ્ટિ સમક્ષ છે. કશાક તત્ત્વને શોધવા ઊંડે ઊતરવાનું મને ગમતું નથી. સાચા અર્થમાં મારી વૃત્તિ અધિકારી અને અવ્યય છે એમ હું કહી શકું.

કાવ્યલેખનને મિથ્યા ગણીને બાજુએ મૂકી દીધા પછી ફ્રેન્ચ કવિ રેમ્બોનો ભ્રમણકાળ શરૂ થયો. એ ભ્રમણ દ્વારા એને ક્યાં કશું પામવું હતું! મારે કાલિદાસની ઉજ્જયિની નગરીમાં જવું નથી કે નથી રાજા ભોજની મહાનગરીમાં જવું. હું સ્થળને એના પર બાઝેલાં ઇતિહાસનાં જાળાંને દૂર કરીને જ જોવા ઇચ્છું છું. એનાં નામઠામ સાથે મારે કશી નિસ્બત નથી. હું એને ભૂતકાળથી મુક્ત, વર્તમાનથી અસ્પૃષ્ટ અને ભાવિથી દૂર એવે રૂપે જોવા ઇચ્છું છું. મારા એની સાથેના સમ્પર્કથી ઇતિહાસ રચાવા લાગે એવી મને એષણા નથી. બાળપણમાં મન નામ પાડવાની રમત રમતું હતું પણ એ નામો જગતની એક હકીકતરૂપ નહોતાં, એ તો શિશુના મનની મૌલિક નીપજ હતી. એથી જ શિશુ એનો સંચય કરવાનો લોભ રાખતું નથી.

વર્ષામાં મન સંસ્કૃતિ અને ઇતિહાસના આવરણને ભૂસી નાખીને સૃષ્ટિના બાલ્ય કાળમાં ચાલ્યું જાય છે. વર્ષામાં જે ભાષા સંભળાય છે તે જળની, આકાશની, પૃથ્વીની. માનવીનો ભાષાપ્રપંચ જાણે સંકેલાઈ જાય છે. આપણે ગુમાવી બેઠેલા કેટલાક કાકુઓ આપણને ફરી પ્રાપ્ત થાય છે. આથી આ ઋતુમાં હું તો થોડા નવા રવાનુકારી શબ્દો પામવા કાન માંડીને બેઠો રહું છું.

1-7-78

*

# મૌનનો મહાવકાશ

એક વિચિત્ર પ્રકારની લાગણી થાય છે, એ લાગણી છે સદા નીચે ને નીચે પડ્યે જવાની. ગુરુત્વાકર્ષણનો પ્રતિરોધ કરનારું જાણે કોઈ બીજું બળ રહ્યું નથી. માતાના ગર્ભમાંથી બહાર પડ્યા પછી આ નીચે પડ્યે જવાનું અટક્યું જ નથી. આંખમાંથી ટપકતાં આંસુ સાથે કે મુખમાંથી સરી જતા મૂગા નિઃશ્વાસ સાથે હું સર્યે જ જાઉં છું. વૃક્ષના પડછાયા સરોવરના જળમાં સરે તેમ હું સર્યે જ જાઉં છું. એક સ્વપ્નમાંથી બીજા સ્વપ્નમાં, અનેક મરણોના વિશાળ શૂન્યાવકાશમાં થઈને, સર્યે જ જાઉં છું. એક નામમાંથી બીજા નામમાં, મૌનના મહાવકાશમાં થઈને, હું સર્યે જ જાઉં છું.

આકાશમાંથી નિરાધાર બનીને ટપકેલું જળબિન્દુ તુચ્છ તૃણાંકુરનો આધાર પામીને કેવું હસી ઊઠે છે! ખરી જતું પાંદડું પવનમાં સેલારા મારતું કેવી લીલા કરે છે! સરી જવું, ખરી જવું એ કરુણ હોય તોય એની શોભાને નકારી કાઢી ન શકાય. બાળપણમાં માતાના ખોળાની હૂંફ માણી રહ્યા હતા ત્યારે, આપણને ન સમજાય એવી કશીક વેદનાથી, માતાની આંખમાંથી આપણા માથા પર કેવાં આંસુ સરી રહેતાં હતાં! એનુંય કશુંક અકળ સુખ નહોતું! ત્યારે પ્રશ્નભરી આંખે માતા સામે જોયું હતું ને ત્યારે માતાની આંખમાં કેટલાં ઇન્દ્રધનુષને નાચતાં જોયાં હતાં!

શેતરંજના પટ પરથી પ્યાદાં સરે તેમ હું સર્યે જાઉં છું. જો પ્યાદાં ખસતાં અટકી જાય તો રમત બંધ પડી જાય. આપણે જીવનમાંથી મરણમાં સરતા અટકી જઈએ તો ઈશ્વરની ક્રીડા બંધ પડી જાય. ક્રીડાહીન ઈશ્વર કેવો અસહ્ય બની રહે!

સર્યે જવામાં જ અપ્રતિમ શોભા રહી છે એમ મેં જીવનભર અનુભવ્યું છે. પર્વતમાંથી નીચે સરી પડતી નદી મેં જોઈ છે. ટેકરી પરથી નીચે ઊતરી આવતી કેડીઓ મેં જોઈ છે.

એકલોઅટૂલો હાથ કેવો અસહાય અને કરુણ લાગે છે! એ બીજા હાથમાં જઈને સરે ત્યારે કેવો સુન્દર હાથ લાગે છે! આંખમાં સરી જતી આંખ જ મનોહર લાગે છે.

સરી જવામાં ઘર્ષણ નથી, પ્રતિરોધ નથી. સવારે આછું ધુમ્મસ છવાયું હોય છે તે સૂર્ય ઊગતાં ધીમે ધીમે પ્રકાશમય બનીને અદૃશ્ય થતું જાય છે. ત્યારે ઈશ્વરના નિ:શ્વાસ જેવો પાવાગઢ કેવો અધ્ધર તોળાઈ રહેલો દેખાય છે! ઉપર જતો પર્વત એટલો મનોરમ નથી લાગતો. નીચે સરીને તળેટીમાં એકાકાર થઈ જતો પર્વત જ સુન્દર લાગે છે. સૃષ્ટિ પ્રલયમાં સરી જાય છે પછી જ ઈશ્વરમાં નવું ડહાપણ આવે છે. એ ડહાપણથી પછી આપણે શોભીએ છીએ.

ચુમ્બનમાં ભળી જતું ચુમ્બન કેવું અદ્ભુત લાગે છે! પણ મૌનમાં મૌન ભળતું નથી, બે મૌન અળગાં જ રહે છે. મૌન તો કારાગાર છે. એના સળિયા દેખાતા નથી એટલું જ. નર્યા મૌન કરતાં તો નિ:શ્વાસ સારો. એમાં પ્રાણનો સ્પર્શ તો થાય છે. મુખને ચોંટાડેલું સ્મિત શોભતું નથી, મુખ પરથી સરી જતું સ્મિત જ શોભે છે. આપણા પર સ્થિર થઈ જતી નજર અધિકારનો દાવો કરતી જરૂર

લાગે, પણ આપણા પર સહેજ ઠરીને લજ્જાથી સરી જતી નજર જ એની સાથે આપણને ખેંચતી જાય!

ચકલીઓ હંમેશની જેમ બારી આગળ ઝગડે છે. બટમોગરો ખૂબ પુષ્ટ બનીને સુગન્ધથી તસતસી રહ્યો છે, આસોપાલવ પ્રભાતના પ્રથમ કિરણના સ્પર્શે રોમાંચિત થઈને કમ્પી રહ્યાં છે. મેંદી વચ્ચેનું કરોળિયાનું જાળું પવનમાં ઝૂલી રહ્યું છે. કાચીંડો નિલિર્પ્ત ભાવે આ બધું જોઈ રહ્યો છે ત્યાં એકાએક ક્યાંકથી ચોરપગલે આવી ચઢેલો કાકડિયો કુંભાર એને ચાંચથી પકડી લે છે. કાચીંડાની પૂંછડી ખૂબ હાલી ઊઠે છે. એની પરવા કર્યા વિના કાકડિયો કુંભાર એને લઈને ઊડી જાય છે. એને જોઈને સાત લેલાંઓ ખૂબ કર્કશ અવાજે નિંદા કરે છે. બિલાડીથી જાણે આ સહેવાતું નહિ હોય તેમ એ બહાર આવીને લેલાંને ભગાડી મૂકે છે. વળી બધે શાન્તિ વ્યાપી જાય છે. આમ સંસાર નીરવપણે સર્યા કરે છે. પણ હું તટસ્થ નથી, હું એ પ્રવાહમાં જ છું.

એક બાજુ નિ:શબ્દતાનો ઊંડો કૂવો અને બીજી બાજુ મધમાખીની જેમ ગણગણતું અવાજોનું ટોળું, એક બાજુ ગડી ઉકેલી ઉકેલીને પાથરેલો કોયલનો ટહુકો અને બીજી બાજુ લીમડા અને શિરીષની ગુંજગોષ્ઠી – આ બધાં વચ્ચે બેસીને હું સમયની ધારાને સર્યે જતી જોઈ રહું છું. પછી સૂર્ય પડછાયાઓનું ધણ હાંકીને જતો રહે છે. ચન્દ્ર અનેક રોમેન્ટિક ઉદ્રેકોની ઉત્તેજના લઈને આવે છે. ચન્દ્રકિરણને મોગરાની સુગન્ધનો પાસ બેઠો હોય છે. મધુરતાનાં સર્યે જતાં બિન્દુઓની સાથે હું પણ સુખદ રીતે સર્યે જાઉં છું ઈશ્વરની હથેળીમાં.

*22-5-77*

*

# તડકાનું ઘરેણું

દિવસના ભાગમાં જે દેશમાં રહું છું ત્યાંથી જાણે કોઈ વિમાનમાં બેસીને રાતે બીજા જ કોઈ દેશમાં આવી પડું છું. દિવસનો ઉનાળો વેઠીને એકાએક ઠંડા હવામાનમાં જઈ ચઢું છું. આ ફેરફારથી મુંઝાયેલું શરીર એનો રોષ મારા પર કાઢે છે. હવે બોખા પવનને દાંત ઊગવા લાગ્યા છે. તડકો હજી સુખસેવ્ય બન્યો નથી. એના પ્રલોભનમાં ફસાઈએ તો પથારીવશ થઈ જઈએ. વહેલી સવારની નિદ્રા ઓર સુખદ બનતી જાય છે. એકાદ પરાણે ખેંચી આણેલા સ્વપ્નને રમાડતાં પડ્યા રહેવાની મજા આવે છે. એ બ્રાહ્મ મુહૂર્ત તો ગાયત્રી મન્ત્રના જાપ માટેનું છે. એવે વખતે મારો સંસારી જીવ આવી માયામાં અટવાતો ફરે છે. ત્યારે કંઈક અનુશોચથી હું મારા માહ્યાલાને પૂછું છું : 'કોઈ કાળેય તારો મોક્ષ થશે ખરો?'

બારી પાસે બેઠોબેઠો જગતને કેવળ જોઈ રહ્યો હોઉં છું ત્યારે પરદેશવાસી ફ્રેન્ચ લા ફોર્ગ મને યાદ આવે છે. હું તો ધૂમ્રપાન કરતો નથી. હું તો કેવળ લીમડાની હથેળીમાં ઝીલાયેલી હવાનું જ સેવન કરું છું. પણ મારી સામે એ ફ્રેન્ચ કવિની ધૂમ્રપાન કરતી છબિ અંકાઈ જાય છે. બારીમાંથી જોતાં લાગે છે કે પૃથ્વીને ગોળ કહેનારા ગપ મારે છે. પૃથ્વી તો નરી સપાટ છે, નિર્ધન માનવીની હથેળી જેવી. બેઠાં બેઠાં જિન્દગીમાં વેઠેલી બધી વિટંબણાઓનો

વિક્ષોભ શમી જાય છે. સમાશ્વસ્ત ચિત્તે હું દૈવને સ્વીકારી લઉં છું. હવે ભલે એને જે કરવું હોય તે કરે! હવે મરણ આવે ત્યાં સુધીનો સમય કેમ ગાળવો એટલો જ પ્રશ્ન છે. હું દેવોની નજર સામે બેઠોબેઠો નાજુક પાતળી આંગળી જેવી સિગરેટ પીતો પીતો બેસી રહું છું. આ દેહને કહું છું, ‘ટૂંક સમયમાં જ હવે તું અસ્થિસાર બની રહેશે. છતાંય તારા ઉધામા અટકતા નથી તો ભલે, અથડાયાકુટાયા કર!’ મને તો આ આકાશગામી પવન એક ભૂરા પ્રવાહમાં ઝબકોળી દે છે. એથી હું અપરિમેય હર્ષાવેશમાં આવી જાઉં છું. હજારો સુગન્ધી દ્રવ્યથી ભરેલાં પાત્રો જાણે મારી ચારે બાજુ મહેકી ઊઠે છે. હું સ્વર્ગમાં પ્રવેશું છું. અત્યન્ત વિશદ સ્વપ્નો સાથે હું ખીલું છું. ઉઘાડી આંખે હું મારી સામે હવામાં એકી સાથે મચ્છરને અને હાથીને વિલક્ષણ પ્રકારનું નૃત્ય કરતા જોઉં છું. આ સ્થિતિમાંથી જાગીને હું મારી હજી નહીં રચાયેલી કવિતાના વિચારે ચઢી જાઉં છું. આનન્દિત હૃદયે હું સરગવાની શીંગ જેવા બફાઈ ગયેલા મારા અંગૂઠાને જોઈ રહું છું.

સરસ ગરમ ગરમ ચા પીવી, જીભ આનન્દથી રવરવી ઊઠે એવું કશુંક ચાખવું, અરે, કાંઈ નહીં તો હવે પોતપોતાના અસન્તોષ ઉગ્રપણે પ્રગટ કરવાનું શીખી ચૂકેલાં મારાં અંગોને સમજાવી-પટાવીને સુમેળથી સરખાં ગોઠવીને સુખદ સ્થિતિમાં કેવળ બેસી રહેવું – આ નાનાં નાનાં સુખ આપણી કેવી તો મહામૂલી સમ્પત્તિ છે! વૈરાગ્ય કેળવવાનું મને સદા અઘરું લાગ્યું છે. ભગવાને ઇન્દ્રિયોનો સ્વભાવ જ બહિર્ગામી કર્યો હોય તો એને પરાણે પાછી અન્દર વાળનારા આપણે કોણ?

દરેક પતંગિયાની સાથે હું પાંખો ફફડાવીને ઊડું છું. ધૂળમાં નાહતી ચકલી જોડે હું પણ ધૂલિસ્નાન કરી લઉં છું. એક ડાળ પર કૂદતી ખિસકોલી સાથે હું પણ શાખામૃગ બનીને મહાલું છું. આંખ પણ સહેજસરખી ફરકાવ્યા વિના સ્થિર નિ:સ્તબ્ધ કાચીંડાની સાથે હું પણ યોગીની જેમ ધ્યાનસ્થ બની જાઉં

છું. આકાશમાંના તારાની જેમ હું પણ આંખો પટપટાવું છું. આમ હું મારામાંથી અનેક રૂપે રેલાઈ જાઉં છું. આથી મારી અંદર, ઈશ્વરના પરિમાણને સમાવવા જેટલો, શૂન્યાવકાશ રચાઈ જાય છે. આનું નામ જ આધ્યાત્મિક સાધના નહિ? ઈશોપનિષદ્ના ઋષિની જેમ હું પણ માનું છું કે આ દેહ ઈશાવાસ્ય છે. હું બધું ત્યાગપૂર્વક જ ભોગવું છું!

બધા ઈશ્વરને વિરાટ રૂપનો કલ્પે છે પણ હું એમાં સમ્મત થઈ શકતો નથી. ઈશ્વરનું રૂપ લઘુક જ હોઈ શકે. વિરાટ ગ્રહનક્ષત્રોને એણે આપણી આગળ બિન્દુ રૂપે જ રજૂ કર્યા છે એ એની નમ્રતા નથી? સુન્દર રંગોની ભાતવાળા કીટકને કે પતંગિયાને જોતાં, પોતાના ભંગુર દેહમાં સપ્તરંગોને ધારણ કરનાર જલબિન્દુ, હમણાં જ માથું ઊંચું કરીને જગતને વિસ્મયથી જોતી કૂંપળ – આ બધું જોઈને આપોઆપ મારું મસ્તક ભક્તિભાવથી ઝૂકી જાય છે. બૃહદાકારથી હું કદી પ્રભાવિત થયો નથી. જે લઘુક છે તેની કશી જોહુક્મી હોતી નથી. એનો કોઈ સ્થાને ઠસી પડવાનો દાવો હોતો નથી. શાશ્વતતા માટે એને કશો હઠાગ્રહ હોતો નથી.

ઊગમણી બારીમાંથી તડકો મારા પર એની આંગળી ફેરવીને મને ઓળખાવવાનો પ્રયત્ન કરે છે. મને આ પરિચયવિધિ ગમે છે, લીમડાઓની નીચે છાયાના ઘટ્ટ વણાટવાળા ગાલીચા પથરાઈ જાય છે. આંકડાનાં ફૂલના મધની મિજબાની થોડા સક્કરખોર આનન્દથી માણી રહ્યાં છે. કાળા આરસમાંથી ઘડેલા દેવના જેવો એક આદિવાસી આસોના તડકાનું ઘરેણું પહેરીને શોભી ઊઠે છે.

જાણું છું કે આમ બેઠા રહેવું એ આળસુનું લક્ષણ છે. પ્રવૃત્તિનું મધુચક્ર હું આન્દોલિત કરી દઉં છું ખરો, પણ ન્યૂયોર્ક કે પૅરિસમાં જઈને કોઈ સેમિનાર ગજાવવાનું મારાથી બની શક્યું નથી, લંડનમાં કોઈ પબમાં બેસીને બિયર

ઢીંચી શક્યો નથી. મોલેરૂઝની કોઈ બેલોરિના મને આકર્ષી શકી નથી, કદી ‘હેલ્યુસિનેટરી ડ્રગ’ લઈને કાવ્યસમાધિમાં સરી પડવાના પ્રલોભનને હું વશ થયો નથી. સ્પૅનિશ કવિ ફ્રેડરિકો ગાર્શિયા લોર્કા કહે છે તેમ હું શહેરના ચોક વચ્ચે છડેચોક પાંચ પાંચ ખંજરોથી ઘવાયો છું. આ વેદનાથી હું છાતીએ હાથ દઈને બેસી પડ્યો છું. હવે મારું અસ્તિત્વ એ કોઈની ગણનાનો વિષય રહ્યું નથી. નગણ્યતા અને પ્રમાદ – આ બે જ મારાં વ્યસનો છે.

*3-10-77*

*

# સન્દિગ્ધતાનું અંજન

સતત વૃષ્ટિની ધારાઓએ દૃષ્ટિમાં સન્દિગ્ધતાનું અંજન આંજી દીધું છે. અત્યારે તો ઉત્પ્રેક્ષા, ભ્રાન્તિમાન અને સંદેહ અલંકારોનું આધિપત્ય છે. અસ્પષ્ટ ચન્દ્ર અને એની નીચેની અસ્પષ્ટ સૃષ્ટિ આપણને પણ આપણી આગળ અસ્પષ્ટ કરી નાંખે છે. એથી નવપરિચયનું કૌતુક ઊપજે અને પોતાનાથી જ, અસ્પષ્ટતાને કારણે દૂર રહી ગયાનો વિષાદ પણ થાય. લાગણીઓનાં નામ પાડવાં એ હંમેશાં મને જોખમભર્યું લાગ્યું છે. જેને આપણે એક નામથી ઓળખાવીએ છીએ, તે લાગણી સાથે જ બીજી કેટલી બધી લાગણીઓનાં તંતુઓ ગૂંચવાઈ ગયા હોય છે! આથી જ તો ભૌતિક વિજ્ઞાનના કોઈ નિયમને આપણું ચિત્ત વશ વર્તતું નથી.

સતત વૃષ્ટિની ધારાના એકસૂરીલા ધ્વનિની ઓથ લઈને કંઈ કેટલુંય મૂંગું મૂંગું ચિત્તમાં પ્રવેશે છે. રિક્ત દર્પણોમાંથી એકાન્તની ઝડી વરસે છે. હૃદયમાં પણ ક્યાંક અશ્રુત ધ્વનિની અવિરત ધારા વરસ્યા કરે છે. એનો લય તે ભુજંગપ્રપાત છન્દનો લય છે. આંબાની ડાળ પર બેઠેલા વાંદરાની ને મારી દૃષ્ટોદૃષ્ટ થાય છે. કશાકનું સન્ધાન થાય છે, પણ એને ભાષામાં નિબદ્ધ કરવાની અધીરાઈ મને નથી. વાંદરાની ગતિના એક હડસેલાથી પારિજાત ખૂબ બધાં ફૂલો ખંખેરીને એક સાથે કેટલું બધું બોલી જાય છે.

અત્યારે તો જીવનનું સૌથી મોટું મોજું રાતોરાત ઊંચા વધી જતા ઘાસમાં દેખાય છે. મધુમાલતીના પર્ણગુચ્છની આડશે થોડાં ટીખળી જળબિન્દુઓ ખો ખો રમે છે. નજર નીચી ઢાળીને લીલું લીલું ઘાસ ચરતી ગાયની એકાગ્રતાને હું મુગ્ધ બનીને જોયા કરું છું. વેંગણના નાના છોડનાં પાંદડાંને સીવી લઈને દરજીડા હવે માળો સજાવી રહ્યાં છે. ભદ્ર કુટુમ્બનાં નહિ એવાં થોડાં અજાણ્યાં ફૂલોનું ટોળું આવી ચઢ્યું છે. ચંદનના વૃક્ષ પર શિશુના કાલાકાલા શબ્દો જેવી ઝીણી કૂંપળો બેઠી છે. અળુના પાનની ઊંડી હથેળીમાં વર્ષાનાં મોતી ઝીલાયાં છે. ઘરમાં લંબાઈને પડેલી પડછાયા પંક્તિઓને હું ઉકેલવા મથું છું. કોઈ લુપ્ત સંસ્કૃતિની લુપ્ત ભાષા વાંચતો હોઉં એવું લાગે છે. નળિયા પર બાઝેલી મુલાયમ લીલ પણ ઝીણા અક્ષરે અંકાયેલ લિપિ જેવી છે. બરછટ કોન્ક્રીટની પર તો એક જળ સરખું ટકી રહેવા નથી ઇચ્છતું. પ્રકૃતિના જગતમાં એ અસ્પૃશ્ય ગણાય છે. સવારના વાંકા પડછાયાઓને સાંજના તડકાની આંગળી સીધા કરી દે છે. પરિચય કરવા જાઉં છું ત્યાં તો એકાએક બધું સંકેલાઈ જાય છે.

બાળપણમાં આવી વરસાદી રાતે દીવાની થરકતી જ્યોત ઘરના અસબાબને ટુકડે ટુકડા કરીને વિખેરી નાંખતી. આજે મન તે વેળા સંઘરેલી કેટલી બધી ખણ્ડિત છબિઓને સાંધવા બેસી ગયું છે. કોઈક વાર એકાદ સુરેખ ચિત્ર ઊપસી આવે છે. ત્યારે સમયનો એક ભુંસાઈ ગયેલો ખણ્ડ સજીવ થઈ ઊઠે છે. પણ એ બધું ભીના કાગળ પર પ્રસરી જતાં અક્ષરો જેવું છે. અક્ષરોના રેલા એકબીજામાં ભળી જાય એથી જે ભાષા બને છે તેને હવે આજે ઓળખવાનું મુશ્કેલ છે.

આ ઋતુમાં જળમાં આખું આકાશ અને કેટલો બધો પવન ઓગળી ગયા હોય છે. માટે જ તો વર્ષાના જળનો મહિમા છે. વર્ષાજલબિન્દુઓને કાન માંડીને

સાંભળું છું. એ કશુંક આકાશી સત્ય ઉચ્ચારે છે. એનો મને ક્યારેક ખપ પડશે એવા ખ્યાલથી એ સત્યને અકબંધ સંઘરી રાખું છું.

મારું પોતાનું શરીર મને કોઈ અપરિચિત ભૂમિખણ્ડ જેવું લાગે છે. ગાઢ વનરાજિથી આચ્છન્ન એની ટેકરીઓની ટૂંક ક્યાંક અલપઝલપ દેખાય છે. એની પાછળ જ ક્યાંક એ પ્રદેશનો સૂર્ય ઢંકાઈ ગયો હશે. કોઈક અરણ્યની ઝાડીમાં કદાચ એ અડબડિયાં ખાતો હશે. આછી ઝાંખી એક સ્મૃતિ સળવળી ઊઠે છે. કોઈક કાયાના સાગરમાં ક્યારેક સુખથી મેં મારી નાવને તળિયે ડૂબાડી દીધી હતી. આકાશમાં છવાયેલી મેદુરતાનો ત્રાસ મને કોઈકની અલસ નિદ્રાનો વિસ્તાર મને દૂર દૂરથી સ્પર્શીને કશાક અજાણ્યા ઘેનથી પરવશ કરી ગયો હતો.

ઘૂંટી સમાણા કાદવમાં ખૂંપી ગયેલા મારા બાળપણના એ ચરણોને હું શોધું છું. એમાં એક બાવળનો કાંટો હજી રહી ગયો છે. જેને રમતની ઉત્તેજનામાં બહાર કાઢવાનું જ ભૂલી જવાયું હતું. હજી કોઈક વાર એ રહી રહીને મને પીડે છે. એની વેદના એકદમ નથી ઓળખાતી એટલે હું નવું જ નામ આપી બેસું છું ને વિયોગિની વૃત્તમાં એની આજુબાજુ એક કાવ્ય રચી દઉં છું. ઊંઘરાટાયેલી આંખે સાંભળેલી અર્જુનના મત્સ્યવેધની એ માછલી હજી વીંધી શકાઈ નથી.

રાતે વરસાદ એકાએક થંભી જાય છે ત્યારે ઘરમાંના નળ ઊંડા શ્વાસ લે છે તે સંભળાય છે. પારિજાતનાં મૂળ ભીની માટીને ખસેડીને ઊંડા ઊતરવા મથે છે તે પણ હું સાંભળું છું. ભીંત પરથી ગોકળગાય સરે છે તેનો અવાજ મને સંભળાય છે. આ બધા અવાજો મારી નિદ્રામાં અનેક છિદ્રો પાડે છે. એમાં થઈને હું અનેક પૂર્વજન્મોનાં જુદાં જુદાં વિશ્વોમાં ભમતો થઈ જાઉં છું.

દિવસ તો થઈ ચૂક્યો છે, પણ જગતને વાસ્તવિક બનવામાં હજી વિલમ્બ

થઈ રહ્યો છે. વાસ્તવિકતાની પાતળી સેરની આજુબાજુ હજી ધૂંધળી રહસ્યમયતાના કાળા ભમ્મર સરોવરમાં તરતી કાળી નાવડીમાં જે બેઠું હતું તે એકાએક અદૃશ્ય થઈ ગયું છે. ધીમે ધીમે વૃષ્ટિના ભેજમાં પ્રકાશ શોષાતો જાય છે. હું નિરુદ્ધ શ્વાસે સૂર્યના સ્પર્શની પ્રતીક્ષા કરી રહ્યો છું. ભીની થયેલી ચોપડીનાં પાન જેવા મારા શ્વાસ એકબીજા સાથે ચોંટી ગયા છે.

મારી એક બારીનો કાચ નર્યો પારદર્શક છે. ઘરમાં કુતૂહલથી આવી ચઢેલો હોલો એ પારદર્શકતાને કારણે કાચનો અંતરાય જ નથી એમ માનીને બારી બહાર જવા ધસે છે ને એનો જ ધસવાનો વેગ એને બમણો પાછળ હડસેલી દે છે. બીજી બારીનો કાચ મોતિયો આવેલી આંખ જેવો છે. એ કેવળ આછા પ્રકાશને અંદર આવવા દે છે, બહારની વસ્તુઓનાં પ્રતિબિમ્બને એ એમાંથી ચાળી નાંખે છે. આ બે જુદા જુદા કાચની આંખે ઘરમાં પુરાઈ રહીને હું બહારની સૃષ્ટિને જોઈ રહું છું. બન્ને આંખ એકબીજા સાથે સંમત થતી નથી. એટલે જ કહું છું કે હમણાં તો સન્દિગ્ધતાનું જ રાજ ચાલે છે.

21-8-81

*

# કર્બુરતાની માયા

હજી તો જેઠ ચાલતો હતો, આપણે આષાઢના પ્રથમ દિવસની રાહ જોઈને બેઠા હતા. ત્યાં જાણે એકાએક ભાદરવો બેસી ગયો છે. વાતાવરણમાં દિવંગત પિતૃઓના નિઃશ્વાસનો ભેજ છે. ગઈ કાલે આથમેલા સૂર્યનાં કેટલાંય બીજ ઝાકળમાં રોળાઈ ગયાં છે. પ્રકાશમાં ડૂબી જતા અન્ધકારના પ્રચંડ ઓઘનો અવાજ સાંભળીને હું જાગી ઊઠું છું. એ મુહૂર્ત ડૂબી જવાનું, ઓગળી જવાનું મુહૂર્ત છે. પણ પ્રશ્ન આ છે : મારામાંથી મારા અસ્તિત્વને શી રીતે સિદ્ધ કરવું? કોઈ ચાલી જાય છે તો તેનાંય ચિહ્ન રહી જાય છે. એ ચિહ્નોના પાયા પર તો આપણે સ્મૃતિનો સાત માળનો મહેલ ચણવા મંડી પડીએ છીએ. મારા ચાલ્યા જવાની ગતિની કોઈ કેડી કે ચીલો ન પડે એ રીતે મારે ચાલી જવું જોઈએ.

સમસ્યા આ જ છે : નિશ્ચલતામાંથી જ તરંગરૂપે ઉદ્ભવેલી ગતિનો વિલય શેમાં કરવો? મુક્ત નિર્બાધ પવનમાં? પણ પવનનેય વાચા છે, પવનનેય સ્પર્શ છે. ઘણી વાર જાણે મારા મૃત પિતાએ ખભે હાથ મૂક્યો હોય એવું અનુભવીને હું સફાળો પાછળ જોઉં છું. સૂર્યની ગતિનો ગ્રાફ આંકતા પડછાયામાં ભળી જવાય ખરું? આકાર રહે પણ સત્ત્વ વિનાનો, નામ વિનાનો, વિશિષ્ટતા વિનાનો. પડછાયા એટલે અનેક વિકલ્પોની હારમાળા, કારણ કે એક્કેય

પડછાયો સ્થિર હોતો નથી, પણ કોઈ વાર ખીચોખીચ બસમાં કોઈકની આંખમાં પડછાયાની એકાદ પરિચિત લકીર જોઈને ચોંકી ઊઠું છું.

કોઈ ફિલસૂફની જેમ મેં જીવનના પ્રશ્નો વિચાર્યા નથી. જોવું, કેવળ જોઈ રહેવું એ જ મારી તો પ્રવૃત્તિ રહી છે. પણ 'દૃષ્ટિ', 'દર્શન' શબ્દ જ કાવતરાખોર શબ્દો છે. એ 'દૃષ્ટિ'ની આગળ 'જીવન' ગોઠવાઈ જાય છે, ને એકાએક એક નવી જ જવાબદારી વહોરી લેવા જેવું થાય છે. જોવા પ્રેરાઈએ ભલે વિસ્મયથી કે કુતૂહલથી, પણ એને અન્તે મનમાં કશી ભાત ઊપસી આવતી નથી. એ ભાતની રચના કોણ કરે છે? જે જોયું તેને સમજાવવાની જવાબદારી માથા પર આવી પડે છે.

મને લાગે છે કે દૃષ્ટિમાં વિરોધોનું અન્તર લુપ્ત કરવા જેટલી વ્યાપકતા હોય તે દૃષ્ટિ સાચી. એ 'હોવું' સાચું જેને 'ન હોવું' સાથે વિરોધ ન હોય. આપણું 'હોવું' કશું વજન ન ધરાવે એવું હોય તે જ ઇષ્ટ છે. આને જ તમે કહો 'કર્મફલ ત્યાગ.' બંગાળના બાઉલો એને જ કહે છે 'જાનતે મરા' – જાણીને મરવું. અસ્તિત્વ આપણી સિદ્ધિ નથી, એ તો આપણા ઉપર લાદેલું જ છે. એ અસ્તિત્વના વજનને નિઃશેષ કરી નાખવું એ આપણી જીવનપ્રવૃત્તિ હોઈ શકે. આમાં કોઈ નિરાશા કે હતાશા જુએ તો તે સાચું નથી. હવામાં ઊંચે સુધી તોળાઈ રહેલા પર્વતોનું કોઈ વજન આપણે અનુભવતા નથી. ઘટાદાર વૃક્ષ તેની છાયા જેટલું જ આપણને ભારહીન લાગે છે. પણ વજનદાર માણસો આખા સમાજને કચડી નાખે છે. વજન ઇષ્ટ નથી, કારણ કે એ આપણને કચડી નાખે છે. આથી જ તો આધ્યાત્મિક સાધનામાં આપણે જેમ જેમ આગળ વધીએ તેમ તેમ નિરાકાર, નિર્ગુણ અને શૂન્યતાના પર્યાયરૂપ બ્રહ્મ તરફ જ ગતિ કરીએ છીએ.

મેં અનુભવ્યું છે કે પ્રાચુર્ય અને વજનહીનતા વચ્ચે વિરોધ નથી. સૂર્યનાં

કેટલાં બીજ ઝાકળમાં વેરાયેલાં હોય છે, પણ એના ભારથી મારી આંખો ઝૂકી જતી નથી, એ એમાં વેડફાઈ જતાં નથી. ધાન્યના કણકણમાં એ સૂર્ય ફરી અવતાર લે છે. જળમાં ઉષ્મારૂપે એ રહે છે. આપણી આંખમાં પણ એ વાસો કરે છે, હૃદયમાં રહીને એ જ આપણા એક ધબકારની પાછળ બીજા ધબકારને દોડાવે છે. મારી નાડીમાં હું સૂર્યના પગરવને જ સાંભળું છું. આપણે પણ પ્રાચુર્યના વૈભવને ઝંખીએ છીએ. ખેડાયેલી ધરતીની જેમ આપણે ફાલી ઊઠવા ઇચ્છીએ છીએ, વૃક્ષની જેમ પલ્લવિત થવા ઇચ્છીએ છીએ. મારી બારી પાસે લંબાયેલી વૃક્ષની શાખા પર ફૂટતી નવી કૂંપળને જોઈને હું રોમાંચિત થઈ ઊઠું છું. ફૂલની કળીનો અનાવરણ વિધિ સૂર્યની આંગળીઓથી થતો જોઉં છું ત્યારે એ સમારમ્ભમાં ઉપસ્થિત રહેવાનું નિમન્ત્રણ પામીને હું ગૌરવ અનુભવું છું. વર્ષામાં હજી તો હમણાં જ જન્મીને વીજળીના તારને આધારે ચાલવા શીખેલા જળબિન્દુને જોઈને હું ખુશ થઈ જાઉં છું. વૈશાખમાં યૌવન પ્રાપ્ત કરીને પ્રમત્ત બનેલા પવનનો ઉષ્માંક હું સુખપૂર્વક સહી લઉં છું. રસથી તસતસતા ફળની જેમ હું ગ્રીષ્મમાં સૂર્યથી પુષ્ટ થાઉં છું. આકાશના નીલ અવકાશને ભરી દેવાનું પ્રાચુર્ય હું ઝંખું છું. મારી કાયામાંથી અનેક સૂર્યો ફેંકાઈને અનેક સૌરમંડળો રચે, નવી પૃથ્વી એના દસવીસ ખણ્ડો સાથે ચાક લેતી થઈ જાય, નવી નદીઓ સાત સાગર નહીં પણ ચૌદ સાગરમાં જઈને મળે, એમાં ભરતીઓટનાં સ્પન્દન હું અનુભવું. ભગવાનની જેમ મને પણ આવા વિરાટ રૂપને પ્રગટ કરવાની ઇચ્છા થાય છે.

ખરી પડીને જળપ્રવાહ પર તરી રહેલાં પાંદડાં જોઉં છું ત્યારે એના દુ:સાહસની હું ઈર્ષ્યા કરું છું. સરકારી નોટનો સિક્કો બદલાવો ન જોઈએ, તો જ એના મૂલ્યમાં ફરક નહીં પડે. પણ આપણું જીવન એવી સ્થિર નિશ્ચિતતાની ગેરંટીના સિક્કાવાળું બની રહે તો એની બધી કિંમત ખોઈ બેસે. ભગવાને જ દસ અવતાર ધારણ કરીને આપણને માર્ગ ચીંધ્યો છે. આથી જ તો હું એકીસાથે ઉદ્ભિજ છું, ખનિજ છું, અંડજ છું, જળચર છું ને સ્થળચર

પણ છું. આ 'હું છું' કહેવાનો અહંકાર જ આપણી પરમ સંપત્તિ છે. આથી જ તો એને મિટાવી દેવાના પ્રયત્નો થાય છે ત્યારે આપણે અસ્તિત્વને જ સાવ મિટાવી દેવાનો વિકલ્પ સ્વીકારી લઈએ છીએ.

કોઈ વાર જ્ઞાનતન્તુના જાળામાં ફસાયેલો મારો જીવ અકળાઈ ઊઠે છે. અનેક પ્રકારનાં વેદનોના ઘાતક પ્રત્યાઘાતનો ગ્રાફ સાચવતું મારું મગજ થાકી જાય છે ત્યારે નિશ્ચલ એવી કશીક શાન્તિને હું ઝંખું છું. પણ આ સ્થિતિ ઝાઝી ટકતી નથી. પંખી જે જાળમાં ફસાયું છે તે જાળ લઈને જ ઊડી જાય છે. ઊડતાં ઊડતાં એ ટહુકો કરે છે. એનાથી ફરી આનન્દનો સંચાર થાય છે. ફરી આનન્દોપનિષદ રચાવા માંડે છે. સત્યાગ્રહ કે દુરાગ્રહ કે હઠાગ્રહ જીવવા માટેના સાધન તરીકે ખપમાં આવતા હશે પણ મારે મન તો આનન્દાગ્રહ જ સાચો છે. એ જ આનન્દનો આગ્રહ હું મારી પાસે ઝૂકેલી જૂઈના મુખ પર જોઉં છું.

આ દિવસમાં કર્બુરતાની માયા લાગે છે. જ્યાં ને ત્યાં તડકા-છાંયડાની, પવન અને જળની, આંસુ અને હાસ્યની, પ્રવૃત્તિ અને પ્રમાદની કર્બુરતાની ભાત દેખાય છે. થોડા જ દિવસોમાં કન્યાઓ હથેળી પર મેંદીથી રમણીય ભાત ઉપસાવશે. કેટલાકને માટે તો એ પ્રેમના પ્રથમ સ્વાક્ષર બની રહેશે. વર્ષા શરદ તરફ ઢળશે એટલે તનમનિયા, ગુલબાસ ને પારિજાતની રંગબેરંગી ભાત ઊપસી આવશે. પછી નદીને કાંઠે શરદલક્ષ્મીની કાશની ચામર ઝૂલશે, આ બધું મારે તો ઊંચે શ્વાસે જોવાનું રહેશે, કારણ કે મારે તો દર શરદે જીવવાનો પરવાનો તાજો કરાવવાની અરજી કરવી પડે છે. જો અરજી મંજૂર થઈ તો ઠીક, નહીં તો –

અહીં ઘરમાં બાઇનોક્યુલર લઈને બેઠો છું. લીમડાના પાંદડાની છેક પડખે બેસીને એની ચંચળતા અનુભવું છું. અબાબીલની આંખમાં આંખ માંડીને

જોઉં છું. મીઠો ટહુકો કરતા દૈયડને ડિટેક્ટીવની જેમ શોધું છું પણ એનો પત્તો મળતો નથી. પણ આ બાઇનોક્યુલરથી નર્મદા કે તાપી અહીં બેઠા બેઠા દેખાતી નથી, મારા ચરણ ચંચળ બની ઊઠે છે. હમણાં જ વહેતી થયેલી અને એ વહેવાનો આનન્દ કલકલ નાદે પ્રગટ કરતી નાનકડી નદીમાં ઘૂંટી ડૂબે એટલા પાણીને ડખોળીને ચાલવાનું મન થાય છે. આકાશમાં છવાયેલા વાદળની છત્રછાયા નીચે કોઈ ચક્રવાતોની જેમ પરિભ્રમણ કરવાને મન ઉત્સુક થઈ ઊઠે છે. આથી જાણે હું જેના પર બેઠો છું તે ખાટલાને પાંખો ઊગે છે અને અરેબિયન નાઇટ્સના કોઈ પાત્રની જેમ હું ઊડવા લાગું છું.

હું જાણું છું કે આ ઊડવાના દિવસો નથી. આપણે કાંઈ પંખી કે પશુ થોડા જ છીએ? આપણે તો નિયમ નિયન્ત્રણને વશ વર્તીને જીવવાનું હોય. આ નિયમ નિયન્ત્રણ જ આપણી સંસ્કૃતિની વિશિષ્ટતા છે. વધારે ઝડપથી દોડવું હોય તો અમુક નિયન્ત્રણો સ્વીકારવાં જ પડે, આપણી સંસ્કૃતિ હવે હરણફાળ ભરવા ઇચ્છે છે માટે નિયન્ત્રણો પણ વધારવાં જ જોઈએ. દરેક સંસ્કૃતિ એક તપ છે, તપમાં જ સંયમ-નિયમનો ભારે મહિમા હોય છે. તપ એકાન્તમાં એક વ્યક્તિ કરે એવી પ્રાચીન પ્રણાલીને વળગી રહેવાની જરૂર નથી, હવે સામૂહિક કે પ્રજાકીય તપનો યુગ આવ્યો છે.

મારા ઘરનો હું સ્વામી છું. સાંજે સાડાસાત પછી સૂર્યનો મારા ઘરનો પ્રવેશાધિકાર રદ કરીને હું પ્રવેશબંધી ફરમાવી દઉં છું. રાત વેળાએ ગમે તે બારીમાંથી ડોકિયાં કરવાની ચન્દ્રની અશિષ્ટતાને હું હરગીજ ચલાવી લેવા તૈયાર નથી. પવનનું ઉડાઉપણું મને પસંદ નથી, એના પર થોડાં નિયન્ત્રણો લાદવાનું વિચારી રહ્યો છું. મધરાતે ટહુકો કરતા નરકોકિલનું મવાલીપણું મારા ઘરની શિષ્ટતાનો ભંગ કરે છે. બારી પાસેની જૂઈ પણ એના અત્તર છાંટેલા રૂમાલ લઈને કોઈ છકેલની જેમ ઊભી રહે છે એ પણ મને શિષ્ટ વ્યવહાર લાગતો નથી. ઘરમાંના ચકલા-ચકલીને કુટુમ્બનિયોજનનો કાર્યક્રમ

સમજાવવાનો સમય પાકી ગયો છે. નવા ઘરમાં તોફાની બાળકો ને જુવાન વિધવાઓને પૂરી રાખવાના ઓરડાની વ્યવસ્થા હોતી નથી, એ જ બતાવે છે કે આજની મકાનરચનાનો આપણી સમાજવ્યવસ્થા સાથેનો સમ્બન્ધ જળવાઈ રહ્યો નથી. આ બધાંની ફેરતપાસ કરવા માટે હું એક ઉચ્ચસ્તરીય સમિતિ રચવાનું વિચારી રહ્યો છું.

*7-7-75*

*

# સરસ્વતીનું ઉત્થાપન

આમ તો અત્યારે કોઈને નહીં ભણાવવાનો આદેશ છે, પણ હું ધોળે દિવસે વિદ્યાપીઠમાં ભણાવવાની 'ભૂગર્ભ' પ્રવૃત્તિ કરું છું. શરૂઆતમાં તો ભણનાર એકલદોકલ વિદ્યાર્થીને ભય લાગતો, કારણ કે આ દિવસોમાં ભણવું એ તો દ્રોહ ગણાય! અમે ફિલસૂફીની ચર્ચા કરતા હતા. 'માઇન્ડ' અને 'મેટર'ની ડાયકોટોમીથી શરૂઆત કરીને મટેરિયાલીઝમ, રિયાલીઝમ, એમ્પીરીસીઝમ, આઇડિયાલીઝમ, સોલિપ્સિઝમ – આ બધાં ક્ષેત્રોમાં ઘૂમી વળ્યા. દેકાર્ત, બર્કલી, હ્યુમ, લોકથી કાન્ટ અને હુસેર્લ સુધી પહોંચ્યા. 'આઇ થીંક ધેરફોર આઇ એમ'થી તે 'આઇ એમ ધેરફોર આઇ થીંક' સુધીનું ચક્ર પૂરું કર્યું. એસેન્સીયાલીઝમ અને એક્ઝીસ્ટેન્શીયાલીઝમ વચ્ચેનો ભેદ સમજ્યા.

ચારે બાજુ વિદ્યાપીઠમાં સ્મશાનવત્ શાન્તિ હતી. બધાં મોટાં મોટાં મકાનોમાં માત્ર ચકલાં જ ફરકતાં હતાં. વિદ્યાધામ સાવ સૂનું હતું. સરસ્વતીનું ઉત્થાપન કર્યું હતું. મકાનોમાંની પોકળતા અમને ઘેરી વળતી હતી. વિદ્યાર્થીઓના અવાજો ક્યાંય સંભળાતા ન હતા. મનમાં ખેદ વ્યાપી જતો હતો. પુસ્તકાલયનાં દ્વાર પણ બંધ! રખેને ઉશ્કેરાયેલા વિદ્યાર્થીઓનાં ટોળાં પુસ્તકો બાળી નાખે તો!

કેટલાય સમયથી ચાલી આવતી આ સ્થિતિને સમાજ અને સરકાર નિભાવી લે છે એ હજી જાણે માન્યામાં આવતું નથી. આ ઉચ્ચ શિક્ષણનો હું ઝાઝો મહિમા કરતો નથી. સાહિત્યનું શિક્ષણ લેનાર સાહિત્યમાં જે શ્રેષ્ઠ છે તેમાં પ્રવેશ સુધ્ધાં મેળવ્યા વિના વિદ્યાપીઠ છોડી જતો હોય છે. બૌદ્ધિક સજ્જતા વિદ્યાર્થી પૂરતી માત્રામાં પ્રાપ્ત કરતો નથી. જીવનને જોવા-સમજવાનો મૌલિક અભિગમ કેળવવાની સૂઝ એને પ્રાપ્ત થતી નથી. આ પ્રાપ્ત ન કર્યાની ઊણપ પણ જો એને સાલતી નહીં હોય તો એ વિદ્યાપીઠમાં જવા શા માટે અધીરો બને કે વિદ્યાપીઠ બંધ રહે તો અકળાય પણ શા માટે?

વાતાવરણમાં ખિન્નતા છે. દેશના ભાવિ વિશે વિચારનારા હાસ્યાસ્પદ ઠરે છે. બૌદ્ધિક ઊહાપોહને માટેનો કશો ઉત્સાહ દેખાતો નથી. સમસ્યાઓ સંકુલ બનતી જાય છે. આ સ્થિતિમાં દેશના ભાવિની ચિન્તા યુવા પેઢી નહીં કરતી હોય તો આપણે પરિસ્થિતિને શી રીતે પહોંચી વળશું?

આ ગ્લાનિ તો છે જ, તેમાં પ્રકૃતિએ પણ એવું રૂપ ધારણ કર્યું છે જે એમાં ઓર વધારો કરે છે. છેલ્લા બેત્રણ દિવસનું આકાશ જોતાં એવું લાગે છે કે જાણે વસન્તને માટે સંચારબંધી જાહેર કરવામાં આવી છે. હજી પવન ઉત્તર તરફથી જ વાય છે. દક્ષિણાનિલની વાત કરવાનો કશો અર્થ નથી. બાકી ફાગણમાં મારું મન અહીં રહેતું નથી. એ સોનગઢ તરફ દોડી જાય છે. તૂરનો અને કાંસાની થાળીનો અવાજ સંભળાય છે. એના લયબદ્ધ સૂરમાં મનને વિહ્વળ કરી નાખવાની અદ્ભુત શક્તિ છે. ગરીબાઈએ આનન્દને ભૂંસી નાખ્યો નથી. ખાખી જાંઘિયાના કાણા ખિસ્સામાં મરવા અને મીઠાની પડીકી મૂકીને ભરબપોરે નીકળી પડીએ છીએ. કિલ્લાની તળેટીમાંનાં વૃક્ષોની ગન્ધ, પલ્લવછાયાની શીતળતા બાદશાહી ઠાઠથી માણીએ છીએ. મારું નાક ત્યારે અનુભવેલી વિશિષ્ટ ગન્ધથી ઉત્તેજિત થઈ ઊઠે છે. વસન્તની બપોરનો એ અલસમંથર પ્રહર હું અહીં બેઠો બેઠો ઝંખું છું.

અહીં તો આકાશ જોવા જેવું રહ્યું નથી. હૃદય ગ્લાનિના સમુદ્રના ઊંડાણમાં ધરબાઈ ગયું છે. બાળપણનું એ ગામ પણ ક્યાંક તળિયે બેસી ગયું છે. એ પરિચિત અરણ્યનાં વૃક્ષોની ઝૂમતી શાખાઓને જોવાને આંખ અધીરી બને છે. આકાશ ભરબપોરે ઘવાયેલી ટિટોડીની જેમ કકળી ઊઠતું સંભળાય છે. એ દૂરના સમય અને આજના સમયની વચ્ચે સેતુ બાંધવા મથતું મારું મન થાકી ગયું છે. થોડી અરાજકતાને નાથવા મથ્યો હતો, પણ કશાક ઝંઝાવાતને કારણે બધું ધસી પડ્યું છે. કશા રક્ષણ વિનાનો નર્યો નિરિહ હું ઘૂઘવાતા શૂન્ય વચ્ચે જાણે થરથરતો ઊભો રહ્યો છું. ઉત્તર તરફના બારણા આગળની મધુમાલતીની એ કુંજ યાદ આવે છે. શીમળાનો કાંટો અને ગુંદીની છાલથી મોઢું લાલ કરવાને જીભ રવરવે છે. ધની ગાયના ધારોષ્ણ દૂધનું ફીણ હોઠે લાગેલું છે. ગયા વર્ષના ભમરડા અને લખોટી જડતા નથી. વર્ષને અન્તે ફાટી જવા આવેલી ચોપડી દાદા પાસે સંધાવી લેવાનું યાદ રહ્યું નથી. સવારે મોગરાની સુવાસ પહેલવહેલો જગાડી મૂકે છે. દાદા કેળના પાન પર ઝીલાયેલા ઝાકળને આંખમાં આંજી આપે છે. વહેલી સવારે મારી બંધ આંખો આ બધાં દૃશ્યો જોયા કરે છે.

એ દિવસોનો સૂર્ય આજે ક્યાંથી લાવવો? આંગણામાંના હીંચકા પર પડતી બહેડાના ઝાડની એ છાયા ક્યાંથી લાવવી? કૂવા પાસે પડેલી પાણીથી ભરેલી કુંડીની શીતળતા ક્યાંથી લાવવી? કોઈક વાર દિવસ ઠોકરાઈને ઊભો રહી જાય છે ને પાછલે પગે સરવા માંડે છે. ત્યારે આ શરીરમાંથી ઘણાં વર્ષો પહેલાંનો એ શિશુ કૂદી પડે છે. દોટ મૂકીને એ ફાગણની ચાંદનીથી છવાયેલા મેદાનમાં પહોંચી જાય છે.

ત્યાર પછી તો ઘણું અનુભવ્યું. જ્ઞાનનો ભાર ઉઠાવ્યો ને ઉતાર્યો. સુખદુ:ખની સેળભેળ કરી. મતિ મુંઝાઈ ને ભૂલો કરી. એ બધાંના ઉઝરડાથી હું મારો ચહેરો બદલી બેઠો છું. એથી જ તો ટોમસ હાર્ડીએ કહ્યું હતું કે બાળપણમાં

છોડેલા ગામમાં ફરી કદી પગ મૂકવો નહીં પણ કોઈક વાર કોઈકને મારી આજુબાજુ બાળપણનું એ અરણ્ય દેખાઈ જાય છે, તો કોઈક વાર મારી દૃષ્ટિમાં એ દિવસનું આકાશ છવાઈ જતું અનુભવાય છે. ચેતના તો એક અસ્ખલિત પ્રવાહ છે, એમાં ક્યાં કશી આનુપૂર્વી છે?

કોઈ વાર શિશુના અસ્થિર હાથે લખેલા મારા નામવાળી જૂની ચોપડી હાથે ચઢે છે. કોઈ ન જુએ એમ એમાં સૂચવાયેલા સમયના પડ વચ્ચે લપાઈ જાઉં છું. જ્ઞાન અને ડહાપણનાં પોટલાં ઉતારી મૂકું છું. એક પ્રકારની હળવાશ અનુભવું છું. ભૂલો કરીને થાક્યો છું. એક ભૂલ દૂર કરવા જતાં બીજી ભૂલ થઈ જાય છે. નિકટની વ્યક્તિની ઉદારતાનો દુરુપયોગ કરવાની મારી દાનત નથી. આથી લાગે છે કે શાન્તિથી, કશો પણ વિક્ષોભ ઊભો કર્યા વિના, નિશ્ચિહ્નતામાં સરી જવાનું મુહૂર્ત આવી લાગ્યું છે. વિદાય લઈશ ત્યારે મારા બાળપણનું એ અરણ્ય, કિલ્લાના બુરજોના એ પડછાયા, અજાણ્યાં વન્યફળ, અને એ આખી, હવે તો અલૌકિક બની ગયેલી, સૃષ્ટિ મને આવકારી લેશે. પાણીમાં થતાં પરપોટા જેટલોય અવાજ નહીં થાય, હવા પણ સહેજ સરખી હલે નહીં એ રીતે ચાલી જવાનું મને પસંદ છે.

20-3-81

*

# લાગણીઓનું ભૂતલ

જગતની માયામાં હું તો લુબ્ધ છું, કશુંક સુન્દર જોતાં આંખ તો ત્યાં ને ત્યાં સ્થિર થઈ જાય છે. અત્યન્ત પરિચિતનો આધાર શોધીને પણ આંખ સ્હેજ ટકી રહેવા ઇચ્છે છે.

પણ ઘડીભરના એવા વિરામ કે વિલમ્બનું ઐશ્વર્ય આપણા ભાગ્યમાં નથી. કવિ પણ એક સુન્દર ઉપમા કે ઉત્પ્રેક્ષા રચીને એને માણવા પંક્તિમાં અધવચ અટકી જઈ શકતો નથી. પછીની પંક્તિનું નિર્માણસૂત્ર તરત એને સંભાળી લેવાનું રહે છે. રિલ્કેએ સરોવરને જોઈને આથી જ ઈર્ષ્યાપૂર્વક આશ્ચર્ય પ્રગટ કર્યું છે. સરોવર જાણે કશું અદ્‌ભુત જોતાં વિસ્મિત થઈ ગયેલી આંખ ન હોય! આપણે સામે જે દૃશ્ય જોઈએ છીએ તે એની દૃષ્ટિગોચરતાને કારણે આપણને અતિપરિચિત લાગે છે. પણ એ શ્રુતિગોચર છે તે આપણે કલ્પ્યું છે ખરું? અંદરબહાર બધું નિઃશબ્દ કરી દઈને કાન સરવા રાખીને, સાંભળીએ તો એનો સ્વર જરૂર સંભળાય છે. બહારના તૃણાંકુરમાં કેટલો બધો આનન્દ રણકી ઊઠતો હોય છે! શિરીષમાં ને લીમડામાં પવનની ભાષા જુદી હોય છે. આમ જે અશ્રુત રહી ગયું છે તેને માટેની ઝંખના પણ આપણામાં જાગે તો આનન્દનું એક નવું પરિમાણ આપણી આગળ ઊઘડી આવે.

આ અન્દરબહારનો મામલો ભારે અટપટો છે એમ આપણે માનીએ છીએ, વાસ્તવમાં એ ભેદ કૃત્રિમ છે. જે બહાર છે તેને નર્યું બહાર રહેવા દેવાનું આપણને પરવડતું નથી. જે અંદર છે તેને જો અંદર જ પૂરી રાખીએ તો એના ભારથી આપણે કચડાઈ મરીએ. આથી અન્દર અને બહારના સામસામેનાં બે અન્તિમો જ્યાં મળી જતાં હોય એવી ભૂમિકાની આપણે શોધ કરવાની રહે છે. રિલ્કેએ તો કવિનું મુખ્ય કાર્ય એ ભૂમિકા રચવાનું જ માન્યું છે.

આવો જ બીજો ભેદ અલૌકિક અને પાર્થિવ વચ્ચેનો છે. એ ભેદ આપણને પરલોકની કલ્પના કરવા પ્રેરે છે. જેને તુચ્છ ગણતા હોઈએ છીએ તેની સાથે હૃદયનો મેળ સધાય છે ત્યારે એ એની તુચ્છતા ખંખેરીને અદ્ભુત બની ઊઠે છે. ચાંદનીમાં થોરનો પડછાયો પણ દર્શનીય બની રહે છે. આકાશના તારાનું સૌન્દર્ય જોતા હોઈએ ત્યારે જ પૃથ્વીની માયા હૃદયને ભરી દેતી હોય છે. જે હૃદયનું પૂરેપૂરું બની ચૂક્યું હોય છે એમાં પાર્થિવ-અપાર્થિવના ભેદની ભૂમિકા જ લુપ્ત થઈ જાય છે. જ્યાંથી હૃદય પ્રત્યાઘાત થઈને પાછું ફરે છે ત્યાં જડતા પ્રસરતી જાય છે. કેવળ પૃથક્ પૃથક્ વસ્તુને મહેચ્છા મુજબ જોવી, પ્રકીર્ણ આનન્દ મળે તેવો ને મળે ત્યારે લઈ લેવો એ વૃત્તિ સાચી નથી. આ પૃથક્ અને પ્રકીર્ણ કશાક અજાણ બૃહત્ એવા આધારને ચીંધે છે. ધીમે ધીમે આપણા અનુભવને પરિણામે આ આધારની ભૂમિકાને સ્પષ્ટ કર્યે જવી એ પણ સાચા કવિનું કાર્ય છે. આકસ્મિકથી અભિભૂત થઈ જઈએ તે નહિ ચાલે, એવા સન્દર્ભને પામવો જોઈએ જેમાં કશું આકસ્મિક નહિ લાગે. એ ભૂમિ પર જ આપણાં પગલાં હળવા પડે. આપણો શ્રમ આનન્દ બનીને છલકાઈ ઊઠે.

બારીમાંથી જોતાં પતંગિયાનું ઊડવું એ એક આકસ્મિક અને વેરવિખેર ઘટના લાગે, પણ આ પછી તરત જ પતંગિયું સૂર્યની ને આપણી વચ્ચેનો સેતુ બની જાય. એ સેતુ પર થઈને પ્રકાશનું આખું મહિમામય જગત ગતિ કરીને

આપણા સુધી વહી આવે. જેને કેવળ દૂરથી જોયું છે. જ્યાં સુધી જવાનો માર્ગ જડ્યો નથી ત્યાં જવા માટેનો સેતુ એકાએક રચાઈ ગયેલો લાગે. આ પતંગિયું જે અંદર છે તેને જ બહાર કાઢી રહ્યું છે. પતંગિયાને આ રૂપે જોઈને રિલ્કેએ કેવો આનન્દનો ઉદ્‌ગાર કાઢ્યો હતો!

અવકાશમાં જે શિલ્પ રચાય તેને કશો ભાર નહિ હોય, એ કશું ઢાંકે પણ નહિ. આપણે તો જે કરીએ તે અમુક સ્થાન પચાવી પાડે. ત્યાં બીજું કશું રહી શકે નહિ. સાચી કળા કશું રોકીને ઠસી પડતી નથી. એ એના ભાવકને મોકળું વિહારક્ષેત્ર પૂરું પાડે છે. ઘણા બોલે છે એવી રીતે કે શબ્દોનાં ચોસલાંના ભારથી આપણે કચડાતાં જઈએ. કેટલાક જ એવી રીતે બોલે કે આપણે પણ પતંગિયા કે ફૂલ જેવા હળવા થઈ ગયા હોઈએ એવું અનુભવીએ. જે વિશિષ્ટ છે તે જ ભારે છે, જે સમ્બન્ધમાં સમાવિષ્ટ છે તે હળવું છે.

કળા તો હૃદયની ભૂમિમાં દૃઢ આધાર પામવાની પ્રવૃત્તિ છે. હૃદય જોડે કશો મેળ પાડ્યા વિના જ ઘણાં તો જીવન પૂરું કરે છે. હૃદય જોડે સાચો મેળ પાડીએ નહિ ત્યાં સુધી અંદર અને બહારને જોડી શકીએ નહિ ત્યાં સુધી બધું અલિપ્ત જ રહે. એ બેના જોડાવાથી ચેતનામાં એક નવો નક્ષત્રખચિત અવકાશ વિસ્તરે. અસ્તિત્વનો સાચો મહિમા ત્યારે જ પ્રગટ થાય, પછી જગત માયા છે કે સત્ય તેની કશી દ્વિધામાં પડવાનું રહે જ નહિ.

આપણી જ લાગણીઓના ભૂતલને આપણે ક્યાં જાણતા હોઈએ છીએ? આથી જ તો ઠોકર ખાતાં ખાતાં આપણે લાગણીના પ્રદેશમાં ભમતા હોઈએ છીએ. આન્તરજીવનમાંનું જે કશુંક આપણી પકડમાં નથી આપણે તેને પામવાને માટે મથ્યા કરીએ છીએ, પણ ઘણી લાગણી એવી છે જેને એનું બાહ્ય પ્રતિરૂપ પામ્યા પછી જ પૂરી ઓળખી શકાય છે. ઘણી વાર એનું સાચું પ્રતિરૂપ આપણને લાધતું નથી ને આપણે ભૂલો કરી બેસીએ છીએ, આ

આન્તરિક વાસ્તવનો અને એના બાહ્યા પ્રતિરૂપનો મેળ પૂરો જામે ત્યારે જ આપણને અહીંનો પાઠ પૂરો ભજવતાં આવડે.

પૃથક્ પૃથક્ લાગતા પદાર્થો વચ્ચે પણ એકબીજા પ્રત્યેના આકર્ષણનાં આંદોલનો ગતિશીલ હોય છે. આ ગતિશીલતા એક પ્રાણસભર અવકાશ રચી આપે છે. પ્રકાશ પદાર્થોના વિશ્વને રચતો આવે છે. એ દૂર નાના તંતુઓને સાંધે છે. આથી જ ઘર, વૃક્ષ આ બધું આપણને એક વિશાળ પટ પર અંકિત થયેલા ચિત્રની વિગતો જેવું લાગે છે. દૂરના તારાને આપણી દૃષ્ટિ સાથે આ પ્રકાશનો તન્તુ જ સાંધી આપે છે. આથી જ તો બારીમાંથી પ્રકાશનું કિરણ અંદર પ્રવેશે છે ત્યારે જાણે આખું સૌરજગત પ્રવેશતું હોય તેવો અનુભવ થાય છે. સવારના પ્રકાશને જોવો એ જ કેવી અદ્ભુત ઘટના છે! રહસ્ય અન્ધકારને જ છે એવું નથી, પ્રકાશને પણ એનું આગવું રહસ્ય છે. પ્રકાશનાં પણ ઘણાં પોત હોય છે એ જોતો બેસી રહું તોય સમયના વીતવાનો ખ્યાલ રહે નહિ. રસોડાની અભરાઈ પરના તાંબાપિત્તળનાં વાસણોમાં સૂર્યના પડઘા સંભળાય.

વ્યાપ્તિને શૂન્ય સુધી વિસ્તારવાની ઘણી ખરી ફિલસૂફીની દાનત હોય છે. શૂન્ય સિવાય ક્યાં શમે? પણ ખણ્ડ સાંધીને અખણ્ડનો આવિષ્કાર કરતી કવિની દૃષ્ટિ પણ મહત્ત્વની છે, છાપામાં ઠલવાતો ખબરોનો ઉકરડો સવારે ગંધાઈ ઊઠે છે. પણ એમાંય માનવીની વેદનાને તો હું કાન માંડીને સાંભળું છું. ક્યાંયથી વેદનાના નીકળતા એક નિ:શ્વાસને સાંભળવાનું હું ચૂકી જવા ઇચ્છતો નથી. ફિલસૂફોની શૂન્યની કલ્પના કરતાં મને એ નિ:શ્વાસ વધુ નક્કર લાગે છે. પરદેશીઓ આપણા મન્દિરના શિલ્પ-સ્થાપત્યને ખણ્ડિત કરે ત્યારે આપણી લાગણી દુભાય પણ માનવીને હાથે માનવી ખણ્ડિત બન્યા જ કરે તેની કશી વેદના નહિ?

5-12-84

*

# સૂર્યમહિમા

ચૈત્રને થોડી વાર છે, પણ લીમડાની મંજરીની સુગન્ધ હવામાં મહેંકવા લાગી છે.

પણ આ વખતે વસન્ત જાણે વાદળ અને ધુમ્મસનું અવગુણ્ઠન છોડવા માગતી નથી. એ અવગુણ્ઠન સરી જશે પછી રહેશે કેવળ સૂર્યની પ્રખરતા. એ પ્રખરતાથી બચવા માટે વૃક્ષોની શીળી છાંય જોઈએ, પણ જોઉં છું તો વૃક્ષો છેદાતાં જાય છે. હું તો વૃક્ષોના પરિવાર વચ્ચે ઊછર્યો છું. એટલે વૃક્ષોની મને ખૂબ માયા છે. રસ્તે ચાલતાં ચાલતાં કોઈ વૃક્ષ આવે તો સહેજ ઊભા રહી જવાનું મન થાય છે. એક કવિએ કહ્યું છે તેમ વૃક્ષ પગને સ્થિર રાખવા છતાં નૃત્ય કરે છે. વૃક્ષ નહીં હોય તો પવનને ક્યાં જોવો? વૃક્ષની શાખાઓની પડછાયા બદલતી ભાત જોવાની ગમે છે. પંખી-ફૂલની લીલા વૃક્ષની શાખાઓ પર ચાલ્યા કરે છે. એ જો જોઈએ તો સમયનું ભાન નહીં રહે. ઉપનિષદના ઋષિને વૃક્ષની સ્તબ્ધતા જોઈને બ્રહ્મ જોડે એને સરખાવવાનું સૂઝ્યું હતું અથવા એમ કહીએ કે વૃક્ષ દ્વારા જ એણે બ્રહ્મને પ્રત્યક્ષ કરવાનો પ્રયત્ન કર્યો હતો. વૃક્ષનાં પાંદડાંઓને લઈને જોઈએ તો એની નસની રેખાઓની ભાતની કેટલી વિવિધતા દેખાશે! દૂર સુધી વિસ્તરેલા અવકાશમાં ક્ષિતિજની અને આપણે વચ્ચે જો વૃક્ષો ન હોય તો આપણી

દૃષ્ટિને ક્યાંય વિસામો ન મળે, એ વિશાળ અવકાશમાં કેવળ રઝળ્યા કરે. મેં તો એક વાર એવા ઘરની કલ્પના કરેલી જેમાં વચ્ચે જ મોટું વૃક્ષ હોય. પણ લોકો લીમડાને, જાંબુડાને કે પીપળાને ઘર પાસે ઊગવા દેતા નથી. એનાં મૂળ ઘરના પાયા સુધી પ્રસરે, પાયાની મજબૂતાઈ ચાલી જાય. મને યાદ છે ઘરમાં એક સાથે ત્રણ મરણ થયાં પછી કોઈએ મારા દાદાના મનમાં વહેમ ઘુસાડ્યો, લીમડાનાં મૂળ ઘર સુધી પ્રસરે તો પાયાની મજબૂતાઈ ચાલી જાય, ઘર નીચે જાય તો કુટુમ્બનાં મૂળ ઊખડી જાય. સરસ મોટો લીમડો આંગણામાં હતો તે એમણે કપાવી નાખ્યો. વહેરણિયા બેઠા. લીમડાના થડની ધોળાશ હજી યાદ છે. કોઈ વાર રાતે એ વહેરવાનો અવાજ એકસરખો સંભળાયા કરે છે.

વડની ઝૂકેલી વડવાઈઓને કારણે જાણે એ નાનાં શિશુઓ તરફ પણ વાત્સલ્યભર્યા હાથ લંબાવે છે. વડની ઘટા વિસ્તરેલી હોય છતાં એનામાં ઉચ્ચતાનું મિથ્યાભિમાન નહીં, એટલે એની શાખા પર બેસવાનું શક્ય બનતું. વૈશાખની બપોરે એ વડની શાખા પર બેસીને વાર્તાઓ વાંચતા, એવા જ કોઈક વડ નીચે કોઈક રાજકુમારે રાતવાસો કર્યો હતો. એ પુરપાટ ઘોડો દોડાવ્યે જતો હતો. ત્યાં મોટું વન આવ્યું. સાંજ ઢળી એટલે એણે આ મોટા વડને જોઈને વિસામો કરવાનું નક્કી કર્યું, થડ સાથે ઘોડો બાંધ્યો. એ વિરામ કરતો હતો ત્યાં એ વડ પર વાસ કરતાં પંખી-પંખિણી વચ્ચેનો સંવાદ એણે સાંભળ્યો. 'આ રાજકુમાર સવાર થતાં પહેલાં જો ઊગમણી દિશામાં જશે તો એક કિલ્લો આવશે. સવારે એનાં બારણાં ખૂલે એ પહેલાં જો એ ત્યાં જશે તો એને અર્ધું રાજપાટ અને કુંવરી મળશે. આ સાંભળ્યા પછી રાજકુમાર ઘડીભર ઊભો રહે ખરો કે?

સામેના મેદાનમાં વૃક્ષારોપણ થયું હતું, વડ રોપવામાં આવ્યા હતા. આજે એ બધા વડમાં રડ્યોખડ્યો એકાદ વડ માંડ બચ્યો છે. શિયાળામાં બળતણ શોધવા આવતી સ્ત્રીઓએ લીમડાઓને પાંખા કરી નાંખ્યા છે, શિરીષ

વામણા બની ગયા છે, વડ તો સમૂળા જ ગયા છે. વૃક્ષો રોપતી વખતે જ જો ખ્યાલ રાખ્યો હોય તો પાછળથી ઇલેક્ટ્રિકના તારને એ નડે નહીં. વીજળીના તારને કારણે ઘણાં વૃક્ષોનો ભોગ લેવાતો રહે છે. પ્રાચીન ઋષિમુનિઓના તપોવનના મિત્રો યાદ આવે છે. વૃક્ષોની છાયા એનું મુખ્ય અંગ હતી. ઘણી વાર મન એવી કલ્પના કરે છે, મઢુલી જેવું ઘર હોય, પાંચ ઘટાદાર વૃક્ષોની છાયા એના પર ઢળતી હોય, પાળેલો મોર આનન્દથી નૃત્ય કરે, પછી પાસે આવીને ડોક નમાવે, એ ડોક પર વાત્સલ્યથી હાથ ફેરવીએ, પછી જ એ ત્યાંથી ખસે, પશુઓ પણ નિર્ભયતાથી બેસતાં હોય, પણ એ માત્ર અહીં જ અટકી જાય છે. આ શહેરમાં તો જ્યાં જાઓ ત્યાં હંમેશાં સાથે જાણે એક કાળી બિલાડી ફરતી રહે છે. ખિસકોલી રેડિયોની અંદર ભરાઈ જાય છે, ચકલાં પુસ્તકો બગાડે છે, કબૂતરો એમની મૂર્ખાઈથી આખો દિવસ પજવે છે, કાબરનું કકલાણ આખો દિવસ ચાલ્યા કરે છે. માત્ર મેદાનમાં થોડાં પંખીને જોવાનો આનન્દ આવે છે. હુદહુદ એના માથા પરની કલગી અને એની લાંબી ચાંચ તથા ઝિબ્રા જેવા પાંખ પરના પટાથી ઓળખાય છે. ખાસ તો જાણે રંગોની ઊડતી કવિતા!

સૂર્ય હજી એવો આકરો બન્યો નથી. છતાં કશોક પ્રમાદ અત્યારથી મને ઘેરી વળે છે. પાંચસો-છસો પાનાંની કોઈ લાંબી નવલકથા અને સોપારીના કટકા લઈને બેસી રહેવાનું મન થાય છે. મનમાં વિચારોને ઢંઢોળું છું પણ સહેજસરખો ગતિનો સંચાર ક્યાંય વર્તાતો નથી. કશાક ઘેનની પરવશતામાં બધું ઓગળતું જાય છે. પુસ્તક છાતી પર રહી જાય છે. આંખ ખુલ્લી છે છતાં જાણે કશું જોતી નથી. સમયની ટક ટક સંભળાતી નથી. ઇન્દ્રિયો બધી શાન્ત થઈ જાય છે. જડતા નથી, નિદ્રા નથી, કેવળ નિષ્ક્રિયતાને ભોગવવાનો આનન્દ છે.

હું આવી સ્થિતિમાં સરી જાઉં છું. ફરી કર્તવ્યબુદ્ધિ જાગે છે. ઊભી કરેલી

જંજાળનો કંટાળો આવે છે. એ દિવસનું મારું ભવિષ્ય કહે છે : 'હાથમાં આવેલી તક પ્રમાદને કારણે ગુમાવવાનો યોગ છે.' આ ત્રયિને શરણે થવાને હું લલચાઈ જાઉં છું. પણ ઘરમાં પરીક્ષાર્થીઓ છે. એમને રાતદિવસ વાંચતાં જોઉં છું અને હું દોષિત હોઉં એવું લાગે છે. લાંબી યાદીઓ તૈયાર પડી છે, આટલાં કામ તો આટલા સમયના ગાળામાં જ પતાવવાનાં છે. તરત યાદ આવી જાય છે કે હું તો શ્રમિક છું, મનને ગમે તે અને ગમે ત્યારે લખવાની સ્વચ્છન્દતા મને પરવડે તેમ નથી. નિશાન્તે બાગમાં સુગન્ધિત જળના ફુવારા આગળ બેસવાનું મને ગમે છે. શિકારામાં બેસીને ડાલ સરોવરમાં નૌકાવિહાર કરવાનું મને ગમે છે. દાર્જીલિંગ જઈને પ્રભાતે સૂર્યોદય જોવો છે, કાંચનજંઘાનું સ્વર્ણીય સૌન્દર્ય જોઈને લુબ્ધ થવું છે. અરે, કાંઈ નહિ તો પાસેના આબુ પર્વત પર જઈને નખી તળાવના શીતળ જળનો સ્પર્શ કરવાની ઇચ્છા છે. પણ એ બધું હું મારી ઊગમણી બારીએ બેઠો બેઠો જોયા કરું છું. મેદાનમાં સૂર્યનો તાપ ઊછળી રહ્યો છે. એના મૃગજળમાં મારી આ સ્વપ્નસૃષ્ટિ તણાઈ જાય છે. મારી કેટલીય સુવર્ણદ્વારિકાઓ મૃગજળને તળિયે બેસી ગઈ છે!

સામે ખટાઉની જાહેરખબરની સુન્દરી બેઠી છે. એની પાસે દરિયાનાં ભૂરાં પાણી છે, એનાં મોજાં દેખાય છે. એને દરિયાની માયા છે. યૌવનના પ્રારમ્ભમાં ફિલસૂફીનાં તોફાનો મનમાં શરૂ થયાં ત્યારે મુંબઈમાં માટુંગા માહીમનાં દરિયાકાંઠે બેસીને એને શાંત પાડવા કલાકોના કલાક બેસી રહેતો. પણ સમુદ્રનો વિસ્તાર, એનાં મોજાં ઉપરનું આકાશ, એ નિશ્ચલ અને ચંચલનો વિલક્ષણ યોગ તો ફિલસૂફીને વળી ઓર બહેકાવી મૂકતો. ઘરે પાછાં ફરતાં થોડા વધુ વિચારતાંતણાં ગૂંચવી મૂકતો. છતાં બીજી સાંજે ફરી દરિયે જઈને બેસતો. દરિયો ભીડ વચ્ચે એકાન્તની જોગવાઈ કરી આપે છે. યૌવનના પ્રારમ્ભમાં એકાન્ત શહેનશાહના હુક્કાની જેમ માણવાની વસ્તુ હતી. આજે તો કોઈ વાર ઘરમાં એકાએક એકલો પડી જાઉં છું ત્યારે એ એકાન્ત

બિહામણું લાગે છે. ફિલસૂફી સાથે મોઢામોઢ ઊભા રહેવાની હિંમત ચાલતી નથી, બોદલેરની કવિતા કોઈ અજાણી વેદનાનો સાક્ષાત્કાર કરાવી દે છે, રિલ્કે આ પૃથ્વીની એક વિષાદભરી માયાથી મને ભરી દે છે. મનનાં અળવીતરાંને કાબૂમાં લાવવા હવે તો બાદરાયણનું બ્રહ્મસૂત્ર અને એના પરના શાંકરભાષ્યની જરૂર છે.

વિચાર કરું છું : બાણના સસરા મયૂર ભટ્ટની જેમ સૂર્યશતક રચું. પણ શહેરના સૂર્યની જ વાત લખી શકું. સૂર્ય ક્યાં કેવું રૂપ ધારણ કરે તે વર્ણવું. બરફનો રંગબેરંગી ગોળો ચૂસતો નિશાળિયો ઊભો હોય તેના એ બરફના ગોળામાં સૂર્ય વિખેરાઈ ગયો હોય, પાનની દુકાનના અરીસાઓ સાથે સૂર્યની ગુફતેગો ચાલતી હોય, ઘરનાં જાળિયામાં પહેલી વાર દુસ્સાહસ કરીને કિશોર-કિશોરી મળતાં હોય તેના પડછાયા પાડીને સૂર્ય ચાડી ખાતો હોય, બપોરના કોઈ સૂમસામ રસ્તે ચાલ્યા જતા ભિખારીની પાછળ પાછળ ચાલીને સૂર્ય એનાં પગલાં ગણતો હોય, હોસ્પિટલમાં એકાએક અવસાન પામેલા દર્દીની ખુલ્લી રહી ગયેલી આંખોમાં સૂર્ય ડોકિયું કરતો હોય.

પણ અત્યારે તો સૂર્યને સવારે ધુમ્મસથી ઢંકાયેલો જોયો. કદાચ ચૈત્રમાં જ સૂર્યમહિમાને વિસ્તારવાનું મુહૂર્ત હશે.

10-3-72

*

# ભાષાહીન સૃષ્ટિ

કોઈ અજાણ્યા દેશમાં જઈ ચઢવાની પ્રબળ ઇચ્છા ઘણી વાર થઈ આવે છે. ના, એ નરી ભાગેડુવૃત્તિ નથી. હું જાણું છું કે એ કોઈ અનિવાર્યતા છે. એવા કોઈ દેશમાં જઈ ચઢું તો હું એનું નામ જાણવા ન ચાહું. બને તો એના સમુદ્રકાંઠે જઈ ચઢું. ત્યાંના પવનની ઓળખ કરું. એ પવનની આંગળીઓએ ખડકમાં કંડારેલાં શિલ્પોને જોઉં.

એકાદ ખડકની ટોચ પર બેસું અને નીચે અથડાઈને આત્મસમર્પણ કરી દેતાં સમુદ્રનાં મોજાંને જોઉં. એ જાણે રૂનો ઢગલો. એના સિસકારા સાંભળું – રતિસુખને અન્તે સુખપૂર્વક કણસતી નારી જેવા. થોડા સીકર ઊંચે ઊડીને મને સ્પર્શે. એકાદ આંખમાં જાય અને ચચરે. ઘડીભર દૃષ્ટિ ધૂંધળી થઈ જાય. સમુદ્ર અને આકાશના મિલનની પશ્ચાદ્ભૂની પડછે થોડી ટિટોડીઓ ઊડી જાય છે. એમનો ચિત્કાર હવામાં કમ્પ જગાડે છે. એની પાંખોના પંખા હવામાં વિસ્તરે છે. એના ઉડ્ડયનની સૂક્ષ્મ અદૃશ્ય રેખાઓ હવાના પટ પર અંકાય છે કોઈ અજાણી ભાષાની કાવ્યપંક્તિઓ જેવી. કોઈ વાર મોજાંની ગર્જનાનો પ્રલમ્બ ઘોષ કાનને ભરી દે છે. જાણે કોઈ કવિ મહાકાવ્યના પ્રથમ શ્લોકનો આરમ્ભ કરે છે. હું કાંઠા પર પ્રસરતી જળની હથેળીઓને જોઉં છું. એની આંગળીઓ વચ્ચેથી કેટલાં બધાં મોતી સરી પડે છે!

કાંઠા પરનાં તાડને પવને એક જ દિશામાં ઝુકાવી દીધાં છે. મધ્ય કાળના કોઈ ચક્રવર્તી રાજાનું સૈન્ય જઈ રહ્યું હોય એવું લાગે છે. તાડનાં શિખર તડકામાં ચળકે છે. ત્યાં પવન વાચાળ બને છે અને સૃષ્ટિના આદિ કાળના વર્ણ સાંભળવા મળે છે. પણ આ કેવળ સાંભળવાનું જ સુખ છે. એનો કશો અર્થ કરવા હું બેસતો નથી. અર્થને જીવવા માટે બહુ મોટો વિસ્તાર ન જોઈએ. અહીં તો પરિમાણ એટલાં વિસ્તૃત છે કે અર્થ અને અનર્થની સીમાઓની સેળભેળ થઈ જાય છે!

સમુદ્રની વચ્ચે ભેંસોનું ધણ નાહવા પડ્યું હોય એમ થોડાક ખડકો છે. એમની જળની તરતી ભૂરાશ પડતી ત્વચા સૂર્યમાં ધાતુની જેમ ચળકે છે. થોડી ક્ષણ સુધી જળમાં ડૂબી જઈને એઓ ફરી માથું બહાર કાઢે છે. નાના શિશુને હોઠે દૂધનાં ફીણ વળગી રહ્યાં હોય તેમ એ ખડકની ચારે બાજુ ફીણ છે. દૂરથી ટેકરીઓ જાણે ચંચળ બનીને સમુદ્રમાં પ્રવેશવા ઇચ્છે છે. ચારે બાજુ વિહ્વળતાભર્યું વાતાવરણ છે. મોજાં આછાં છે, પાઠ્યપુસ્તકમાં ધ્વનિનાં આન્દોલનો બનાવ્યાં હોય છે તેવાં. ટેકરીની ધાર પર બેઠેલા માણસો પસાર થઈ રહ્યા છે. એઓ એટલા દૂર છે કે એનાથી અહીંનું વાતાવરણ વિક્ષુબ્ધ થતું નથી. કાંઠે ચિતરામણવાળી હોડીઓ પડી છે. નાના બાળકની જેમ એઓ કાંઠાને વળગીને જ રહે છે, સમુદ્રમાં ઝાઝે દૂર જતી નથી. હોડીના અંગેઅંગમાં સમુદ્રની અને સૂર્યની ગન્ધ છે. કાંઠે પડી પડી આ હોડીઓ કશીક લાલસાથી સમુદ્રનાં ઉછળતાં મોજાંને જોયા કરે છે. એના લયથી ડોલવાની ઉત્સુકતા એનામાં જાગી હશે.

સમુદ્ર છોડીને હવે ભૂમિભાગમાં પ્રવેશું છું. ક્યાંક ભરતીનાં પાણી ખૂબ અંદર સુધી વહેવાને રૂપે દોડી આવ્યાં છે. બન્ને બાજુ આ અજાણ્યા દેશનાં અજાણ્યાં વૃક્ષો છે. એમના પર અજાણ્યાં પંખીઓ ટહુકે છે. વૃક્ષ પર પાંદડાં રહ્યાં નથી. કેવળ ડાળીઓની અટપટી ભાત વચ્ચેથી ઝંખાતું આકાશ હું

જોઈ રહું છું. સમુદ્રના પવને આ વૃક્ષના ખભા પર બેસીને ઝૂલ્યા કર્યું છે તેથી વૃક્ષો બહુ ઊંચાં વધી શક્યાં નથી. તેમ છતાં પોતાની જવાબદારી સમજીને ખૂબ ગમ્ભીરતાથી એઓ આકાશને આધાર આપી રહ્યાં છે. એમનાં હાલતાં જળમાં પડતાં ધ્રૂજતાં પ્રતિબિમ્બ ધરતીકમ્પથી ધ્રૂજી ઊઠેલા કોઈ મહાનગરનો આભાસ ઊભો કરે છે. જળ ખરે જ માયાવી છે. એ કેવી કેવી સૃષ્ટિઓ ખડી કરી દે છે!

બાવળની બે શાખાઓ વચ્ચે ચન્દ્ર ખૂંપી ગયો છે. નીચેનું જળ એ ક્યારે પોતાના ખોળામાં આવી પડશે એની રાહ જોતું ઉત્સુક અને નિસ્તરંગ છે. નિ:શબ્દતાનો સુધ્ધાં પડછાયો પડતો નથી. અવકાશ કોતરાયેલા શિલ્પ જેવો લાગે છે. ઉપરથી કોઈ માળો ભૂલેલું પંખી રાત્રિને આવેલા દુ:સ્વપ્નની જેમ ઊડી જાય છે.

આ અપરિચિતતા, આ ભાષાહીન સૃષ્ટિ મને ગમે છે. કલ્પનામાં હું દરરોજ હજુ સુધી નહિ શોધાયેલા એવા અનેક ખણ્ડો પર પરિભ્રમણ કરતો રહું છું. અજાણ્યા લોકોની અજાણી ભાષા મારા પર કશું ચિહ્ન મૂક્યા વિના સરી પડે છે. આમ તો હું જે જોઉં છું તેમાં ઓતપ્રોત થઈ જાઉં છું. છતાં મારે કશું ગાંઠે બાંધવાનું નથી. હું કશી યોજના વગર કશું કામ પાર પાડવાની પળોજણ વગર, નિરાંતે ભમ્યા કરું છું. ધીમે ધીમે મને મારાથી અપરિચિત કરતો જાઉં છું, આ પણ મોક્ષનો એક પ્રકાર જ ને!

23-4-78

*

# વિદ્રોહનું નવું મુહૂર્ત

તડકો વધુ ઉજ્જ્વળ બનતો જાય છે, છતાં છાયાઓ પૂરેપૂરી સંકેલાઈ ગઈ નથી.

હજી ભાદ્રપદે એનો મહિમા પ્રગટ કર્યો નથી. એનો આકરો તાપ સંતાપશે ત્યારે શાતા ક્યાંથી પામીશું? વાતાવરણમાંનો બાષ્પોચ્છ્વાસ મારા શ્વાસને જ સ્તમ્ભિત કરી દેશે તે જાણું છું. છતાં જે આનન્દ નિર્મળ થતાં જતા નદીનાં જળકિલ્લોલમાં, ખંજનનાં ચટુલ ઉડ્ડયનમાં, ગુલબાસ અને તનમનિયામાં પ્રગટ થાય છે તેને હું ઓળખું છું ને માણું છું. એક વાદળી વરસી જાય છે ને પછી વૃક્ષને પર્ણેપર્ણે જે ચળકાટ પ્રગટે છે તે મનને અભિભૂત કરી દે છે. રવીન્દ્રનાથની પંક્તિ યાદ આવી જાય છે : 'પાતાય પાતાય આલો નાચે સોના વરણ.' આમ છતાં મન થોડાક વિષાદથી ભારે છે. એનું કારણ વર્તમાનમાં નથી. મને લાગે છે કે વિષાદને કોઈ કાળ હોતો નથી. સુખનો કાળ વર્તમાન હોય છે. બાળપણની કોઈ સૂની સાંજે એકલવાયાપણાનું વજન શિશુના નાના ખભા પર ઉપાડીને સૂનમૂન બેસી રહીને જે ક્ષણો ગાળેલી તે આજે સજીવ થઈ ઊઠે છે. ચારે બાજુનો નિઃશબ્દ વિસ્તાર કિલ્લાના પથ્થરોમાં ઠાંસી ઠાંસીને ભરી દીધો હતો તે યાદ આવે છે અને આખી નીરવ થઈ ચૂકેલી સૃષ્ટિ ઝંકૃત થઈ ઊઠે છે.

બાળપણમાં જોયેલા અરણ્યના વૃક્ષની જેમ હવે હું લગભગ નીરવ થઈને ઊભો છું. કોઈ વાર કેવળ મૂળના ઊંડાણમાં સરી જાઉં છું. કોઈ વાર જીવનરસ બનીને પર્ણેપર્ણે સંચાર કરું છું. વૈશાખના પવનમાં શાખા બનીને ઝૂમું છું. ઝાકળનાં કોમળ પગલાંને સાંભળું છું. દાવાનળની અગ્નિજિહ્વાને બધે ફરી વળતી જોઉં છું, દાઝું છું. સમકાલીન પરિવેશ સાથેની એક નવા જ પ્રકારની અપરિચિતતાના અર્ધપારદર્શક આવરણમાંથી બધું જોતો છતાં ન જોતો હું ઊભો રહું છું. આ વિશ્વ સાથે એવી તન્મયતા અનુભવું છું કે મારું હૃદય એના સ્પન્દનથી પણ સ્પન્દિત થઈ ઊઠે છે. શિશુઓમાં લોહી નવો ઉછાળો લે છે. આ આનન્દ સ્નાયુઓમાં થરકી ઊઠે છે. એક અસીમ શાન્તિનો પટ દૂરસુદૂર સુધી છવાઈ જાય છે ને ત્યારે મારું હૃદય પ્રાર્થે છે : હું શબ્દે શબ્દે નિ:શબ્દતાને ફલવતી કરું. મારો શબ્દ જે સાંભળે તે વિશ્રાન્તિ અનુભવે અને બધો ભાર હળવો કરીને પોતાના ઘરમાં પ્રવેશે.

આજે આ સૃષ્ટિને જોતાં કશું જ નિરર્થક લાગતું નથી. કેવળ સુખીઓની દુનિયામાં હદપાર થઈને હું જીવ્યો નથી. દુ:ખનું કાજળ આંખમાં આંજીને જ મેં સૃષ્ટિને જોઈ નથી. ભૂલો કરીને માનવતાની વધુ નિકટ સર્યો છું. આકાશને જોતાં હું હવે ભયભીત થતો નથી. કારણ કે બે આંખોએ મને એવું પરિમાણ આપ્યું છે જેના વડે હું એની અપરિમેયતાને માપી લઈ શકું છું. ક્યાંય મને અજાણ્યું લાગતું નથી.

સવારે ઊઠીને જોઉં છું તો મારા હાથની આંગળીઓ વચ્ચેથી હમણાં જ કોઈ દેવ સરી જઈને બહારના પ્રકાશમાં ભળી ગયો છે. હાથમાં એના સુખની અલસતા છે. સ્વપ્નની સૃષ્ટિને તળિયેથી બહાર આવેલી મારી આંખો જગતને ફરી ગોઠવવા મથે છે. શૈશવમાં જે સ્વર્ગને સાથે લાવેલા તે હવે ક્યાંય દેખાતું નથી, છતાં દૃષ્ટિ સમક્ષ જે છે તે મને પ્રિય છે. આ જગતમાં કશી મોહિની છે જે આંસુમાં ઇન્દ્રધનુ બનાવે છે. દુ:ખના નિ:શ્વાસમાં કોઈ

અજાણ્યા પુષ્પની સૌરભ ભરી દે છે. મેં હૃદય પાસે આત્મસ્તુતિ કરાવી નથી કે અવજ્ઞાના સહેલા સુખનો પણ મને લોભ લાગ્યો નથી. કેટલીક વાર જડભરત બની જવાની ક્ષણોને પણ મેં માણી છે. એકડો ફરીથી ઘૂંટવો પડે એવી નિરક્ષરતા પણ કોઈ વાર ફરીથી સિદ્ધ થઈ છે. ઘણી બધી અપરિચિતતાને કારણે હું મને જ નવો નવો લાગ્યા કરું છું. વર્ષના ઠાલા થવા આવેલા પાત્રમાં હાથ નાખીને જોઉં છું તો એવું કશુંક જડી જાય છે જેને કારણે મારો મારી સાથેનો સંઘર્ષ શરૂ થઈ જાય છે.

મારી સામેનો લીમડો જરાય દરિદ્ર લાગતો નથી. મેદાનમાં મબલખ તૃણ છે. ફૂલોના રંગ ઝાંખા પડ્યા નથી. પંખીના કંઠ તરડાયા નથી. વાદળના રંગ કાળા છે પણ મેલા નથી. સુકાયેલા કાદવનાં ચોસલાં નાનપણમાં મેં મુગ્ધ દૃષ્ટિથી જોયાં છે. પણ પ્રકૃતિના સ્વર્ગ વચ્ચે માનવીએ રચેલું નરક છે. કોઈ આસુરી બળ મનનો કબજો લઈ બેસે છે. લમણાઝીક ચાલે છે. અવાજ કર્કશ અને ઉગ્ર બને છે. ગરીબોની હાજરીમાં ગરીબાઈની વ્યાખ્યા બાંધવાનો બેહૂદો પ્રયત્ન કરીએ છીએ, ધર્મની જામગરીથી માનવતાને આગ ચાંપીએ છીએ ને પછી કિકિયારીઓ કરીને પ્રેતની જેમ નાચીએ છીએ. શાન્તિ સ્થાપવા બંદૂકની ગોળીઓ બધે ફરી વળે છે. છાપામાં કાળા અક્ષરે શાન્તિનું રટણ ચાલે છે. પણ રાતા અક્ષરે ક્યાંક બીજું જ લખાતું જાય છે. આ બધું જોઈને હું ચાર કવિતા લખવાના ઝનૂને ચઢું છું. પેન હાથમાં લઉં છું ને અંગૂઠો દબાતાં સવારે વાગેલી બ્લેડને કારણે એમાંથી લોહી ટપકવા માંડે છે. ના, મારે લોહીના અક્ષરે કશુંક લખવા મારું લોહી વેડફી નાખવું નથી. બહાર પણ વાદળ છવાઈ જવાથી શીતળતા છવાઈ ગઈ છે. હું ટાઢો પડું છું. વિદ્રોહને માટે નવું મુહૂર્ત આવે તેની રાહ જોઉં છું.

૧૯-૯-૮૦

*

# સૂર્યનું પોત

વાતાવરણમાં ગમગીની છે. પવનના સ્પર્શનો સંકેત ઉકેલવો ગમતો નથી. અકાળ વૃષ્ટિ પછીનો તડકો આંસુમાં તરતા હાસ્ય જેવો લાગે છે. વૃક્ષો આ વૃષ્ટિને પોતાના અંગ ઉપરથી ખંખેરી નાખવાને અધીરાં છે. આ વાતાવરણમાં અવાજો બોદા થઈ ગયા છે. દિવસ પલળીને લૂલા થઈ ગયેલા કાગળ જેવો લાગે છે. એના મોઢા પર એક પ્રકારની ઝાંખપ છે જેને સૂર્ય દૂર કરી શકતો નથી. આવા દિવસે વર્તમાનને છોડી દઈને દૂર દૂરના સમયમાં ચાલ્યા જવાનું મન થાય જ્યાં ભીમ ગદા વીંઝતો હોય, કૃષ્ણ સુદર્શન ચક્ર ફેરવતા હોય અને અક્ષૌહિણી સેનાઓના ઘમસાણથી નભોમણ્ડળ છવાઈ ગયું હોય. આવું મનમાં થાય છે એનું કારણ એ છે કે વર્તમાનનો પટ આજે ભીના પોતાથી ભુંસાઈ ગયો છે. એના પર રેખા આંકવાનો ઉદ્યમ કરવાનું મન થતું નથી. જાણે વર્તમાનના પટ પર ઈશ્વરની આંખમાંથી અજાણતાં જ આંસુ રેલાઈ ગયું છે. અત્યારે જે જોઈ રહ્યો છું તે આંસુનો જ વિકાર હોય એવું લાગે છે. સૂર્ય એ આંસુની કિનાર પર જાણે ડબકિયાં ખાઈ રહ્યો છે.

આ તો ગ્રીષ્મસૂર્યના પ્રાકટ્ય પહેલાંની જવનિકા માત્ર છે. આ સરી જશે પછી સૂર્ય એનું પોત પૂરું પ્રકાશશે. અત્યારે સૂર્યને સેવવાની આશાએ એક વૃદ્ધને હું ખુલ્લામાં બેઠેલો જોઉં છું. પણ ગ્રીષ્મનો સૂર્ય એની કશી દયામાયા રાખશે

નહિ. પછી તો સૂર્ય એને શોષીને ક્ષીણ કર્યે જશે. એ જૈફના ચહેરા પરની કરચલીની રેખાઓ બળી જશે. એના વિષાદના આલેખ જેવી મુખ પરની રેખાઓને પણ એ બાળી મૂકશે. એ સૂર્ય દરેક પથ્થરની ધાર કાઢશે. દરેક આંખમાં એક નવી વેધકતા મૂકશે. દરેક શબ્દને એ તાતા કરી મૂકશે. સૂર્યના જડબામાં ધીમે ધીમે આખું જગત ઓરાતું જશે. એ પહેલાંની આ અશ્રુભીની ક્ષણો ભલે ને આવી.

આ પવન સાથે દૂર દૂરના સમયનો, અવગણેલો, નિ:શ્વાસ અહીં સુધી વહી આવ્યો છે. એની સાથે સંકળાયેલો પ્રસંગ તો લુપ્ત થઈ ચૂક્યો છે પણ એ નિ:શ્વાસનો હજી મોક્ષ થયો નથી. એના મોક્ષ માટે થોડી કાવ્યપંક્તિઓ જોઈએ. પણ આ ચોળાઈ ગયેલા જર્જરિત સમયના પટ પર કવિતાને અવતારવાનો મારો જીવ ચાલતો નથી. જો હમણાં કશું ઉચ્ચારવા જાઉં તો ભય અને મૃદુતાના સ્વરવ્યંજનોની ભારે ભેળસેળ થઈ જાય એવો મને સંદેહ રહે છે.

પવને ખેરવી નાખેલાં ભીનાં પાંદડાંને કોઈએ સળગાવ્યાં છે. પણ એના ભેજે અગ્નિને ધુમાડામાં ફેરવી નાખ્યો છે. આથી અદૃશ્યતાનું આછું આવરણ ફેલાઈ ગયું છે. તાર પર બેઠો બેઠો કાળિયો કોશી એ જોયા કરે છે. આ ભેજ પથ્થરના મર્મને કોરી ખાતો વ્યાપી જાય છે અને મારા હાડમાં એક ધ્રુજારી મૂકી જાય છે. સહેજ સૂર્ય નીકળે છે અને ભીના ભીના પડછાયાઓ રેલાઈ જાય છે. વસન્તનું ઇંગિત વર્તીને આવેલાં ભોળાં કેસૂડાં ઠગાઈ ગયાં છે.

રોજબરોજના જીવનક્રમનું ચક્ર ચીંચવાતું ચીંચવાતું ફરવા લાગે છે તેમ છતાં જાણે ક્યારેક એકાએક ખોટકાઈ જશે એવી ભીતિ પણ રહ્યા કરે છે. દિવસ પણ જાણે ઊગ્યો ત્યારથી જ, ‘હમણાં આથમું હમણાં આથમું’ એવા ભાવથી છેતરી રહ્યો છે. સમયના મુખ પર ધૂર્તતાની મુદ્રા છે. પંખીઓ નિરુદ્યમી

બનીને વૃક્ષો પર બેસી રહ્યાં છે. આકાશમાં ચકરાવા લેતી સમડીઓ દેખાતી નથી, પણ મને તો આવા દિવસને દુર્દિન કહેવાનું મન થતું નથી. આવા દિવસો, એક રીતે જોઈએ તો, વિરલ હોય છે. ગ્રીષ્મનો સૂર્ય તપવા માંડશે ત્યારે જ એ સમજાશે. તેથી જ તો આ દિવસને હું મનથી માણી લઉં છું.

પ્રહરો શ્લથ ગતિએ સરકી રહ્યા છે. દૂર ક્ષિતિજ પર ધૂસરતાની ઝાંય છે. કાલ સુધી ધૂળ ઊડતી હતી તે એકાએક જંપીને બેસી ગઈ છે. લીમડાઓ જાણે એક રાતમાં વૃદ્ધ થઈ ગયા છે. પવનનો અવાજ ઘરમાં બધે વ્યાપી જાય છે. સંસાર ચાલતો હોવા છતાં કશીક અપરિચિત નિ:શબ્દતા બધે છવાઈ ગઈ છે. એમાં એક શબ્દ બોલવા જતાં એ ગાજી ઊઠશે એવી ભીતિ લાગે છે.

આપણી પાસેથી હમણાં જ કોઈ અરવ પગલે સરી ગયું એવી રહી રહીને ભ્રાન્તિ થયા કરે છે, જે સ્પર્શ નથી થયો તેની અપેક્ષામાં શરીરના રૂંવાડાં ખડાં થઈ જાય છે. પુસ્તક ખોલીને વાંચવા બેસું છું તો છપાયેલા અક્ષરોના પડછાયામાં આંખ ખોવાઈ જાય છે. એક વિલક્ષણ પ્રકારનો પ્રમાદ મને ઘેરી વળે છે. એમ છતાં કશીક વિહ્વળતા હૃદયને જંપવા દેતી નથી. મને ભાષા ઠગારી લાગે છે. આવા ઘણા વિરોધો છે જે ભાષાના ચોકઠામાં સમાઈ શકતા નથી. આવા જ કોઈ દિવસે ભાષાનું જર્જરિત પોત સાવ ઉઘાડું પડી જાય છે.

કોઈ વાર લાગે છે કે શરીર આજુબાજુના વાતાવરણથી પોતાનું આગવાપણું જાળવી રાખવાની શક્તિ ખોતું જાય છે. આ ભેજ સામે ટકી રહેવા પૂરતું કકરાપણું ક્યાં એની પાસે રહ્યું છે? શરીરને કેટલાકે દુર્ગની ઉપમા આપી છે. એ બહારના હુમલાથી આપણું રક્ષણ કરે છે. પણ મને તો લાગે છે કે એ પવનમાં પવન થઈને ભળી જાય છે. ભેજને એ અણુએ અણુમાં આવકારીને ભારે ભારે થઈ જાય છે. આંખે અકારણ અશ્રુની ઝાંય વળી જાય છે. મારા

જ શરીરથી દૂર સરી જઈને હવે હું એની આ દગાખોરીનો કેવળ સાક્ષી બની રહું છું.

સમ્ભવ છે કે આ મારી લાગણીઓની એક અવાન્તર સ્થિતિ જ હોય. એ એક ક્ષણ વિકાર માત્ર હોય. પછી ફરીથી સંવાદી લય સ્થાપિત થતાં હું પોતે જ આ સ્થિતિને હાસ્યાસ્પદ ગણતો થઈ જઈશ. તેમ છતાં મને લાગે છે કે આપણને થતી કશી લાગણી નરી આકસ્મિક તો નથી જ હોતી. એને આપણા અન્તરંગમાં ક્યાંક અનિવાર્ય સ્થાન છે. આથી જ તો કેવળ સુખસંવેદ્ય જ નહિ, પણ પ્રતિકૂળ લાગણીઓને પણ આવકારવાનું હું યોગ્ય ગણું છું. આ પ્રતિકૂળતા જે સંઘર્ષ ઊભો કરે તેના બળની પણ કદાચ આપણને જરૂર હોય છે.

ફરી સાંજ ઢળશે, પશ્ચિમમાં એકાએક રંગોની છટા પ્રસરી જશે, આકાશમાં એક પછી એક તારા પ્રગટવા માંડશે ને રાત્રિના છેલ્લા પ્રહરે કૃષ્ણ પક્ષના ચન્દ્રની પાંખી ચાંદની પણ ફેલાયેલી દેખાશે. કદાચ આવતી કાલે ઊગનારા સૂર્ય પર આજની ગમગીનીની છાયા સરખી નહિ હોય. તેમ છતાં જીવનના ઇતિહાસમાંથી આ દિવસને ભૂસી નાખવાનો નથી.

અત્યારે તો હું સાંજ ઢળવાની રાહ જોઉં છું. પછી બારીઓ બંધ કરીને રજાઈની હૂંફમાં પડ્યા પડ્યા કોઈ સુદીર્ઘ કથાનકના વિસ્તરેલા પટમાં વિહાર કરવા સુખપૂર્વક ચાલ્યો જઈશ. પછી ધીમે ધીમે આંખો ઘેરાવા લાગશે, શબ્દો ઉપરનીચે થઈ જશે ને ત્યારે પૂરા સન્તોષથી નિદ્રાને શરણે ચાલી જવાશે. પછી છોને પવન બારીના કાચ જોડે માથું પછાડે! આમ હું આ દિવસને પૂરેપૂરો માણી લઈશ. કોઈક વાર આ દિવસની મારા ચિત્ત પર પડેલી છાપ ભવિષ્યમાં રચાનારી કાવ્યપંક્તિમાં ઝિલાયેલી જોઈને હું આશ્ચર્યચકિત થઈ જઈશ.

26-2-79

*

# નિદ્રા ને વરસાદના તાણાવાણા

તે રાત્રે નિદ્રાનો તાણો ને વરસાદની ધારાનો વાણો ઓતપ્રોત થઈ ગયા ને ચેતનાની એક નવી જ ભાત ઊપસી આવી. ચેતનામાં જે ઉત્ક્રાન્ત થતું આવે તેને સાક્ષીભાવે જોનારી ચેતના પણ હશે જ ને! તો તો પછી એને જોનારી પણ બીજી ચેતના હોઈ શકે! એમ આપણે ક્યાં અટકી શકીશું? તર્કશાસ્ત્ર તો એને અનવસ્થાદોષ કહી દેશે.

સવારે જોયું તો ઝાંખા સૂર્યને કારણે દિવસ મ્લાન લાગતો હતો. પણ આ મ્લાનતાની પડખે વનસ્પતિનો લીલો રંગ નિખરી આવ્યો હતો. પાણીથી ભરાઈ ગયેલા હોજમાં એક મોટો દેડકો બાહ્યા સ્થિતિમાં એની નિષ્પલક આંખો બહાર રાખીને સ્થિર થઈ ગયો હતો. વાડામાં જઈને જોયું તો કેટલા બધા નવા અંકુરો ફૂટી ગયા હતા. જળ ચારે બાજુથી જુદે જુદે અવાજે બોલતું હતું. બાળપણના દિવસોની એક શ્રવણસ્મૃતિ સળવળી ઊઠી. નાળિયેરી છાપરાવાળા ઘરમાં રહેતાં, એટલે, ચોમાસામાં નેવાંના ટપકવાના એકધારા અવાજનું સંમોહન અનુભવેલું. રાત્રિ વેળા શાન્તિમાં એ નેવાં ટપકવાનો એકધારો અવાજ નિદ્રાના પોતને વધુ ઘટ્ટ બનાવી દેતો. નવી પેઢીનાં બાળકો તો 'નેવાં' શું તે જ કદાચ નહીં જાણતા હોય! ઘણી વાર વિચાર કરું છું તો લાગે છે કે યાંત્રિક ઘોંઘાટની પાછળ પ્રાકૃતિક અવાજોની

એક આખી સૃષ્ટિ લુપ્ત થઈ ગઈ છે. અત્યાર સુધી તો સૂર્યના મહિમાના ચક્રવર્તી રાજ્યમાં જીવતા હતા. વાતાવરણમાં 'એતાવાન અસ્ય મહિમા'નો નાદ જ સંભળાતો હતો. આંગળીના ટેરવે સૂર્ય, આંખમાં સૂર્યની ચમક, શરીરના રોમેરોમમાંથી સૂર્ય જ દ્રવતો હતો. પવને એંધાણી આપી. ઋતુચક્ર ફર્યું. ઇન્દ્રવૃત્ત યુદ્ધના દુંદુભિ સંભળાયા નહીં. ગાજવીજ વગર જ, કશા ઝાઝા સમારોહ વિના જ, વૃષ્ટિનું આગમન થયું. છાપરું ચાળવાનું રહી ગયું હોય ત્યારે ઘણે બધે ઠેકાણેથી ઘરમાં વરસાદનું પાણી ટપકવા લાગે. જ્યાં જ્યાં ટપકતું હોય ત્યાં વાસણ મૂકી દઈએ. પછી તો જલતરંગ બજી ઊઠે. એનું શ્રુતિસુખ પણ માણવા જેવું. હવે આ શહેરે બધી શેરીઓ ધોવા કાઢી છે. રસ્તાની કિનારે ક્યાંક ક્યાંક ખાબોચિયાં ભરાઈ ગયાં છે. કોઈ રમતિયાળ રીક્ષા આપણા પર એના છંટકાવ કરતી, નિલિર્પ્તભાવે ચાલી જાય છે. મને તો પહેલા વરસાદમાં માટીનાં ઢેફાં ભીંજાઈને સ્નિગ્ધ મુલાયમ બની જાય તેનો સ્પર્શ માણવો ગમે છે. કશોક જાદુ થાય છે ને તૈયાર પાંખો પહેરીને કટી સૃષ્ટિઘરમાં પ્રવેશે છે. મારા મનમાં પણ બધું ઊડાઊડ કરવા માંડે છે, કશીક ચંચળતા, વિહ્વળતા મનને અધીર બનાવી દે છે.

વર્ષાનું લાસ્ય જોવું હોય તો વનમાં જવું પડે. અહીં ખાબોચિયું ભરાયું છે, ત્યાં બિન્દુ ટપકે છે ને વર્તુળો વિસ્તરે છે. ક્યાંક પથ્થરો વચ્ચેથી રસ્તો કરીને જળ વહેવા માંડે છે, આ પાંદડાં પરનાં જળનાં ટેરવાંનો એકધારો અવાજ સંભળાય છે. ક્યાંક તો પાણી વેગથી ખળખળ કરતું વહેવા લાગે છે. બાળપણમાં એ પાણીમાં પગ ઝબકોળીને પાસેના વડની જેમ પાણીથી નીતરતો બેસી રહેતો હતો તે યાદ આવે છે. હવે તો બંધ ઘરની બારીમાંથી વૃષ્ટિની ધારાને, અનાસક્તભાવે, જોઈ રહેવાના દિવસો આવ્યા. છતાં અગાસીમાં જઈને વૃષ્ટિધારા ઝીલતા ઊભા રહેવાનું ગમે છે. મને લાગે છે કે વાલ્મીકિએ વર્ષાના જેટલા ધ્વનિને સાંભળીને ઇન્દ્રવજ્રામાં સ્પન્દિત કર્યા

છે તેટલા કોઈ કવિએ કર્યા નથી. એ છંદમાં આદિમતાનો લય ગુંજી ઊઠતો સંભળાય છે.

વર્ષાનાં અનેક રૂપ જોવા ગમે છે. દૂરની આમલીની ઘેરી ઘટાની આસપાસ વૃષ્ટિની ધારા જે અવેષ્ટન રચે છે તે હું મુગ્ધ બનીને જોઈ રહું છું. વડની જટામાંથી નીતરતી ધારા પણ જોવી ગમે છે. ખુલ્લા મેદાનમાં યુદ્ધક્ષેત્રમાં ભારે વેગથી ધસી જતી અક્ષૌહિણી સેના જેવી વૃષ્ટિધારા પણ મેં જોઈ છે. દૂરની ક્ષિતિજે મેદુરતાને ઘૂંટતી વર્ષાધારા કશાક અપરિચિત જોડે આપણું સન્ધાન કરી આપતી હોય છે. જળભીના મુખ પરથી કપોલના ઢોળાવ પરથી સરીને ચિબુકને છેડેથી ટપકતું જળબિન્દુ જોઈ રહેવું એ કેવું આહ્લાદક હોય છે! વર્ષામાં ગામડું જ વિશેષ યાદ આવે છે. હવે ખેતરોની વાડની પંક્તિઓથી બધાં નિયત યતિસ્થાનો લુપ્ત થઈ જશે. કેટલી બધી અનામી વેલ જ્યાં તક મળી ત્યાં વળગીને ઊંચે વધ્યે જશે. અજાણ્યા ક્ષણજીવી પુષ્પોનાં ટોળાં ને ટોળાં દેખાશે. કાપીને બુઠ્ઠાં કરી નાંખેલા બાવળ પીલવાઈ ઊઠશે. પાણીમાંથી અંગૂઠો ઊંચો કરીને જાણે કોઈ ડિંગો કરતું હોય તેમ પાણીમાં તરતા સાપનું માથું દેખાશે. સોનગઢના કિલ્લામાંના રાજમહેલના ખંડેર પરની દીવાલ પર લીલનું મખમલી અસ્તરણ છવાઈ જશે.

માની અસાવધતાનો લાભ લઈને ખોળામાંથી એકાએક કૂદી પડતા શિશુ જેવો તડકો ઘણી વાર એકાએક ઘરમાં કૂદી આવે છે ને અને કશું કહીએ ન કહીએ તે પહેલાં તો બહાર ભાગી જાય છે. બહાર આંગણામાં પાણીનું કૂંડું તરસ્યાં પંખીઓ માટે મૂક્યું છે ત્યાં ચોટલા કાબર અથવા બામણી મેના, જાણે નાહ્યા વિના પાણી ન પીવાનો નીમ હોય તેમ, કૂંડામાં નાહ્યા પછી ચોટલો ખંખેરીને સરખો કરે છે. એનું જોઈને બુલબુલ પણ નહાવા આવે છે. ચંદનનાં ઝીણાં પાંદડાં પરથી ટપકતા જળબિન્દુને હું કાન માંડીને સાંભળ્યા કરું છું.

વર્ષાના રચેલા જળસ્તમ્ભો પર વર્તમાન નિઃસ્તબ્ધ ઊભો છે. રાતે જાણે એની ક્ષણોને પાંખ આવે છે ને આગિયાની જેમ ઝબકારા કરતી તે અહીંતહીં ઊડવા લાગે છે. દૂર ક્યાંકથી જળસખીઓનો મળવાનો આલાપ સંભળાય છે. દરેક જલસ્પન્દનમાંથી અશ્રુત એવો એક નવો શબ્દ ધ્વનિત થાય છે. ભૂમિમાં દટાયેલું બીજ જાણે એકાએક આ જળબિન્દુથી પ્રજ્વલિત થઈ ઊઠે છે, ને એની અંકુરશિખા ઉપર મઢે છે. ધૂસર અવકાશ નવી માયા રચ્યે જાય છે. હવે દરેક વૃક્ષના પર્ણમર્મરની જુદી જુદી વાણીને નોખી પાડીને સાંભળ્યા કરું છું. સદ્યસ્નાત પાષાણખંડોની પવિત્રતાને સ્પર્શવાનું મન થાય છે. ઘરમાં ઊડી આવતા કીટસમૂહનું અભિવાદન કરું છું. વર્ષા નવીન આગન્તુકના સ્વાગતનો સૂર આપણને શીખવે છે.

3-7-81

*

# સૂર્યમહિમાનાં છૂંદણાં

સાંભળ્યું છે કે યોગીઓ જીવતે જીવ દેહને અળગો કરી સૂક્ષ્મ દેહે ભ્રમણ કરીને ફરી પાછા પોતાના ખોળિયામાં પ્રવેશી શકે છે. યોગી હોવાનો તો મારો દાવો નથી. પણ ઘણી વાર આ દેહની સીમાને ઉલ્લંઘીને હું ભયજનક રીતે દૂર દૂર વ્યાપી જાઉં છું. પાંચ મણની ગૂણ ઊંચકીને બહુમાળી મકાનની સીડી ચઢતા મજૂર કરતાં આખી રાતની અનિદ્રાનો ભાર આંખોનાં પોપચાં પર ઉપાડનારો વધારે આકરો બોજો વહી રહ્યો હોય છે તે હું જાણું છું. ઘણી વાર ખૂબ ખૂબ બોલવાના શબ્દો સ્ફુરે છે પણ તેને ઉચ્ચારવા માટેનું વાતાવરણ નથી મળતું. શબ્દો ઉચ્ચારાતાંની સાથે જ માથું પટકીને મરી જશે એવી ભીતિ લાગે છે. એ વણઉચ્ચારાયેલા શબ્દોનો ભાર પણ એવો આકરો હોય છે. થોડાક સ્મિતથી તો થોક નિ:શ્વાસથી કે શક્ય હોય તો આંસુથી એ ભાર હળવો કરી શકાય. પણ એય હંમેશાં શક્ય નથી હોતું. કેટલીક વાર આથી જ નાંખી દેવા જેવી વાતો કરીને હસનાર માણસની શોધમાં હું રહું છું. જીવતે જીવ પોતાના અસ્થિ પર યાતનાની છીણી ફેરવીને પોતાનું સ્મારક મૂંગામૂંગા રચનારા માણસો મેં જોયા છે.

સમયને ફરતા રહેતા ચક્ર જોડે સરખાવ્યો છે. કેટલાક એને સદા વહેતા રહેતા પ્રવાહ તરીકે જુએ છે. પણ કોઈ વાર વર્તમાન સાવ પંગુ બનીને થંભી

જાય છે. એ પેટે ચાલવાનું સાહસ પણ કરી શકતો નથી. ક્ષુધિત પીડિતોની નિષ્પલક દૃષ્ટિની સ્તબ્ધતા એનામાં દેખાય છે. ત્યારે સમયનું આખું ગણિત બદલાઈ જાય છે. પવન વૃદ્ધના કરચલીવાળા મુખ પરની ધ્રૂજ્યા કરતી ત્વચા જેવો બની જાય છે. પર્વતોના આયુષ્યમાં આખો એક યુગ ઉમેરાઈ જાય છે. પ્રકાશ ફેલાતો નથી પણ નાના બાળકના હાથમાંની ચકરડીની જેમ ગોળ ગોળ ફરે છે. એની સાથે બજારનો ઘોંઘાટ, જુદા જુદા રંગો બધું જ ગોળ ગોળ ફરવા લાગે છે, કોઈ જૈફ આદમીના ચહેરા પર આથમતો તડકો દીવાસળી ચાંપી જાય છે.

આ વૈશાખના મધ્યાહ્નને કશાક જાદુથી ઘટાદાર વૃક્ષો અને અનેક ફુવારાવાળું ઉદ્યાન રચી દેવાનું મન થાય છે. ગ્લાસમાં નગ્ન શીતળ જળની જેમ પોતાનામાં જ સમાહિત થઈને પડ્યા રહેવાનું મન થાય છે. ક્યારેક જોઈએ છે છાયાઓની અસંખ્ય પંક્તિઓનું વિસ્તરેલું સર્ગબદ્ધ મહાકાવ્ય. પણ અહીં તો છાયાની પૂરી ન રચાયેલી એવી, અડધીપડધી પંક્તિઓ જ વેરાયેલી છે. અત્યારે તો એવું લાગે છે જાણે આ વીતવા આવેલી સદીનાં વર્ષો સૂકા પરાળ જેવા બનીને સળગી ઊઠ્યાં છે.

કશોક એવો અગ્નિ પ્રગટ્યો છે જે લોખંડને સુધ્ધાં પારદર્શક બનાવી દે છે. સ્તનપાન કરતું બાળક માતાના બે સ્તન વચ્ચે ગુંથાયેલા સૂર્યને જોઈને એકાએક રડવા લાગે છે. બદામડી એનાં પાંદડાંની હથેળીની આડશે સૂર્યને ઢાળી રહી છે. ટાંકામાંનું મીઠું જળ કાણામાંથી પ્રવેશી ગયેલાં પ્રકાશનાં સાપોલિયાંની રમત સંતાઈને જોયા કરે છે, આ બધી ક્ષણો તપાવેલી સોયની જેમ શરીરે સૂર્યમહિમાનાં છૂંદણાં આલેખે છે. માત્ર ક્યાંક કોઈક માનવીની આંખમાંથી નહિ સુકાયેલી આર્દ્રતાનું જ એક માત્ર આશ્વાસન દિવસને છેડે પહોંચી જવાની આશા આપે છે.

ધૂળ કજળી ગયેલા સમયની રાખ જેવી દઝાડે છે. સૂમસામ રસ્તાઓ કોઈ અભાગિયાના હાથની રેખાઓ જેવા પડ્યા છે. એના પર ઉઘાડે પગે ચાલી જતી છોકરીનો એક હાથ મરણે ઝાલ્યો છે. હૃદય પણ હડકાયા કૂતરા જેવું ‘પાણી પાણી’ કરતું દોડ્યા કરે છે. મધ્યાહ્ન સાંય સાંય કરતી શિરાઓમાં પડઘા પાડે છે. પ્રકાશથી બચવા હું આંખ બંધ કરવા જાઉં છું પણ પોપચાં હાલતાં નથી. ક્યાંય સહેજસરખી સ્નિગ્ધતા બચી નથી.

કાલિદાસે ગ્રીષ્મના પ્રદોષરમ્ય દિવસોનું વર્ણન કરેલું તે હું જાણું છું. પણ અહીં પુષ્પકુંજોથી આચ્છાદિત દીર્ઘિકાઓ નથી. કોઈ માલવિકા મોગરાનો હાર ગૂંથતી બેઠી નથી. શરીરે પરસેવો વળે છે ત્યારે મને લાગે છે કે મારું શરીર મૃગજળમાં તરી રહ્યું છે. ઓરડીમાંનો પંખો પક્ષપલટો કરીને હવે બપોરે તો ગરમ હવાનો જ પ્રચાર કરે છે. આ બળબળતી બપોરે મનને સમજાવવા મથું છું કે આવી અસહ્ય ગરમીમાં જ સામેના આંબા પરની કેરી પોતાની આમ્લતાને મધુરતામાં ફેરવી રહેલ છે. એ કીમિયો શીખી લેવા જેવો છે. પણ પ્રકૃતિ ઉદાસીન છે. રાત્રે આવવાનું ચૂકી ગયેલી નિદ્રા એકાએક બપોરે આવી ચઢે છે. પણ એના ભારથીય આંખનાં પોપચાં બિડાતાં નથી. મધ્યાહ્નને તો વૃક્ષો પણ કૃપણ બનીને પોતાની છાયાને સંકેલી લે છે, આવી બપોરે મારામાં પુરાઈ રહેલા કોઈ દેવ ફેલાવાનો પ્રયત્ન કરીને મારા શ્વાસને રૂંધે છે. મને જળની ઈર્ષ્યા આવે છે. જો એની જેમ વહેવા માંડું તો મારા પર ચંપાયેલો આ ગ્રીષ્મનો ભાર હળવો થાય. પણ અત્યારે તો સૂર્ય કરોળિયો બની ગયો છે. એણે ફેલાવેલા સુવર્ણતન્તુમાં ફસાઈને આખું જગત તરફડી રહ્યું છે.

ઉન્નિદ્ર જળની ઉઘાડી આંખના જેવું દર્પણ ઓરડામાં નિષ્પલક તાકી રહ્યું છે. એનો પણ મને તાપ લાગે છે. દીવાલ પણ કુલવધૂના જેવી અસહ્યસ્પર્શા બની ગઈ છે. ગુલાબની કળીઓએ એની વણઊઘડેલી પાંખડીમાં જે સંગોપ્યું છે તે તો છેક સાંજે જ જોઈ શકાશે. અત્યારે તો બધે સૂર્યપ્રકાશના ઓઘ ગર્જના

કરતા પડી રહ્યા છે. એકાન્તનું ધૂંધળાપણું તો છે જ નહિ. આટલા બધા પ્રકાશના ઘોંઘાટ વચ્ચે કોણ એકાન્ત પામી શકે? પ્રિયતમાના કપોલ પર પડતી સૂક્ષ્મ છાયાનો સ્નિગ્ધ આશ્રય લેવા ઝંખતો કવિજીવ ક્યાંક આવા પ્રહરે પણ કવિતા લવતો તો હશે જ.

બપોરના કલાકો ગરમીમાં પાતળા પડીને લંબાઈ જાય છે. આથી જ સાંજે એને સંકેલી લેવામાં આટલો બધો સમય જાય છે. આ વૈશાખની બપોરે હજી દસ-બાર ફૂલ વ્હેંચનાર મારા વાડામાંના પારિજાતને હું આદરપૂર્વક જોઈ રહું છું. એમેઝોનના કાંઠાના સૂર્યથીય અભેદ્ય અરણ્ય જેવી નિબિડતા જેની કાવ્યપંક્તિઓ વચ્ચે છે એવા કવિની શોધમાં છું. એકાદ પંક્તિ શીતળ જળધારા જેવી ખળખળ વહી જતી હોય તો વળી, સો પંક્તિની શાખાવાળું કોઈ છાયાઘન વૃક્ષ તનમનને શાન્તિ આપતું હોય. કોઈ પંક્તિની કેડીઓ છંદની સીમાને તોડીને વ્યાપી જાય. ને પછી પાછા ફરવાનો રસ્તો ન જડે એવું બને. પણ કવિતામાં ખોવાઈ જવાનું સુખ તો બાળપણથી જ પામતો આવ્યો છું. મયૂર ભટ્ટની જેમ નર્મદા કે તાપી જેવી કોઈ નદીને કાંઠે ઊભેલા ઘટાદાર વટવૃક્ષની નદીનાં જળ પર લટકતી વડવાઈ સાથે સહસ્ર સૂત્રે સીકવું બાંધીને લટકવું ને સૂર્યમહિમાનો એક એક શ્લોક રચી એક પછી એક સૂત્રને છેદી આખરે જળમાં ડૂબકી મારવી, આવું કરવાનો પણ મનમાં તરંગ આવે છે. પણ એથી તો સૂર્યનો મહિમા વધુ અસહ્ય નહિ બની રહે?

15-5-81

*

# જગતને આવકાર

આથમણી દિશા તરફનું ગુલમહોર રૂંધાયેલા કણ્ઠવાળા કવિની જેમ ઊભું છે. બેચાર પુષ્પોથી વધુ એ બોલી શકતું નથી. એની રૂંધામણ વાતાવરણમાં છે. વાણી રૂંધીને ઠાવકા થઈને બેસી રહેવાના દિવસો મને યાદ આવે છે. ત્યારે તો હૃદયની ભૂમિ પ્રશસ્ત હતી, આખા જગતને આવકારવાનો ઉલ્લાસ હતો. જગતને પ્રવેશતું મુગ્ધપણે જોઈ રહેતો. એ આનન્દને પ્રગટ કરવાની ભાષા પ્રેમાનન્દ, દયારામ, નરસંહિરાવ કે નાનાલાલ પાસેથી મળતી નહોતી. ઘણું કહેવું હતું, પણ બોલી શકાતું નહોતું. જગત એની પ્રચુરતાથી મને રૂંધી નાખતું હતું. પૂજાલાલની પંક્તિ હું મનમાં ગૂંજતો હતો, 'સ્વભાવ થઈ જા વિશાળ.' ઉપનિષદે અલ્પ અને ભૂમાનો વિવેક શીખવ્યો હતો. ત્યારે મને એક સુખદ સમાધાન પ્રાપ્ત થયું. રૂંધામણભરી રાત વીત્યા પછી બીજે દિવસે જોયું તો મારા વણઉચ્ચારાયેલા બધા શબ્દો મધુમાલતી પર ખીલી ઊઠ્યા હતા. ત્યાર પછી કોઈક શબ્દોને પંખી બની ઊડી જતા જોયા છે. કોઈ વાર વરસાદની આછા ઝરમરની જેમ વાણીને ટપકી જતી અનુભવી છે. કોઈ વાર મારા શબ્દો કાંટાની જેમ મારામાં જ ખૂંપી ગયા છે.

પ્રકૃતિ સાથેના મારા તાદાત્મ્યનું એક મોહક જૂઠાણું હું ખડું કરી રહ્યો છું એમ કોઈકને લાગશે. સત્ય મને તો એક ભાગવત અને આત્મલક્ષી વસ્તુ લાગે

છે. આથી જૂઠાણું લાગતું હોય એને સાચું બનાવવાનો કીમિયો બહારથી નહીં લાધે. જે ભ્રાન્તિ છે, આભાસ છે કે અલીક છે તે બ્રહ્મબાહ્યા તો નથી. માટે આ બધાંને મિથ્યાપણાનું જે કલંક ચોંટ્યું છે તેને ફિટાવવાનું કામ સર્જકનું છે.

સમ્બન્ધો રચાય છે ત્યારે તો લાગણીવિહ્વળ બનીને એને સંગીન આધાર છે જ એવું આપણે માની લઈએ છીએ. ધીમે ધીમે એમાંનું ઘણું ભ્રાન્તિરૂપ જણાય છે. પણ એથી વિરક્ત થઈને દૂર ભાગનારા પ્રેમતત્ત્વને સમજતા નથી. જે જે ભંગુર, અનિત્ય, અસ્થિર કે અદઢ લાગે તેને વજ્રમય, નિત્ય, સ્થાયી અને દઢ બનાવવાને માટે જીવવું એમાં જ તો આનન્દ રહ્યો છે. આ રૂપાન્તર સિવાય પ્રેમ પોતાના નામને સાર્થક શી રીતે કરે? પ્રેમ રૂઢમૂળ ખરો પણ એનો અર્થ એ નહીં કે એ જડ કે સ્થગિત થઈને રહે. એ તો સદા વિકસ્યા જ કરે. કવિના ચિત્તમાં, રિલ્કે કહે છે તેમ રૂપાન્તરની પ્રક્રિયા સદા ચાલ્યા જ કરે છે. પ્રેમ પણ પ્રતિરોધ, જડતા, નિરાશા બધા સાથે આથડીને, ઝૂઝીને બલવત્તર બને છે. પછી એનું પરિમાણ વિસ્તરીને ભગવાનને સમાવી લેવા જેટલું વ્યાપક બને છે.

આધ્યાત્મિકતામાં મને ઝાઝી ગતાગમ નથી. બુદ્ધિની કુશાગ્રતાનો મારો દાવો નથી. હૃદય પર ઇતબાર રાખીને ઠગાયો પણ હોઈશ. આ બધા અનુભવોને કારણે સમજું છું કે મારા સિવાય મને કોઈ ઠગી શકતું નથી. ભ્રાન્તિને એટલી બધી વહાલી કરી મૂકીએ કે એમાં સત્ય આકરું કે અપ્રિય લાગે છે ત્યાં સુધી આપણો આપણી સાથેનો મેળ સધાયો નથી એમ જ માનવું. પણ આ મેળ કોઈ મન્ત્ર ભણવાથી સાધી શકાવાનો નથી. જીવવાની પ્રક્રિયામાં દિલચોરી નહીં પરવડે. એક ક્ષણ પૂરતા પણ જીવનમાં અસાવધ રહેવાનું નહીં પરવડે.

બાલિશતા અને બાલ્યભાવ – આ બેમાં ફેર છે. બાળક પોતાની આગવી રીતે અનાસક્ત હોય છે. પણ, બાલિશતા ધરાવનાર તો રિસાળ, મોંએ ચઢાવી

મૂકેલા બાળકની જેમ સંસારમાં વર્તે છે. એને તો બધું જ જોઈએ. એમાં કશો વિવેક નહિ. આપણે યોગ્યતા પ્રાપ્ત નહીં કરી હોય તોય આપણને અમુક સ્થાન કે માન તો જોઈએ જ. ઘણી વાર માણસ કશુંક પામ્યા વિના દરિદ્ર બને છે. તેના કરતાં વધુ દરિદ્ર કશુંક પામીને બનતા હોય છે. પામ્યા કરવાની ગુલામી એને ભરડો લે છે. પછી એમાંથી એ છૂટી શકતો નથી.

હું તો આ વિશ્વમાંનું કશું જ જતું કરવા માગતો નથી. આસોપાલવનું પાંદડું ખરે છે ને હવામાં રમત કરતું કરતું નીચે પડે છે તે પણ હું મુગ્ધ બનીને જોયા કરું છું. ખરી જવું પણ આટલું આનન્દપ્રદ હોઈ શકે તેનું મને પ્રત્યક્ષ પ્રમાણ મળે છે. આથી જ તો હું જગતને આવકારવા ઉત્સુક હોઉં છું. પણ મેં જોયું છે કે આ તાદાત્મ્યમાં અહંકાર ઓગળતો જાય છે. ઘરમાં ખુરશી છે, ટેબલ છે. સાંજ વેળાના પ્રલમ્બ પડછાયામાં એમનાં પણ પરિમાણ બદલાય છે. મારા કપરા દિવસોની સાથી એક ખુરશી હજી ઘરમાં છે. મારા ખભા પર જે કાળનું વજન છે તે જ કાળનું વજન પણ તેના પર છે. છતાં તેનો ખોળો આપણને આવકારવાને ઉત્સુક છે. કેટલીય વાર મારા વિષાદનું વજન લઈને એના પર બેઠો હોઈશ. એની પ્રત્યેની આત્મીયતા મને હળવો બનાવે છે. આમ વિખેરાઈ જવું એમાં હળવાશ રહેલી છે.

આથી જ તો જૂઈની કળીને સાચી રીતે તન્મય બનીને જોઉં છું ત્યારે એના જેવી હળવાશ અનુભવું છું. આથી જ કોઈ કવિની કવિતાની પંક્તિઓથી જે વિશ્વ રચાય છે તેમાં હું પૂરા આનન્દથી પ્રવેશું છું. જે દિવસથી કવિતા માણવાનું શીખ્યો તે દિવસથી 'દરિદ્રતા' શબ્દ મારા જીવનમાંથી ભુંસાઈ ગયો. પણ એક વાત સ્પષ્ટ કરી લેવી જોઈએ. મને કોઈ મારી વિટમ્બણાને કારણે વિષાદ થતો હોય તો તેનો ભાર લાગે, પણ ક્યિર્કેગાર્દને હતો એવો વિષાદ તો આત્માને ખીલવનારી આબોહવા બની રહે. આ કે તે નહિ મળ્યું, ગેરસમજ થઈ, જાણ્યેઅજાણ્યે કોઈને આઘાત લાગે તેવું વર્તન થયું –

આ બધાંનો સન્તાપ તો આપણી મર્યાદામાંથી ઉદ્ભવે. એનો ભાર આપણે એકલાએ જ ઉપાડવાનો. પણ કેટલોક વિષાદ એવો હોય છે જે ઈશ્વરને વસવાના મહાલય જેવો બની રહે. સૂર્ય, ચન્દ્ર એના સ્તમ્ભ બની રહે.

જીવનનો અન્ત સ્વેચ્છાએ આનન્દપૂર્વક પણ લાવી શકાય. પણ હું મારા સુખને કારણે બીજાથી અળગો પડવા ઇચ્છતો નથી. સુખ મને અન્ત્યજ, અસ્પૃશ્ય બનાવે છે. સુખિયાઓની જાતિ બહુ સંકુચિત સ્વભાવની હોય છે. એ પોતાના વાડામાં બીજાઓને પેસવા દેતા નથી. દુઃખ પણ મારું તો સુખના જેવું જ વિહારક્ષેત્ર છે. માનવી હોવું એટલે જ મર્યાદિત હોવું. ઘણા અનુભવો એવા છે, ઘણી પરિસ્થિતિઓ એવી છે જે આપણને આપણી મર્યાદાનું તીવ્ર ભાન કરાવે. એ ઉત્કટ અનુભૂતિ જીરવવાની શક્તિ આપણામાં નહીં હોય, છતાં એને અનુભવ્યા વિના રહી શકાય નહીં. આવાં અનેક વૈષમ્યો, વિરોધો, આગ્રહો, અભિનિવેશો સ્વીકારીને જીવવાનું એણે સ્વીકાર્યું છે. આપણી આ મર્યાદાને જ કારણે આપણે જે ખમીર બતાવ્યું છે તે કારણે તો ભગવાનને પણ મર્યાદાપુરુષોત્તમ થવાનું મન થયું. પણ ભગવાન સાથે આપણે સ્પર્ધામાં નથી ઊતર્યા. ભગવાનનું ગૌરવ જળવાય તે જવાબદારીનો ભાર પણ આપણે માથે જ છે.

24-7-80

*

# સંસ્કૃતિનો ઉષ:કાળ

નવો દિવસ ઊગે છે. છતાં લાગે છે કે એ સાવ નવો નથી. વીતી ગયેલા દિવસોની થોડી રેખાઓ એના પર અંકાયેલી છે. મેં રોષે ભરાઈને જે દિવસને ધક્કો મારીને હડસેલી દીધો હતો તે પણ જાણે નફ્ફટ બનીને, રૂપ બદલીને, પાછો આવ્યો છે.

પણ પ્રારમ્ભથી જ હું એને શંકાની નજરે જોઉં તો સૂરજ આથમતા સુધીનો અમારો સહવાસ કેમ નભશે?

રસ્તા પર નજર કરું છું તો અપંગ શિશુ એના લંગડા પગને ઘસડતું જઈ રહ્યું છે. પાસેથી જ એક મોટરસાયકલ પૂરપાટ દોડી જાય છે. લીમડાની ડાળ પર કાગડો ચકલીના બચ્ચાને પકડીને પગ નીચે દાબીને બેઠો છે. ચકલી આવીને એને ચાંચ મારી જાય છે. એના કકળાટની કાગડો ઉપેક્ષા કરે છે. રસ્તા પર સાયકલ નીચે કચડાઈ ગયેલી એક મૂર્ખ ખિસકોલી પડી છે. એનું માથું લોહીમાંસનો લોચો બની ગયું છે. કચડાઈ ગયેલી ડોકમાંથી હજુ લોહી ટપક્યા કરે છે. ઘાસમાં પડેલા ઝાકળના બિન્દુઓની સોહામણી ભાત એની આજુબાજુ શોભી રહે છે.

રસ્તા પર ચાલી જતા માણસો મૂંગા છે. સુંદર યુવતીની પાસેથી પસાર થતો

ગુંડો એકાદ અશ્લીલ શબ્દને અસ્પષ્ટ રીતે ગણગણે છે. એમાં એ સુન્દરી કેવળ માદા છે એટલો જ સંકેત છે. બોદલેર કે ભર્તૃહરિની શબ્દજાળ એને સ્પર્શતી નથી. એક ક્ષણ પૂરતી લોહીના ઉછાળાની છાલક એને વાગે છે. પછી પાછો એ પોતાના પરસેવાની ગન્ધથી વીંટળાયેલો એ આગળ ચાલવા માંડે છે. જેનો કંઠ બેસૂરો થઈ ગયો છે એવું એક પંખી ટહુકે છે, એ ટહુકો લીમડાની ને શિરીષની શાખાઓ સાથે અથડાઈને વિખેરાઈ જાય છે. એમાં તીણા સૂરે ગાતી એક ફિલ્મી ગાયિકાના સૂર ભળી જાય છે. ક્યાંક માટી ખોદતા મજૂરની કોદાળી પથ્થર જોડે અથડાય છે. એનો રણકાર પણ એમાં ભળે છે. આ બધાને અન્તે એક આછો અવાજ હું સાંભળું છું. એ છે મારા રાતભર રૂંધાયેલા શ્વાસનો અવાજ. એ આકાશમાં ભળી જવાને તરફડે છે.

મૂંગા બહેરાના નિઃશ્વાસોની જંગી કમાન પર એક તોતંગિ ઇમારત તોળાઈ રહેલી જોઉં છું. માણસોના અવાજ ભયના માર્યા સંકોચાઈને ત્યાંથી ભાગી છૂટે છે પણ એમ તો બોલી શકનારાય ક્યાં મૂંગા થઈ નથી જતા? એકાદ ‘હું’ સિવાય એમની પાસે ઘણી વાર કશું બચ્યું નથી હોતું, કદાચ બીજા જન્મના મૂંગાપણાની તેઓ તૈયારી કરી રહ્યા હશે.

પણ આપણે તો મૌનનો ભારે મહિમા કરીએ છીએ. આપણે વાચાળતાને હંમેશાં છીછરી ગણીએ છીએ. મૌનની પાછળ તપ રહ્યું હોય છે. દુષ્ટ લોકો જ મૌનને મીંઢું કહે છે. સંસ્કૃતમાં કહ્યું છે, ‘મૌનં સર્વાર્થસાધનમ્’ – મૌન જ બધા અર્થો સિદ્ધ કરવાનું સાધન! આથી બોલનાર જ નિરર્થક અને અકિંચન – એના હૃદયનું તળિયું ખાલી, માટે એ શબ્દકંકર ફેંક્યા કરે! કેટલીક વાર તો વેદનાથી કણસ્યા કરવાનું સુધ્ધાં ક્યાં આપણા નસીબમાં રહે છે? કોઈકે નથી કહ્યું કે જે કણસી જાણે તે માણસ!

હમણાં જ પથારીમાંથી ઊઠ્યો છું. કેવી સુખદ હતી નિદ્રા! એમાં મરણનો

સ્વાદ હતો. આત્મવિલોપન હતું, ભાષાનો ભય હતો, મારાપણાનો તાંતણો તૂટુંતૂટું થઈ રહ્યો હતો. હું જાણે કોઈ વિશાળ ખેતરના જેવો પથરાઈને પડ્યો હતો. એ ખેતરના પર લાખ્ખો મધમાખીનું ગુંજન પથરાઈ ગયું હતું અને ડંખ? હા, લાખ્ખો મધમાખીના ડંખ!

બાળપણમાં સાંભળેલો અવાજ એકાએક મારે કાને પડે છે. સવારના ચૂલો સળગાવ્યો છે. એમાંનું એક સળગેલું લાકડું બળતાં બળતાં ફાટે છે તેનો એ અવાજ છે. એ અવાજ અહીં ક્યાંથી ભૂલો પડ્યો તે વિચારું છું. એના ધુમાડાથી કે પૂર્વસ્મૃતિથી કે કશાકથી આંખમાં ઝળઝળિયાં આવી જાય છે. મારી આંખ સામે એક પછી એક એમ બે સૂર્યોને ગોઠવાઈ ગયેલા જોઉં છું. આંસુ વેદનાને જ દ્વિગુણિત કરે છે એમ નહીં, એ દૃશ્ય જગતને પણ બમણું કરીને આપે છે.

પથારીમાંથી હું બેઠો થાઉં છું ત્યારે મોઢા સુધી ઢંકાયેલો મારો દેહ આવરણમાંથી મુક્ત થાય છે. મોહેં-જો-દડોના વિસ્મૃત કાળના આવરણમાંથી આવિષ્કૃત કરેલા કોઈ શિલ્પના જેવો હું મને આશ્ચર્યથી જોઈ રહું છું. પોતાને દૂરદૂરના કાળમાં ફેંકી દેવાથી કેવો અમાનુષી મહિમા પ્રાપ્ત થાય છે!

નિરાકાર નિ:શેષતામાંથી ફરી બધી રેખાઓને ગોઠવું છું. સૂર્ય એમાં મદદ કરે છે. ત્યાં કોણ જાણે ક્યાંકથી મરણની આશક કવયિત્રી સિલ્વિયા પ્લાથની પંક્તિ મારે કાને અથડાય છે : ‘સૂરજ મારા આંતરડામાં ચાંદાં પાડે છે ને પવન મને ક્ષયનો રોગ આપે છે.’ એની આ પંક્તિની આજુબાજુ એને ઊંઘવા લીધેલી ટીકડીઓનું નિદ્રિલ ધુમ્મસ હતું. આ સવારની ક્ષણ જ એવી છે ઓરમાં વીંટળાયેલા શિશુ જેવી!

હવે હું એક મટીને અનેક થાઉં છું. હું ટોળામાં વસવા લાગું છું. ટોળામાં તો મૂંગો માણસ પણ બોલતો સંભળાય છે! કિશોર વયમાં કરેલા ગીતાપાઠમાં

થોડાક સંસ્કૃત શબ્દોનો સ્વાદ હજી હોઠ પર છે. કિશોર વયનો એ ઈશ્વર હજી ક્યાંક મારામાં ભરાઈ રહ્યો છે. અન્તરમાં દૃષ્ટિ વાળવાની તો એ વય નહોતી, ઉત્ફુલ્લ હૃદય અને ઉદ્‌ઘાટિત નયનોની એ દૃષ્ટિ હતી. ત્યારે ઈશ્વરને હૃદયમાં વસવા જેટલું સ્થાન નહોતું. એ તો ત્યાર પછી વેદનાના પ્રપાતથી હૃદય ઊંડું ને ઊંડું થતું ગયું, આથી જ એ વધારે ને વધારે ઠાલું લાગવા માંડ્યું. આથી મરણિયા બનીને કિશોર વયના એ ઈશ્વરને એ ઠાલું હૃદય ભરવા શોધી લાવવો પડ્યો!

સવાર થતાં જ સંસ્કૃતિનો ઉષ:કાળ પણ શરૂ થાય છે. ગુફામાં રહેતા અને ચકમક ઘસીને અગ્નિને પ્રગટાવતા આદિમાનવની સાથે હું બહાર આવું છું. પ્રેમપુરાણ હજી રચાયું નથી, છે કેવળ નગ્ન બુભુક્ષા. અગ્નિમાંથી દીપ પ્રગટે છે ને એના અજવાળામાં દેવો અને દેવીઓ આકાર લે છે. એ અગ્નિમાંથી વામહોમ થાય છે ને સંસાર શરૂ થાય છે. એમાંથી જ સ્મશાનનો અગ્નિદાહ પણ સંભવે છે. આજે સવારે હું એ અગ્નિની સાક્ષીએ સંસ્કૃતિના એ પ્રભાતનો સાક્ષાત્કાર કરું છું.

મારી પાછળ મરણનો પડછાયો છે. કોઈ વાર આંખની પાંપણ પર એનો ભાર વર્તાય છે તો કોઈક વાર શ્વાસ એના ભારથી રૂંધાઈ જાય છે. એ ગૂંચવાઈ ગયેલી જિન્દગીને જોઉં છું ત્યારે પ્રાથમિક શાળામાં એક પણ ભૂલ વગર સાચો જવાબ લાવી આપીને કરેલો દાખલો યાદ આવે છે. પણ ત્યાર પછી તો રકમ ગૂંચવાતી ગઈ, દાખલા ખોટા પડતા ગયા!

ક્યાંકથી ધૂંધવાયેલો પીતવર્ણ ધુમાડો આવી ચઢે છે. એ નરકાસુરની જીભ જેવો લાગે છે. એ બારી પાસે હાંફતો ઊભો રહે છે. એની ગન્ધ મને અકળાવે છે. એની અસ્પષ્ટતા મને ભૂંસી નાંખે છે.

ઘરમાંનાં કેલેન્ડરમાંનાં પાત્રો દિવસ ઊગતાં જાગી ગયાં છે. ખટાઉની સુન્દર

સાડી છટાથી પહેરીને ઊભેલી સુન્દરી કબાટના કાચમાં પોતાનું સૌન્દર્ય જોઈને મલકાઈ રહી છે. બીજા કેલેન્ડરમાં રાજસ્થાનના કુંભારનો ચાકડો ફરતો થઈ ગયો છે. ત્રીજા કેલેન્ડરમાં આખી રાત ઊભા રહેલા ગણેશ હવે પગ વાળીને બેસવાનું વિચારી રહ્યા છે.

ચૈત્રના લીમડાની કૂણી કડવાશ હવામાં છે. શીમળો એના ફૂલની રાતી પ્યાલીઓ ભરીભરીને આતપના આસવને ગટગટાવી રહ્યો છે. બંધ આંખોનાં અસંખ્ય હરિદ્ર વર્ણ પોપચાં જેવાં ગરમાળાનાં ફૂલ ઝૂલી રહ્યાં છે. મારી બારી પાસે મહાશ્વેતા જૂઈ પાર્વતીની જેમ પંચાગ્નિ તપ તપી રહી છે.

14-4-77

*

# આનન્દનું પુનરાગમન

રસ્તે ચાલતાં ચાલતાં એકાએક નજર જાય છે તો પાસે જ કોઈક ચાલી રહ્યું છે. એ છે સાવ અપરિચિત. કદાચ પહેલો વળાંક આવતાં જ એ બીજે જ રસ્તે ફંટાઈ જશે. પણ એ મારી સાથે ચાલે છે એ દરમિયાન જાણે બીજું આખું વિશ્વ મારી બાજુમાં આવી ચઢ્યું હોય એવું લાગે છે. એનાં સુખદુ:ખ, આશાઆકાંક્ષા ભયચિન્તા મારી આજુબાજુની હવામાં આન્દોલિત થઈ ઊઠે છે. મને એના મોઢા પરના ભાવ જોવાનું કુતૂહલ થાય છે. એ ન જાણે તેમ એની તરફ જોઈ લઉં છું. એની આંખમાં નર્યો નિર્વેદ દેખાય છે. નવી જ વિકસેલી શિરીષની કૂંપળ કે વસન્તની ખુશનુમા હવાની લહેરખી એને એની નિર્વેદની સ્થિતિમાંથી વિચલિત કરી શકતાં નથી. એ ચાલતાં ચાલતાં જ જાણે સાત કોઠાનું આકરું યુદ્ધ લડી રહ્યો છે. હું વિચાર કરું છું. એને સ્પર્શી શકે એવો મારી પાસે એક્કેય શબ્દ છે ખરો? મારા હાથ એના હાથને સ્પર્શવા લંબાવા જાય છે ત્યાં એને કશુંક વારે છે. અમે બે પોતપોતાના વિશ્વમાં બહુ મૂગા મૂગા ચાલ્યે રાખીએ છીએ. એના રુગ્ણ અવકાશમાં એક નાનકડી બારી ખોલી આપવાનું મારાથી બની શકતું નથી. ત્યાં સામેથી આવતી ટ્રક અમને છૂટા પાડી દે છે. ચાલતાં ચાલતાં હું ઘણી વાર ચોંકી ઊઠું છું! કદાચ પગ શૂન્યની ગર્તામાં સરી પડશે તો? સૌથી વધારે ભય શૂન્યનો લાગે છે, કારણ કે એનો સામનો કરી શકાતો નથી. મન શૂન્યમાં તદાકાર થઈ જતું નથી. એના

પર શૂન્ય તો પ્રતિષ્ઠિત છે. આથી જ દાંત કચકચાવીને નિશ્ચય કરું છું કે વિષાદની શરણાગતિ સ્વીકારવી જ નહિ, ક્રોધના ઉન્માદને વશ થઈશ જ નહિ, જે બની ગયું છે તેને ઘૂંટ્યા કરીશ જ નહિ. આમ છતાં કોઈક વાર પગલું ઉપાડતાં એકાએક ઊભો રહી જાઉં છું. પગ શૂન્યની ગર્તામાં તો નહિ પડે ને?

પાસેથી એક પંખી ઊડીને જાય છે. એનો પડછાયો મારી બારી પાસેની ભીંત પર પડે છે ને તરત ઊડી જાય છે. એટલો વખત જાણે કોઈનો ઉષ્માભર્યો હાથ મારા ખભા પર છે એવું લાગે છે. આકાશ સરસ મજાની નાની છીપલી જેવું બની ગયું છે. એને હાથમાં લઈને ઉછાળી શકાય. સવારનો તડકો હજુ કૂણો છે. એથી જ તો એના ખોબેખોબા ભરી લેવાનું મન થાય છે, કારણ કે કેટલીક વાર એવો દિવસ ઊગે છે જેને બે સૂર્ય ઊગે તોય અજવાળી શકે નહિ. લીમડાની નવી ખીલેલી સહેજ તામ્રવર્ણી કૂંપળમાંથી ચળાઈને આવતો સૂર્યનો તડકો મને મુગ્ધ કરી દે છે. વહેલી સવારનું ધુમ્મસ હજી પાંદડાંઓની સળમાં ભરાઈ રહ્યું છે. સુકાઈ ગયેલા ઘાસમાં ઝાકળની ભીનાશ છે. એના પર ખુલ્લે પગે ચાલવાનો લોભ થઈ આવે છે. સામેની મેંદીની વાડને ઓથે બિલાડી પોરો ખાવા બેઠી છે. કોઈ કોઈ વાર એ બગાસું ખાઈને અધી આંખ ખોલીને આજુબાજુ નજર નાખી લે છે. એની મૂછના વાળમાં ઝિલાયેલી રાતી કીડી તડકામાં ચળકી ઊઠે છે. બાજુમાં જ કોઈએ સૂકાં પાંદડાં સળગાવ્યાં છે તેની ધૂમ્રસેર ઊંચે ઊંચે ચઢે છે. કૂણા તડકામાં એની ભૂરાશ તરવરી રહે છે. કોઈક વાર લખતાં લખતાં શબ્દોમાંથી કશુંક એવું પ્રસરે છે જે મનને કશીક તન્દ્રામાં નાખી દે છે. શબ્દો મીણની જેમ ઓગળવા માંડે છે. બારાખડીના અક્ષરોના સ્પષ્ટ આકાર વરતી શકાતા નથી. વાક્યો પ્રવાહી થઈને એકબીજામાં ભળી જાય છે. પછી વિરામચિહ્નોનો કશો અર્થ રહેતો નથી. મારું મન એ પ્રવાહમાં તણાવા લાગે છે. મન લોભ રાખે તોય આ વહી જતા, ઓગળી જતા શબ્દોને સંઘરી રાખી શકાતા નથી.

માનવી પહેલાં કદાચ વધારે ખડતલ હતો. આદિ પ્રકૃતિના આવેગો સામે એ ઊભો રહી શકે એ માટે એને જુદા જ મજબૂત ઘાટનો બનાવ્યો હતો. જીવનનો ધસમસતો પ્રવાહ એને ઝટ ભાંગી નાખી શકતો નહોતો. આ સર્જેલા અસ્તિત્વના મર્મસ્થાને મનને મૂક્યું હતું. એ આન્તર પ્રકૃતિના ઉદ્‌ભવથી એક નવો જ સંઘર્ષ ઊભો થયો જે કદાચ બાહ્ય પ્રકૃતિના આદિમ આવેગો કરતાં પણ બલવત્તર સ્વરૂપનો નીવડ્યો. કદિક શરીરની સીમાઓમાં મન રૂંધાયું, કદિક મનના સન્તાપે શરીરને બાળ્યું. સ્નાયુએ સ્નાયુએ શક્તિનાં મોજાં ઉછાળ્યાં અને ચેતનાની ભરતીના તરંગોની છાપ મગજની ગડીઓમાં અંકાઈ ગઈ. કોઈ વાર નિ:શબ્દતા છવાઈ જાય છે ત્યારે હું શરીરને સાંભળતો બેઠો રહું છું અને શરીર આ પ્રાગૈતિહાસિક કથા માંડી બેસે છે.

લીમડાની ડાળી પવનમાં આ તરફ ઝૂકે છે ત્યારે એના પર માનવભાવનું આરોપણ કરીને હું કહું છું એ મારું અભિવાદન કરે છે. આકાશના તારાની દૃષ્ટિ નિનિર્મેષ નેત્રે મને જ જોઈ રહે છે એમ મને મારો અહંકાર માનવા પ્રેરે છે. પવન સગી માએ નહિ ફેરવ્યો હોય એવો વહાલભર્યો હાથ મારે શરીરે ફેરવી જાય છે. આમ ગાંઠની આરોપેલી આત્મીયતાથી હું આ ઉદાસીન જગતને મારી નિકટ ખેંચવાનો પ્રયત્ન કર્યા કરું છું. પણ આ વૃક્ષો કે આ તારા મારા અસ્તિત્વની તો વાસ્તવમાં નોંધ સરખી લેતા નથી. અરે, જેમાં રાતદિવસ આપણે રહ્યા તે આપણું ઘર પણ આપણા સહવાસની છાપને સાચવી રાખતું નથી તો પછી નિકટતાની માયા છોડીને દૂરતાને જ આરાધવાનું હૃદયને શીખવવાનું રહ્યું. દૂરતાના પરિમાણ વચ્ચે જ કદાચ સાચા સમ્બન્ધો ઊઘડતા હશે.

દુ:ખનો ગાળો વેઠી લઈને આખરે બહાર નીકળી જવું એટલું જ નહિ, સુખ ભોગવીનેય એની બહાર સહીસલામતીથી સરી જવાનું પણ એટલું જરૂરી છે, નહિ તો દીર્ઘ કાલનું સુખ આપણું કારાગાર બની રહે; એ આખરે આપણને

જડ બનાવી દે. દુ:ખ તો ચેતનાની વાટને સંકોરે અને તીવ્રતર બનાવે; પણ સુખ તો આપણને એને ખોળે લઈને પોઢાડી દે. દુ:ખ અહંકાર વધારે, સુખ આપણને અસાવધ બનાવી દે. આથી નિશ્ચયપૂર્વક બન્નેનો મુકાબલો કરવો જ રહ્યો. આજના સુખના સ્વાદને આવતી કાલની સમ્મતિ જ મળશે તેની શી ખાતરી? કદાચ આજનું સુખ આવતી કાલે દુ:ખને નામે પણ ઓળખાતું થઈ જાય! ટુકટુકિયો ક્યાંક બોલે છે. એના ટહુકાએ પ્રસારેલા સમયમાં પ્રવેશવાનું મારે માટે ક્યાં સહેલું છે? એનો ટહુકો અને આપણો આનન્દ – આ બેને જોડનારી કડી ન શોધીએ તો એ બન્ને એકબીજાથી અસ્પૃષ્ટ, મિથ્યા બની રહે!

રિલ્કેએ તો કહ્યું છે કે નવું ફૂલ સૂંઘવાને માટે નવા થઈ જવું જોઈએ. એક ફૂલની પાંખડીમાં આખી રાતને ચાલે એટલો અન્ધકાર સંઘરાયેલો હોય છે. પણ આપણે જો સાવ નરવા બનીને, કશી ટેવનો ડાઘ પાડ્યા વિના, એ ફૂલને આપણી પ્રસન્નતાનો સ્પર્શ થવા દઈએ તો પેલો અન્ધકાર જ દિવસને અજવાળતો પ્રકાશ થઈ જાય. આથી જ તો અહીં આપણે તણખલાથી માંડીને વિરાટકાય પર્વતનું ગૌરવ કરવાનું છે. જો એ કરીએ તો જ ઈશ્વરની ગરિમાનો થોડો અંશ આપણે પણ એના સહભાગી થઈને પામી શકીએ. હૃદય – પ્રેમથી પૂર્ણ હૃદય આ સિવાય બીજી શેની આશા રાખે છે? એ કંઈ ભીખનો ટુકડો નથી યાચતું. આ ગરિમા જ અભિન્નતા સિદ્ધ કરવાનું પરિમાણ ધરાવે છે. અભિન્નતા નામચિહ્ન ભૂંસી નાખે છે, પછી સ્તુતિ અને સ્તોત્રોનો ભેદ રહેતો નથી. આપણી વસન્ત આપણા પૂજાવિધિમાં છે, પંચાંગની તિથિમાં છે. પણ આ દૈયડ ને કંસારો – એમને તો ટહુકે ટહુકે, પુચ્છના ચંચળ આન્દોલને વસન્ત જ વસન્ત છે. ઘરમાં જેમની છબિ છે તેઓ આજે નથી રહ્યા. છબિમાં થોડા જ એમને ઝાલી રાખી શકાયાં? તેમ મન અભિમાનથી એમ માને કે કલ્પનોમાં કે પ્રતીકોમાં જગતને સંચિત કરી લઈશું, પછી જગત ક્યાં છટકી જવાનું હતું? કલ્પન પ્રતીકોમાં જે ઝિલાયું તે જ આપણું સત્ય

એમ પણ આપણે કવિતાનું ગૌરવ કરવા કહી દીધું. આપણે સર્જેલા સત્યને આપણે કેવા અભિભૂત થઈને જોઈ રહ્યા! એનું સર્જન કરતાં કરતાં આપણે આપણું પણ પુનર્વિધાન કરતા રહ્યા. છતાં એકાદ ક્ષણે જે અગોચર છે, જે દૃષ્ટિસીમાની બહાર છે, અમૂર્ત છે તેનું ઇંગિત મળતાં જ આપણે કદી ન અનુભવેલા એવા આનન્દથી વિહ્વળ નહોતા બની ઊઠ્યા?

આ હૃદય તો કેટલીક ક્ષિતિજોને ઉલ્લંઘી શકવાનું હતું? એ જે પામે તે આથી અંશતઃ જ પામે. આથી આપણા અભિમાનમાં સાંધો રહી જ જાય. આથી મારો શબ્દ તે દૈયડના ટહુકાનો પ્રતિધ્વનિ બની રહે એમ પણ કોઈક વાર મારે ઇચ્છવું જોઈએ. જગત પણ બોલે છે, એને જો હું મેં ઊભા કરેલા કોલાહલમાં સાંભળું જ નહીં તો એ મારી જ ક્ષતિ. માન્યું કે વસુધા જ મારું કુટુમ્બ, કેટલીક વાર એમ માનવું કસોટી કરનારું નીવડે તોય માન્યું પણ નિયતિને કોણ આદેશ આપી શકે કે તું આ જ મને આપ, આથી સહેવું, જે સહેતા હોઈએ છીએ એ સ્વીકારીને, કશી ભ્રાન્તિ ઊભી કર્યા વિના જ, સહેવું. તો પછી આપણે અસાવધ નહીં રહીએ; અને અસાવધને રક્ષણની જરૂર રહેતી નથી.

સૌન્દર્ય ઉન્માદ નથી; એ પ્રદોષ વેળાની સ્નિગ્ધ શાન્તિ જેવું હોવું જોઈએ. આપણે એને આપણા હૃદયના આવેગોથી ઊભા થતાં વમળોમાં ખેંચી લાવીને ડહોળી નાખીએ છીએ. આથી સૌન્દર્યનો છાક ચઢે નહિ ત્યાં સુધી આપણે સૌન્દર્ય માણ્યું એમ કહેતા નથી. આવી ઉન્મત્ત ક્ષણોની અપેક્ષામાં આપણે હોઈએ છીએ ત્યારે જ સૌન્દર્ય હાથતાળી આપીને છટકી જાય છે.

કોઈક વાર ગાડીમાં મુસાફરી કરતાં સામે બેઠેલી કોઈ કન્યાના મુખ પર સ્મિતના ઉદયનાં લક્ષણ જોઉં છું. એની દૃષ્ટિ તો કોઈ તરફ મંડાયેલી નથી, અન્તર્મુખ છે અને મનમાં પ્રશ્ન થાય છે : આ સ્મિત કોને માટે હશે? એ સ્મિત વાચાળ નથી; એની આજુબાજુ રહેલી વિક્ષુબ્ધતાની પળો વચ્ચેથી,

પથ્થર નીચેથી તૃણાંકુર માથું ઊંચું કરે તેમ, એ પ્રગટ્યું છે. માટે જ એ કેવું મોહક લાગે છે! પણ કેટલી બધી સમયની ક્ષણોના પાત્રમાં એણે એ સંચિત કરી રાખ્યું હશે! સહિયરો સાથે રમતાં રમતાં, ઘરમાં બનેલી કોઈ નજીવી વાતમાંથી નિમિત્ત મળતાં, કોઈ વાર આંસુને ઢાંકવા, આ સ્મિત ધીમે ધીમે રચાયું હશે. જેમ ફૂલ કેટલું આકાશ, કેટલા સૂરજ, કેટલા પવન, કેટલા જળનો ઉપભોગ કરીને ખીલ્યું તેનો હિસાબ એની પાંખડીઓ પર લખી રાખ્યો નથી તેમ આ સ્મિતમાં આ બધી ક્ષણોનો હિસાબ લખાયેલો હોતો નથી. એના પ્રગટવાની ક્ષણે તો આ નર્યું આત્મનિર્ભર સ્વયંસમ્પૂર્ણ લાગે છે.

સ્વપ્નમાં જોયેલા પ્રદેશો આલેખવાની ક્ષણો કેવી તો ઉત્કૃષ્ટ હતી! એમાં થતી અશ્રુવૃષ્ટિ કંઈક ઓર જ ઇન્દ્રધનુઓ પ્રગટ કરે છે. આ બાહ્યા જગતની વાસ્તવિકતાનો તન્તુ એના ભરતની ભાતમાં એવો તો ગુંથાઈ જાય છે કે એને નોખો પાડી શકાતો નથી. પછી દિવસ ઊગતાં આ બધું કયા ઊંડાણમાં, કશાક અપારદર્શક કાચ નીચે, અદશ્ય થઈ જાય છે? એ સૃષ્ટિના પવનની એક લહરીને અહીં લાવીએ તો બધું અવળું-સવળું થઈ જાય.

કોઈ વાર હૃદય કશાક કઠોર સાથે ટકરાઈ જાય છે ત્યારે ‘તરડ પડી છે કે શું?’ એવી ચીસ પાડી ઊઠીએ છીએ, પણ આ અથડાવાથી જે તણખા ઝરે છે તે તો આનન્દનો ઉજ્જ્વળ પ્રકાશ બનીને વિસ્તરી જાય છે. એથી જ તો હૃદય હવે સંઘર્ષભીરુ રહ્યું નથી. જેઓ આઘાત, જાણ્યેઅજાણ્યે, આપવા આવ્યા હતા તેમને ખબર નથી કે એઓ કેટલા આનન્દની ઉજ્જ્વળતા ઉત્સવની જેમ રચી ગયા! આંસુ કેટલીક વાર નહિ લૂછીએ તે જ સારું. આંસુનું સરી જવું એ આનન્દના પુનરાગમનની જ એંધાણી હોય છે. કદાચ બીજાએ લૂછેલાં આંસુની રેખાઓ મુખ પરથી જલદી ભુંસાતી નથી. જેની સામે મારા પૂર્વજો અડીખમ ઊભા રહી શક્યા તેની સામે ઊભા રહેતાં હું ધ્રૂજી ઊઠ્યો. જેનાથી એઓ ભાંગી પડ્યા તે પોતે જ મને તો અત્યન્ત ભંગુર લાગ્યું. આ

પરિવર્તનનો હિસાબ મારા લોહીએ રાખ્યો છે ખરો? આથી નવી પેઢીને હું મારા અનુભવમાંથી પાઠ શીખવવા ઉત્સાહી નથી. વળી ભય હંમેશાં પોચટ નથી હોતો; ઘણો ભય પીગળતા પોલાદ જેવો હોય છે.

જે પ્રગટ નથી કરવું હોતું ત્યાં જ એક નવું મુખ ખુલી જાય છે ને વાણી વહી જાય છે. વેદના તો બોલકી હોય જ છે. પણ છીછરાં સુખ વધારે ઘોંઘાટ કરે છે. અનાથ શિશુની અવાચકતા મને ઘણી વાર સ્પૃહણીય લાગે છે, પણ હવે તો એ દુર્લભ છે. કોઈક વાર એવું લાગે છે કે કશેક કોઈક અજાણ્યો જ ચન્દ્ર ઊગ્યો છે ને તેથી હૃદયમાં ભરતી આવી છે. એ ભરતીના કિલ્લોલને કોણ વારી શક્યું છે?

9-3-81

*

# શ્વાસનો દોર

મારી ચોળાયેલી રોળાયેલી નિદ્રા વહેલી સવારે મારે માટે ઝાઝી તાજગી રહેવા દેતી નથી. એથી જ તો ઊઠતાંની સાથે હું એક આંટો વાડામાં મારી આવું છું. તામ્રવર્ણી કૂણી કૂંપળો ગુલાબના છોડ પર પ્રગટેલી જોઉં છું. પપૈયાની ટોચ પર બેસીને વાંદરો કૂણી કૂંપળો લિજ્જતથી આરોગી રહ્યો છે. એક ખિસકોલી નીચે બેઠી બેઠી એને કુતૂહલથી જોઈ રહી છે. એક્ઝોરાએ તો બંધ મૂઠી ખોલીને ઝીણી ઝીણી દસ બાર કળીઓ જાદુ કરીને પ્રગટ કરી દીધી છે. હમણાં જ રોપેલા બટમોગરા પર ત્રણ કળીઓ છોડ લાવ્યા ત્યારની જ હતી. દસ બાર દિવસ તો સવારે ઊઠતાંની સાથે જ ચિન્તાતુર બનીને એ કળીઓ ખીલી કે નહીં એ જોવા જ દોડી જતો. જો કળી ખીલી હોય તો એને શુભ શુકન લેખીને ધન્યતા અનુભવું, પણ કળી ખીલી નહીં, આખરે એક સવારે કૌતુક થયું. એક કળી પૂરેપૂરી ખીલી ઊઠી. મારા મનની આબોહવા જ બદલાઈ ગઈ. પછી તો બાકીની બે કળીઓ પણ ખીલી. મેં જ જાણે કશી સિદ્ધિ મેળવી હોય તેવો મને અનુભવ થયો.

ત્રણચાર દિવસથી હતાશ થયેલા એ દરજીડાના જોડાને શોધું છું. મૂરખે ખરી જવા આવેલાં રીંગણીનાં પાંદડાંને સીવીને માળો કર્યો. પણ પાંદડું તો ખરવાનું હતું, તે ખરી પડ્યું. હું ખૂબ ઉદાસ થઈ ગયો. એકાદ વૈરાગ્યશતક

લખવા જેટલો વ્યગ્ર થઈ ગયો. હવે એ દરજીડાનું જોડું દેખાતું નથી. એમની નારાજીથી હું અપરાધી હોઉં એવું મને લાગ્યા કરે છે.

ઉત્તર તરફના ઓરડાની બારી પાસે હમણાં તો મેં આસન જમાવ્યું છે. ઘરનો એ પાછલો ભાગ છે. રામકળી અને પારિજાત વચ્ચે ઊંચા વધવાની હરીફાઈ ચાલે છે. બારી પાસેના હોજમાં વરસાદનું પાણી સંઘરાયું છે. તેમાં બે ભક્તાણી કાબરો દરરોજ માથાબોળ સ્નાન કરવા આવે છે. કોઈ વાર લેલાં ખોટી કચકચ શરૂ કરે છે. દૈયડ તો હવે છેક પાસે નિર્ભીક બનીને ફરે છે. રાતનો વિસામો દૈયડનું જોડું પાસેનાં આંબા પર જ કરે છે. એટલે વહેલી સવારે એનો મીઠી હલકવાળો ટહુકો સાંભળવા મળે છે.

ગુલછડીને દસેક દિવસ પહેલાં કળી બેઠી. સાત કળી ધીમે ધીમે ખીલતી જાય છે. રોજ ત્રણ ચાર ગુલાબની પ્રસન્ન વાણી સાંભળું છું. કરેણ ઊગવું કે નહીં તેની દ્વિધામાં છે. એઝરા પાઉંડે કહેલું તેમ તમે ગુલાબના ખીલવાની ગતિને ધક્કો મારીને વધારી શકો નહીં. કોઈક વાર આ બધા વનસ્પતિપરિવારની વચ્ચે આનન્દથી પુચ્છ ઉછાળતાં ફરતાં બુલબુલની ચંચળતાનો મને ચેપ લાગ્યો છે. મન ઊડું ઊડું થઈ રહે છે. પોપટો દક્ષિણ તરફ લીમડા પર સાંજે આવે છે.

દીવાલ પર ચઢતી ખિસકોલી એકાએક કશી ચિન્તામાં પડીને અટકી જાય છે. ઘડીમાં એક બાજુ તો બીજી બાજુ જાય છે. એને કશીક સમસ્યા છે. પણ તે મને સમજાતી નથી. વાંદરાને હોજમાંથી પાણી પીવું છે. મારા તરફથી કશા વિધિનિષેધ નથી. તે છતાં તેના મુખ પર ભયનો ભાવ છે તેથી મને નામોશી લાગે છે. બહાર રાતે પૂર આવ્યાની ચેતવણી બદલ સાયરન વાગે છે અને એની સાથે સૂર મેળવીને પાછળ એક કૂતરો કરુણ વિલાપ કરે છે. આકાશમાં છવાયેલાં વાદળોની ઝળુંબી રહેલી ઘનીભૂત છાયા મારા ચિત્તમાં ઊંડે ઊંડે

ઊતરે છે અને મને બહુ ભારે ભારે લાગે છે. રાતે ખણ્ડિત થતી મારી નિદ્રાના ગાળામાં બાજુમાં જ એક કૂકડો દર અર્ધા કલાકે કૂકડેકૂક બોલીને મને સાથ આપે છે.

સાઠ વર્ષ જૂનું ઘડિયાળ લવારે ચઢી ગયું છે. એનો આ જગતના સમય સાથે મેળ ખાતો નથી. ગમે ત્યારે એની મરજીમાં આવે એટલા ટકોરા પાડી દે છે. બહારના સંસારથી હું પણ છેક છેવાડેના ઓરડામાં બેઠો બેઠો જાણે હું ખૂબ દૂર સરી ગયો છું. અનધ્યાયનો ગાળો લંબાતો જાય છે. મારો અભ્યાસખણ્ડ હમણાં તો પુસ્તકોના ઉકરડા જેવો લાગે છે. મન અગાશી ભણી દોડી જાય છે. કાન સરવા કરીને આજુબાજુની સૃષ્ટિને સાંભળ્યા કરું છું. મારો વ્યાધિ મારી ઇન્દ્રિયોને સતેજ કરે એવો છે. એને હું મારું સદ્ભાગ્ય ગણું છું. દુઃખ હોય કે યાતના હોય એની જોડે મોંજોણું થાય નહીં ત્યાં સુધી મને ચેન નહીં પડે. આંખ બંધ કરીને ધ્યાન ધરવાનો માર્ગ મને ઝાઝો ફાવ્યો નથી. આંખોને માર્ગે થઈને આખું જગત મારી ચેતનામાં વ્યાપી જાય છે અને એથી એ વ્યાપ્તિનો અનુભવ થાય એનું કશું આધ્યાત્મિક દૃષ્ટિએ મહત્ત્વ છે કે નહીં તેની મને ખબર નથી.

વચ્ચે વચ્ચે શ્વાસનો દોર તૂટી જશે કે શું એવો ભય મને પીડે છે. પણ મને લાગે છે કે જો મરણ એક સહજ ઘટના હોય તો એનો આટલો અસ્વાભાવિક ભય રાખીએ તે આપણો એક પ્રકારનો અહંકાર જ ગણાય. મારા જતાં જાણે એવો શૂન્યાવકાશ થઈ જશે કે એ ક્ષતિ કેટલાને પીડ્યા કરશે. આવી કશીક મિથ્યાભિમાનભરી માન્યતા સેવતો હોય તેને જ મરણનો ભય લાગે. મરણ વિશે મમળાવી મમળાવીને બોલ્યા કરવું એથી જ મને ગમતું નથી. આપણું હોવું કે ન હોવું આપણા પરિચિતોને માટે અભિન્નવત્ બની રહે એવી કામના કરવામાં પણ અહંકાર નથી રહ્યો! મરણનો ભય રાખવામાં એક પ્રકારની ગૌરવહાનિ પણ છે. જે ઓછી શક્તિના પ્રમાણમાં વધારે મહત્ત્વાકાંક્ષી હોય

તેને મરણનો ખ્યાલ પીડે. જે પોતાને નિમિત્ત રૂપ માનીને હળવો જ રહેતો હોય તેને મરણની ચિન્તાનો ભાર પીડે નહિ. કેટલાક તો મરણના સ્વાદ પણ લિજ્જતથી માણતા હોય છે અને જેને મરણનો ભય નથી તેને અસાત્ત્વિક ગણીને એની ઠેકડી ઉડાવતા હોય છે. ટોલ્સ્ટોય એમાંનો જ હતો. એ જાણે કહ્યા કરતો હતો. 'જુઓ, તમે મરશો ને ત્યારે આવું થશે.' મરણનો વિચાર કર્યા કરનારા આપણા તરફ આશ્વાસનની આશાએ જોયા કરતા હોય છે.

અત્યારે મને તો સવારે ફૂટેલી નવી કૂંપળોને પોતાના સુવર્ણથી રસી દેતા સૂર્યને જોવાનો આનન્દ છે. ઊગવું, ઉછરવું, વધવું એ મારા ઘરની અગાશીની દીવાલમાંથી ફૂટી નીકળેલા પીપળાને જોઈને હું આહ્લાદપૂર્વક માણું છું. આથી જ દરરોજ સવારે નવા આશ્ચર્ય માટે હું તત્પર હોઉં છું.

*

# વેદનાનું મહાનગર

કોઈ વાર વેદનાનું મહાનગર વસી જાય છે. એની અંધારી ગલીઓમાં કશી દિશાસૂઝ વિના હું રઝળતો થઈ જાઉં છું. મારો શબ્દ પણ મને સાથ આપતો નથી. પહેલા વરસાદ અને ઝંઝાવાતમાં ખરી પડેલી લીંબોળીઓના સડવાની વાસ વાતાવરણમાં છે. ધરતીમાં હજી તૃષાતુરતા છે. આકાશ મીંઢું બની ગયું છે. એનો મર્મ એ કળાવા દેતું નથી. પવન શિકારી કૂતરાઓની જેમ ધસી આવે છે અને એની જીભથી મારા પરસેવાને ચાટે છે. સવારે ઊઠતાં જ લાગે છે કે લોહીનો લય બદલાઈ ગયો છે. બેચેની બેકરારી બધે વ્યાપી ગઈ છે. મારી શિરાઓમાં પણ બીજા શિકારી કૂતરાઓ દોડી રહ્યા છે. એમણે મારાં સ્વપ્નોનો પીછો પકડ્યો છે. શરીરમાં સંતાઈ રહેલું કશુંક એમની નજરે ચઢી ગયું છે તેથી એઓ એકસરખા ભસી રહ્યા છે. એના પડછંદા મારા લખાણમાં ગાજી ઊઠે છે. દેવદૂતો ભાગી રહ્યા છે. થોડી કવિતાની પંક્તિઓ શિરાઓની જાળમાં ગભરુ પંખીની જેમ ફસાઈ રહી છે. ચન્દ્ર વન્ય પશુના જેવો ઘડીક બોડમાંથી નીકળે છે ને ફરી પાછો બોડમાં ભરાઈ જાય છે. એની જીભ આપણને ઊંઘમાં ચાટતી હોય છે તેનું ભાન થતાં આપણે એકાએક ધ્રૂજી ઊઠીએ છીએ.

વિષાદનો મહેલ વૃષ્ટિની ધારાને આધારે ઊભો થઈ રહ્યો છે. એમાં વૃષ્ટિનાં

બિન્દુનાં જ હજારો દર્પણો છે. એમાં સૂર્યના પ્રવેશનો નિષેધ છે. વૃષ્ટિનો ધ્વનિ એમાં ઘૂમરી ખાયા કરે છે. દિવસ ભેજથી ચોંટી ગયેલાં ચોપડીનાં બે પાનાં જેવો લાગે છે, એને ખોલીને વાંચી શકાતો નથી. મંકોડાની હાર પાંખો શોધી શોધીને પહેરી લે છે ને ઊડી જાય છે, પણ હું વૃષ્ટિના કારાગારમાં કેદ થઈ ગયો છું. વૃષ્ટિની જ ધૂસર પતાકા ક્ષિતિજ સુધી લહેરાતી દેખાય છે; જાણે કોઈ મૂગું સૈન્ય પૃથ્વી પર થઈને જઈ રહ્યું છે. એ એના ચાલ્યા જવાની ગન્ધ પાછળ મૂકી જાય છે. પછી એ આખું સૈન્ય દૂર ક્યાંક કાદવમાં ગરકાવ થઈ જાય છે તેની ખબર તો દેડકાઓ આખી રાત આપ્યા કરે છે.

સામે ધૂળની ડમરી ઊંચે ચઢે છે ને તોંતંગિ વૃક્ષની જેમ ઊંચે વધ્યે જ જાય છે. મારો પોતાનો હાથ ધૂળની ઢગલી જેવો લાગે છે. રખેને એ ખંખેરાઈ જાય એ ભયથી હું મારા હાથથી પણ દૂર રહું છું. ધૂળના મોટા મહાલયો રચાય છે ને પળવારમાં તો એ આકાશચુંબી ઇમારતો ખરી પડે છે. બારીમાંથી આવતું રજકણ ઘડીક સૂર્યના પ્રકાશમાં ચમકી જાય છે. પવન આવે છે ને ધૂલિપુષ્પની બધી પાંખડીઓ ખીલી ઊઠે છે. એની સૌરભ વાતાવરણમાં લહેરાવા લાગે છે. મારી આશા ધૂલિવસ્ત્ર ધારણ કરીને સંન્યાસિની થઈને ચાલી જવા નીકળે છે.

પવન ગોળાકાર વર્ષાબિન્દુને ચપટા બનાવી દે છે, એની પારદર્શકતામાં પ્રવેશીને એને ભારે બનાવી દે છે. દરેક ટીપાને ગણતો હું કશાક શાપથી સમ્મોહિત થઈને બેસી રહું છું. હવાનો મૂંગો વિલાપ સાંભળ્યા કરું છું. ને છતાં જાણે એ મારા કાનમાં ગાજ્યા કરે છે. મારું વિષણ્ણ હૃદય મારાથી અજાણી કશીક વફાદારીને વશ થઈને એના પડઘા પાડ્યા કરે છે. સ્મૃતિ બસૂરી બનીને રણકી ઊઠે છે. આશ્વાસન માટે ધર્મપુસ્તકનું પાનું ખોલીને હું વાંચું છું : ગમે તેવા ઝંઝાવાતમાંય વર્ષાબિન્દુઓ એકબીજાની નિકટતા છોડતા નથી. આ સંસારમાં ઝંઝાવાતથી છૂટા પડવું નહીં.

વૃષ્ટિના તાણાવાણામાંથી જ નિદ્રાનું પોત વણાય છે. એના ઊંડાણમાં ડૂબકી મારીને હું ઘેરી શાન્તિમાં ગરક થઈ જાઉં છું ને નદીના પ્રવાહને તળિયે, પ્રવાહથી અલિપ્ત સ્થિર કાંકરાની જેમ નિશ્ચલ પડ્યો રહું છું; કેવળ મારા હોવાનું વજન અનુભવું છું પણ એ વજન ક્ષણેક્ષણે ભારે થતું જાય છે. વહેતા સમયમાં એ ઓગળતું જતું નથી.

આકાશની ધૂસર સીમામાં છેલ્લી વૃક્ષોની પંક્તિ એકાકાર થઈ જાય છે. મારાં ચરણ પણ પાછળ છાપ મૂક્યા વિના એ દૂરની ધૂસરતામાં ચાલ્યાં ગયાં છે. રાત તમરાંના અવાજની તીક્ષ્ણતાથી ઉઝરડાયા કરે છે. સૂર્યનો જાદુઈ દણ્ડ કોઈએ સંતાડી દીધો છે. ભીના અવકાશને કોઈ સંકેલી લેવા મથી રહ્યું છે. આ અન્ધારામાં પણ ક્યાંક કોઈક ગોકળગાય ઈશ્વરનું વાહન બનીને, એનો ભાર ઉપાડીને, ધીમે ધીમે સરકી રહી છે.

સંચિત ક્ષણોનો મધપૂડો ખાલી ખોખા જેવો લબડી રહ્યો છે. છંછેડાયેલી મધમાખી જેવી પવનની લહરી સ્પર્શે સ્પર્શે ડંખ મૂકતી જાય છે. સુખનું સોનેરી નાણું આંગળીઓ વચ્ચેના છિદ્રમાંથી સરતું જાય છે. રહી રહીને સૂર્યની છાલક વાગે છે ને મને તમ્મર આવે છે. છતાં નરી અભાનતામાં સરી પડાતું નથી. બહુ જ ઉગ્ર એવી હોવાની સંવેદનાના ક્ષીણ તન્તુને કોઈ વળ ચઢાવ્યા જ કરે છે.

પોપટના ટોળા જેવું લીલું મેદાન વર્ષાના આકાશ નીચે બેઠું છે, પણ ટહુકતું નથી. દૈયડના ટહુકામાં રેલાઈ જતા જળનો જ પડઘો સંભળાય છે. ધૂસર આકાશની નીચે ઇન્દ્રગોપની ક્ષણિક રંગીનતા ભારે કરુણ લાગે છે. કેળના પાનની અણીએથી સમય ચૂએ છે. પતરંગો રહી રહીને કોઈક અદૃશ્ય કીટને ચાંચમાં પકડી લે છે. ભેંસ પર બેઠેલો બગલો કોઈ વાહને બિરાજમાન દેવની અદાથી મહાલી રહ્યો છે.

સાંજના ઢળવા સાથે આથમતા પ્રહરોના લાંબા પડછાયાઓ વિસ્તરીને નિદ્રાને અડી જાય છે. ખુલ્લી આંખોની સામે એક નવું જ કપોલકલ્પિત જગત રચાવા માંડે છે. એનાં પરિમાણોના ચોકઠામાં મારી ચેતના બંધબેસતી થતી નથી. આથી હું મારામાંથી જ થોડો બહાર, ત્રિશંકુવત્, લટક્યા કરું છું. મારો અહંકાર મને કશો આધાર શોધવા દેતો નથી, આથી મારી અસહાયતાનો જ નશો કરીને હું ઝૂમ્યા કરું છું.

તાપી કાંઠેના એ સાતકાશીના વનમાં વાંસની જાળમાં ટપટપ વરસાદનાં ટીપાં ટપકતાં જાય છે તે હું સાંભળું છું. નદીના શુષ્ક પટમાં એક ક્ષીણ જળરેખા, વર્ષો પછી સ્મરેલી કોઈ કાવ્યપંક્તિની જેમ, ઊપસી આવે છે. નળિયાં ચાળ્યા પહેલાં આવી ગયેલો વરસાદ નીચે મૂકેલાં વાસણોમાં જળતરંગ વગાડે છે.

મારા પ્રાણનું ભીરુ પંખી ધૂસરતાના નીડમાં સંતાઈ જવા ઊડું ઊડું કરી રહ્યું છે. એના ટહુકા અહીંતહીં વેરાઈ ગયા છે. એની પાંખોમાં વિષાદના ભેજનો ભાર છે, આથી એનાથી ઊડી શકાતું નથી. એની આંખો પણ ધૂસરતાના પુંજ જેવી છે. પવન એને લલચાવ્યા કરે છે. આખા વર્ષાના આકાશના ભારને ઝીલતું એ બેસી રહ્યું છે.

7-6-80

*

# મૃગજળમાં સૃષ્ટિ

ગ્રીષ્મની બપોરે મૃગજળમાં સૃષ્ટિનો પ્રલય થતો જોઉં છું ને સવારે જાગીને પ્રલય પછીની શાન્તિ અનુભવીને ભયભીત થઈ જાઉં છું. એવી ક્ષણે રેમ્બોનું પેલું સસલું યાદ આવી જાય છે. જળપ્રલયનો ઈશ્વરના ચિત્તમાંનો વિચાર શમ્યો ના શમ્યો ત્યાં ઝાંખરા પાછળ એક સસલું થંભીને ઊભું રહી ગયું. એનો હડસેલો વાગવાથી પેલા ભૂરા ઘંટડી આકારનાં ફૂલો ડોલી ઊઠ્યાં. એ સસલાએ કરોળિયાના જાળામાં જઈને ઇન્દ્રધનુષને પ્રાર્થના કરી. એ ઘડીએ જ મૂલ્યવાન પરવાળા માણેક ને મરકતમણિ સંતાઈ ગયા, રહી ગયાં કેવળ પુષ્પો – જે એકાએક એકલાં પડી જવાથી, ભયભીત થઈને ચારે બાજુ જોઈ રહેતાં નાનાં બાળકોની જેમ ચારે બાજુ જોઈ રહ્યાં. ફરી પાછું આજ્ઞાંકિત લોહી ઈશ્વરની આંગળીને ઇશારે વહેવા લાગ્યું. પેલો પોતાની સાત-સાત વહુઓને મારી નાખનારો 'બ્લ્યુ બિયર્ડ' – એની પાસે એ લોહી જઈને પહોંચ્યું. ક્યાં ક્યાંથી એ લોહી આવ્યું? કતલખાનાંઓમાંથી સરકસમાં વીંઝાતા ચાબૂકો નીચેથી.

બપોર થાય છે. મને પ્રખ્યાત ફ્રેન્ચ ફિલ્મ 'વેઇજીઝ ઓફ ફિયર' યાદ આવે છે. બપોરનો તડકો એમાં એવો બતાવ્યો છે કે ભૂલ્યો ભૂલાતો નથી. બધું એક

વિલક્ષણ પ્રકારના ધોળા રંગનું લાગે છે. બારીઓ બધી ઈશ્વરની આ મુદ્રાથી અંકિત થઈને ધોળી ધોળી થઈ ગઈ છે.

પ્રકટ અને વ્યવસ્થિત દેખાતા આ બપોરના પ્રખર પ્રકાશમાં અતિ વિશ્વને જોઈને મારું મન રેમ્બોની જેમ ઉશ્કેરાઈ જાય છે. બધું જ અસ્તવ્યસ્ત, અવળસવળ કરી નાખવાનું મન થાય છે. કાર્યકારણના થાંભલા પર બાંધેલા નિયમોના મહેલમાં વસતા ઈશ્વર પર છાપો મારવાનું મન થાય છે. છો ને થોડી ક્ષણ પૂરતા સત્ય અને જૂઠાણું પોતાના સ્થાનની અદલાબદલી કરે! એથી નીતિની લેખણે લખાતા હિસાબમાં બે આંકડા ખોટા મંડાશે, એટલું જ ને!

મારી સામેના મેદાનમાં ભર બપોરે અન્ધારાનો ઊની અંચળો ઓઢીને દેવદૂતો દોડે છે. આજુબાજુમાં ડુંગરોમાં તો એક માત્ર પાવાગઢ જ છે. એને હું ભાગ્યે જ જોઉં છું. પણ આજે તો હું ચારે બાજુ ક્ષિતિજ પર નાની નાની ટેકરીઓને, ખેતરોની લીલી ધજા ફરકાવીને, આદિવાસીઓની જેમ નાચતી જોઉં છું. મારી સામેનો આઠમો રાજમાર્ગ અનેક યોદ્ધાઓની ખરીઓથી અંકાયેલા પાણીપતના મેદાનની અદાથી ઊભો છે. એ જોઈને ધોળે દિવસે રસ્તાની બાજુએ ઊભેલા દીવાઓ મરક્યુરીના અને બેરિયમના દાંત કાઢીને હસે છે. એ હસવાનો અવાજ મારા દર્પણ જોડે અથડાઈને તરંગ ઊભા કરે છે.

કોઈ દરિયાકાંઠે ક્યારેક કુતૂહલથી એકઠાં કરેલાં છીપશંખલાંમાંથી અંગ સંકોરીને એકાએક ભરબપોરે સન અઢારસોઅઠ્ઠાવનની એક રાત બહાર આવે છે. એ રાત થોડુંક રૂમઝૂમ રૂમઝૂમ ચાલે છે ને પછી તરત જ તાજા જ સળગાવેલા ઘીના દીવાની જ્યોતમાં સમાઈ જાય છે.

ટેબલ પર પડેલી યુ દ કોલોનની શીશીનો દાટો ખુલ્લો રહી ગયો છે. એમાંથી રૂપરૂપના અમ્બાર જેવી પરીઓ બહાર આવે છે. પણ તરત જ રાતી

કીડીઓની હાર એ પરીઓની પાંખો લઈને ચાલતી થાય છે. પરીઓ બિચારી વાસી છાપાના કાળા અક્ષરોમાંના ઢગલામાં જઈને પોઢી જાય છે.

દીવાલ પરનો અરીસો તૂટી જાય છે. એકાએક એના કાચ પાછળથી ભૂગોળના કોઈક અણબોટ્યા ખંડનો સમુદ્ર મારા ઓરડામાં છલકાઈ પડે છે. તેજાનાથી ભરેલાં વહાણ મહેંકી ઊઠે છે. એ અજાણી ભોમકાની કોઈ નમણી કન્યાની કાળવી માયાથી મોહિત થઈને બોદ્લેરને કવિતા લવતો સાંભળું છું.

પોતાનાથી અનેકગણા ઊંચા ટેબલ પર ચઢી ગયેલું નાનું બાળક ગભરાઈને 'મને નીચે ઉતારો'ની બૂમ પાડે તેમ ઈશ્વર આજે એના સ્વર્ગમાંથી નીચે ઊતરવા માટે કાકલૂદી કરી રહ્યો છે. પણ ચારે બાજુ દોડતાં વહાણો અને ભીડમાં ભીંસાતા માણસો એ સાંભળતા નથી. ઈશ્વરની ચીસ હવામાં અધ્ધર તોળાઈ રહે છે ને પછી સૂર્યની આંચ લાગતાં સળગીને ભડકો થઈ અદૃશ્ય થઈ જાય છે.

કોઈનો આછેતરો શ્વાસ આવીને આ ઘરની ચૂનાથી ધોયેલી દીવાલોને પિયાનોની ચાંપની જેમ દબાવીને રણકાવી જાય છે. દીવાલોના પોલાણમાં કોઈએ દાટેલા સંગીતનો ખજાનો એકાએક ખુલ્લો પડી જાય છે. પછી તો બારણે બારણે સંગીતનાં તોરણ ઝૂલે છે. લીલા તે વનના સૂડા, કાળો તે કાંઠલો ભરી ભરીને ટહુકા લઈ જાય છે.

નીચેના બગીચામાંની જૂઈની વેલ ઉપર ચઢતા થાકી જતાં મારી બારીએ સહેજ પગ ટેકવીને ઊભી છે તેને જોવાને પાસેના ચારે લીમડા ટોળે વળ્યા છે. એ જોઈને બાજુમાંના મોગરા જાસવંતીએ નિન્દા કરવા માંડી છે. બપોરની તીક્ષ્ણ ધાર સાથે અથડાઈને એ નિન્દાની કર્કશતા તણખા વેરે છે.

દીવાલ પર વિવાન સુન્દરમ્નું ચિત્ર છે. એમાંનો ભૂરો રંગ એકાએક પાંખો

ફફડાવીને ઊડવા માંડે છે. બેઠેલા ઊંટના ભારથી કચડાયેલો રાતો રંગ કચવાઈને બેસી રહે છે. નીચેનાં મંદિરોમાંના હનુમાન થાકેલા પગ બદલવાની પેરવીમાં છે. ત્યાં કોઈ બુકાની બાંધેલો ઘોડેસવાર ઊંટ પાસે થાકીને બેઠેલી સુન્દરીને ઉપાડીને દાબડા બોલાવતો અદૃશ્ય થઈ જાય છે.

કોઈક વાર એકાએક કોઈકનું ક્રન્દન સંભળાય છે. હોલો એ વિશે કોયલને પૂછે છે. વચમાં કાગડો કચકચ કરી મૂકે છે. શહેરનો કવિ અફવા ફેલાવે છે કે એ તો આજે ઉષાના ખોળામાંથી સરી પડેલા કોઈ શિશુનું ક્રન્દન છે. પણ એ કવિની ભોળી અબુધ પ્રિયતમા સુધ્ધાં એની આ વાત સ્વીકારવા તૈયાર નથી. પણ સાંજને વખતે કેડે તેડેલા બાળક સાથે લંગડાતે પગે ચાલી જતી ઉષાને જોયાનો દાવો કેટલાક (એટલે કે સાત) લેલાં કરે છે.

કોઈ મેલી વિદ્યા જાણનારો સિનેમાના પોસ્ટરની ભસ્મ આપીને કેટલાક રોગો સારા કરી આપવાનો દાવો કરતો ફુટપાથ પર બેઠો છે. એને ખભે મોટો થેલો ભેરવેલો છે. એમાંથી ઘણી રૂપસુન્દરીઓ ડોકિયાં કરે છે. એ દરેકને એકાદ તાવીજ કે માદળિયું બાંધીને એણે વશ કરી છે. એમાંની થોડીક નાસીને બરફના ગોળાવાળાની લારીના રંગબેરંગી શરબતના શીશામાં ભરાઈ જાય છે.

અહીં બપોર બધાંને બાળે છે ત્યારે આજની સાંજ હજી તો ધ્રુવ પ્રદેશમાંથી નીકળી સુધ્ધાં નથી. હજી એની આંખની કીકીની આજુબાજુનો બરફ પીગળ્યો નથી. હજી એના ચરણ ચાલવાને ઉત્સુક નથી. આડા હાથે ક્યાંક મુકાઈ ગયેલું હોકાયન્ત્ર એ શોધવા રહી છે, પણ નજીકના ધ્રુવ તરફ એનું ધ્યાન નથી.

કૂતરો પોતાના લાલ લાલ ઘાને પોતાની જ લાલ લાલ જીભથી ચાટે તેમ સૂર્ય પોતાની જ અગ્નિશિખાથી પોતાને ગ્રીષ્મના આ મધ્યાહ્નને ચાટી રહ્યો છે.

એની વેદનાનો કમ્પ આખા આકાશમાં આન્દોલિત થઈ ઊઠે છે. એથી મારા ઘરના પાયા હચમચી ઊઠે છે. મારા અસ્થિપિંજરનાં અસ્થિ એકબીજા સાથે અથડાઈને કડકડી ઊઠે છે.

કોઈ રાજાની કુંવરી ગ્રીષ્મની બપોરે બળબળતી ચીસો નાખતી પડી છે. એ એક સરખી ચીસો નાખે છે અને કહે છે ‘આ ગ્રીષ્મને કોઈ વદાય કરો, આ ગ્રીષ્મનું મોઢું કાળું કરીને એને અવળે ગધેડે બેસાડીને હાંકી મૂકો.’ રાજાએ ભૂવા બોલાવ્યા છે. એમના કહેવાથી રાજાએ તાંબાનો રથ તૈયાર કરાવ્યો છે. એ લાલચોળ તગતગે છે. એને રૂપાના ઘોડા જોડ્યા છે. રાજાએ જોષીને તેડાવ્યા છે, જોષી ટિપ્પણ ખોલીને મુહૂર્ત જુએ છે. પણ એને મુહૂર્ત જડતું નથી. તાંબાના રથ અને રૂપેરી અશ્વો એમ ને એમ ઊભા રહી ગયા છે.

શહેરો બધાં તાપમાં ઓગળવા લાગ્યાં છે, ઓગળીને ગઠ્ઠો થઈ જાય છે. એ ગઠ્ઠાથી સમય રૂંધાઈ જાય છે. પવન ભારે થઈ જાય છે, આકાશમાં છિદ્ર પડી જાય છે. ઓગળતાં શહેરોનો એક રેલો વિશ્વામિત્રીને કાંઠે થઈને રેલાતો જાય છે. કમાટીબાગના પાંજરામાં બેઠેલો ઘરડો અજગર એ જુએ છે ને રાતે બાજુમાં ઊભેલા તાડને એ વિશેની પોતાની ફિલસૂફી શીખવે છે. દિવસભર બધા તાડ ફિલસૂફી રટ્યા કરે છે.

8-5-80

*

# દુર્દિનનું આગમન

દુર્દિન આવી ચઢ્યો છે. વાતાવરણમાંથી હૂંફ ચાલી ગઈ છે. આકાશ મ્લાન છે.

પીંછાં ખંખેરતા પતરંગાની આંખમાં એનું પ્રતિબિમ્બ પડે છે. આવી આબોહવા એક વાર ખૂબ અનુકૂળ થઈ પડતી. ગાડીને પાટે દૂર દૂર સુધી રખડવા નીકળી પડતા. આછી ઝરમરથી છંટાયે જવાની મઝા આવતી. મનમાં કેટલાક ભાવાંકુર આ જલસંચિનથી જ ઊગી નીકળતા. એ પ્રરોહણથી રોમહર્ષણ અનુભવતા વિહ્વળ થઈ જવાતું.

આજે મ્લાન આકાશ એટલે ગ્લાનિભર્યું મન એવું સમીકરણ હું માંડતો નથી. પણ મનની ક્ષિતિજો થોડી વધુ વિસ્તરી છે. આંધ્ર, તામિલનાડુ અને કેરળના પ્રલયને કારણે કારમા મૃત્યુને વશ થયેલા માનવીઓનો વિષાદ જાણે અહીં પૂંજીભૂત થઈને છવાઈ ગયો છે. પવન ધીમું ધીમું કણસે છે. પંખીઓ ઝાઝા ઊડતાં દેખાતાં નથી. રસ્તા પરથી, કોઈના જનાજામાં ચાલતું હોય તેવું માનવીઓનું ટોળું મૂંગું મૂંગું ચાલી જતું જોઉં છું. સૂર્ય પણ શોક પાળવા નેપથ્યમાં ચાલી ગયો છે એમ કહું તો એ શીખાઉ કવિનો સજીવારોપણ અલંકાર માત્ર છે એમ ના માનશો.

પણ અહીં તો બધું રાબેતા મુજબ ચાલે છે. વરસતા વરસાદમાં ખેલાડીઓ બાસ્કેટબોલ રમી રહ્યા છે. સિનેમાઘરોમાં સમાચારોની ડોક્યુમેન્ટરી હજી તો વડાપ્રધાનની મોસ્કોયાત્રા બતાવે છે. આંધ્રના જલપ્રલયનાં દૃશ્યો ડોક્યુમેન્ટરીમાં મઢાઈ જશે, ફોટોગ્રાફર એની છબિકળા બતાવશે, પશ્ચાદ્‌ભૂમાં કોઈ વાયોલિનવાદક થોડા કરુણ સૂરો રેલાવશે. એ દરમિયાન પરદેશી ઇમ્પોર્ટેડ સેન્ટ છાંટેલી સાડીવાળી ધનાઢ્ય ઘરની મહિલાઓ આઇસક્રીમ કોન ચૂસતી ચૂસતી થિયેટરમાં પ્રવેશશે ને હળવી ચીસો નાખતી ‘ટાવરંગિ ઇન્ફર્નો’ જોશે. પણ આ જળપ્રલય? એ ક્યાં હજી કચકડે મઢાયો છે!

થોડી વાર પછી શહેરોની ક્લબોની ડિનર મીટીંગ શરૂ થશે. એમની નજર આગળ કોઈ અન્તિમ સંસ્કાર પામ્યા વિનાનાં એ શબોના ઢગલાની છબિ આંકશે નહિ. છાપાંઓ બે ઇંચની હેડલાઇન મારી શકાય એવા બીજા કશા સનસનાટીભર્યા સમાચારની શોધમાં પડી જશે, હું એમ નથી કહેતો કે બધા પોતપોતાનાં નાનાં સુખદુ:ખ ભૂલીને કેવળ આ દેશત્યાગી શોકને જ ઘેરો ઘૂંટતાં બેસી રહે. ઘરમાં મરણ થયું હોય છે ત્યારે છવાઈ ગયેલી શાન્તિ વચ્ચે એકાદ શિશુ વિના કારણ ખડખડાટ હસી નથી પડતું?

હવામાં હિક્કળ છે. એક આછી ધ્રુજારી અસ્થિમજ્જા સુધી પહોંચી જાય છે. હવે બાળપણની જેમ સહેલાઈથી આંખમાં આંસુ નથી આવતાં. તેથી જ તો વિષાદ ભારે બનીને મન પર તોળાઈ રહે છે. આવા અનિષ્ટને રાજકારણોવાળા તો ઇષ્ટાપત્તિ લેખે છે. એથી એમને જનતા પ્રત્યેની ઊંડી સહાનુભૂતિ બતાવવાની, એની જાહેરાત કરવાની એક તક મળી જાય છે. પ્રજાનાં દુ:ખને પોતાના સંકુચિત સ્વાર્થ ખાતર વટાવી ખાવું એના જેવી મોટી અધમતા બીજી શી હોઈ શકે?

કોઈ વિરાટકાય શિકારી પંખી એકદમ આકાશમાંથી ત્રાટકીને પોતાના બલિને ઊંચકીને ઊડી જાય તેમ આ ઝંઝાવાત આવ્યો ને ગયો. સરકાર, સામાજિક સંસ્થાઓ, સૈન્ય, ચોર – બધા કામે લાગી ગયા. મરેલાઓ તો મળવા પણ ન રહ્યા. સમુદ્ર તો એટલો ક્રૂર છે કે એમને ઉત્તુંગ મોજાંઓ સુધી ફંગોળ્યા પછી બહાર કાંઠે ફેંકી દીધાં. જળસમાધિ પણ ન આપી. ત્યાંથી હજી મરણ પાછાં ડગલાં ભરી ગયું નથી. હજી તો એના હાથમાં કોલેરા જેવી મહામારીનું શસ્ત્ર ઊગામેલું જ છે. દેશમાં હજુ તો આતંકવાદીઓ નિર્દોષ પ્રજાજનોના અકાળ વિનાશની વ્યવસ્થા કરવામાં પડ્યા છે. ડાક્ટરો માનવસેવાને વિસારે પાડીને આર્થિક લાભ માટે હડતાળો ચાલુ રાખે છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ કોઈ નજીવા કારણે વિદ્યાસંસ્થાઓ બંધ રાખવા તત્પર છે.

દેશ ગરીબો અને પીડિતો માટે જીવવા જેવો રહ્યો નથી પણ દેશવાસીઓમાં બહુમતિ તો એમની જ છે! કુદરત મગરનાં આંસુ સારી રહી છે. બધા પાસે સહીસલામતીભર્યા અન્તરે ઊંચે રહીને તારાજીનું દર્દનાક દશ્ય જોવા માટે વિમાનો નથી, પણ કલ્પનાશક્તિ તો છે.

કેટલાક તુંડમિજાજીઓ એવા હોય છે જેઓ પોતાની દારુણ વેદના વિશે મૌન સેવે છે. એમનો આ અહંકાર મારાથી સહ્યો નથી જતો. દુઃખીઓનું દુઃખ જો જાહેર ન થાય તો તેથી માનવજાતિને જ હાનિ પહોંચે અને એટલે દુઃખ દેનારા આતતાયીઓનો આસુરી આવેશ બમણો વિફરી ઊઠે છે. વધારે પડતું સૌજન્ય સામાન્ય માનવીને પરવડે એમ નથી. ઇસુની જેમ આપણે સહુ આપણા બંને ગાલ આતતાયી આગળ ધરી દઈ શકીએ નહીં. બુદ્ધ જન્મ્યા છતાં હિંસાનું આસન ડગમગ્યું નથી. ગાંધી જન્મ્યા છતાં અસત્યનો ધ્વજ લહેરાતો અટક્યો નથી.

પ્રકૃતિએ કોઈ અણઘડ દરજીની જેમ સૂર્યના જરીદુશાલા જેવાં સોનેરી વસ્ત્રો

પર મેલા ચીંથરાનું થીંગડું મારી દીધું છે. હવે સૂર્યની શોભાયાત્રા નીકળે શી રીતે! દેવળના ઘણ્ટનો રણકો બોદો થઈ ગયો છે. સમય ગોકળગાયની ગતિએ સરે છે. પાંદડાં ખરી જવાથી બોડા થઈ ગયેલા લીમડાઓ ઉદાસીન ભાવે ઊભા છે. આ દિવસ તો સોનગઢના કિલ્લાએ ટોચે જઈને ત્યાંની રાંગ પર બેસીને જોવા જેવો છે. દૂર ભૂરાશના અસ્તરવાળા સાલ્હેર મુલ્હેર અને બાગલાણના કિલ્લાઓ અને વનરાજિને જોડી દેતો આ આછી ઝરમરનો ધૂસર પટ્ટો એક અપાર્થિવ દૃશ્ય રજૂ કરી દે તે હું કલ્પી શકું છું. અત્યારે તો અહીં એક વિરાટ અશ્રુધૂસર ચક્ષુ આકાશમાંથી નિર્નિમેષ મીટ માંડી રહ્યું છે!

*4-12-77*

*

# વજનહીનતાનો અનુભવ

આ ગ્રીષ્મનો સૂર્ય એની ઉજ્જ્વળ દ્યુતિથી આપણને તેજસ્વી બનાવીને દેવકલ્પ બનાવવા મથી રહ્યો છે. મકાનોને નવી ભવ્યતા પ્રાપ્ત થાય છે. ભાંગ્યુંતૂટ્યું ખોરડું પણ એના પડછાયાની સાથે નવા મહિમાથી ખંણ્ડિત થઈને ઊભું રહે છે. નદીનાં જળમાં વૃક્ષોના વિવિધ પ્રકારના પડછાયાની ભાત સૂર્યની આંગળીઓ ગૂંથ્યા કરે છે. વૃક્ષનું ઊંડામાં ઊંડું મૂળ સૂર્યનું મહિમાસ્તોત્ર બોલતું થઈ જાય છે. નવી ફૂટેલી કૂંપળના કૂણા હાસ્યને સૂર્ય અજવાળી દે છે. ગ્રીષ્મની રાતે શિરીષનાં બીડાયેલાં પાંદડાંઓ વચ્ચે આકાશની નીલિમા વધુ ઘેરી બને છે. પડછાયાઓ એમનાં મૂળ બિમ્બને ખોઈ બેસીને જુગજૂના અન્ધકારમાં ભળી જાય છે. ગ્રીષ્મના દિવસની તપ્તતાના ઘનીભૂત ભારને પવન ઉપાડીને હિમાલયમાં મૂકી આવે છે. કદીક રમતમાં પવન કોઈકની આંખનાં પોપચાં તો કોઈક ફૂલની પાંખડી ખોલી આવે છે. પછી પ્રભાત ફૂટે છે. સદ્યોસ્નાત બ્રાહ્મણના જેવો એનો વર્ણ હોય છે. અન્ધકારમાં નહીં ઓગળેલી થોડીક છાયાઓ લથડતે પગલે ચાલવા માંડે છે. એને મારા ઉંબરની ઠોકર વાગે છે. તળાવડીમાં કેડસમાણા પાણીમાં ઊભેલું કોઈક રમત પૂરી થયા પછી શતરંજના પટ પર રહી ગયેલી એકાદ સોગઠીના જેવું લાગે છે.

પ્રભાતને એક પ્રકારની વજનહીનતાનો અનુભવ થાય છે. બધાં અંગો શ્રમ વિના કઠપૂતળીની જેમ કોઈનાં હલાવેલાં હાલે છે. પછી સૂર્યનું વજન અણુએ અણુમાં પ્રસરવા માંડે છે. પ્રકાશના પ્રવાહો મને વહેતો કરી મૂકે છે. પછી ધીમે ધીમે શરીરમાં પંચભૂતમાંના બીજા જાગવા માંડે છે. મારી કાયાનું કારાગાર ફરીથી વસાઈ જાય છે.

હું સૂર્યનો મહિમા વર્ણવું છું પણ એ સૂર્ય કેટલી બધી તુચ્છતાને પણ પ્રગટ કરે છે! બોદલેરની કવિતામાં 'રેગપિકર્સ' ઉકરડો ચૂંથનારાની છબિ જોઈ હતી. અહીં હવે એમને રોજ જોઉં છું. માતાપિતાની આંગળીનો આધાર હજી હમણાં જ જેણે છોડ્યો છે એવું ચાર પાંચ વર્ષનું શિશુ એની કૂણંી આંગળીઓથી ઉકરડો ફેંદે છે. બાજુમાં જ ચૂંટણીનું પોસ્ટર ભાવિના સ્વર્ગની બડાશ મારી રહ્યું છે. એ શિશુના કૂણા અંગ પર ભૂખમરાની કાલિમા છે. એની તેજહીન આંખોમાંથી હજી વિસ્મયનો ભાવ ભુંસાયો નથી. ત્યાં સુખી, સંપન્ન ઘરનાં ચાર-પાંચ સંતાનો એ ઉકરડો ફેંદતા શિશુની પાછળ દોડે છે. એમની સાથે એમનો પાળેલો કૂતરો પણ દોડે છે. નબળા, અસ્થિર પગે એ શિશુ દોડે છે ને પડે છે. પેલાં બાળકો એના પર પથરા ફેંકે છે. ઘરના બારણામાં ઊભા ઊભા એમના વડીલો એમનું આ પરાક્રમ જોયા કરે છે.

આપણે ઉકરડાઓ તો ઊભા કર્યા પણ ઉકરડા પર જીવનારા માણસો પણ ઉપજાવ્યા. આ માનવીઓને આપણે ક્ષય જેવા રોગની ભેટ આપી. અપૂરતા આહારને કારણે આપણે એમને અંધાપો આપ્યો. આકરો સૂર્ય આપણા છાપરા નીચેથી કાઢીને આ ગરીબોને માથે માર્યો. એમની પાસેની હૂંફ પણ ઝૂંટવી લીધી. બુભુક્ષા અને જિજીવિષા આ બે બે શાપોથી એમને નવાજ્યા. આ ગરીબોના કાન આપણે આપણા પક્ષના વિજયનાદથી ભરી દીધા. એમના મુખમાંથી સરેલી હાયને આપણે આપણા પક્ષનો ઢંઢેરો પીટવાના અવાજમાં સંભળાવા જ ન દીધી. ભગવાન આગળ કાંસા વગાડીને એના

કાન પણ ખોલવા ન દીધા. દરરોજ નવી ઊગતી સવાર આ ગરીબોના શરીરને વ્હાલથી પંપાળતી નથી. એમનાં અંગ પર એ નવો ઉઝરડો પાડે છે. પવન એમનાં ફાટેલાં વસ્ત્રને પોતાની અડપલાખોર આંગળીથી વધુ ફાડીને એમની હાંસી ઉડાવે છે. ધાનથી ભરેલાં ખેતરોની હરિયાળી એમની આંખમાં સ્નિગ્ધતા નથી આંજતી. એમના ઉદરના ભભૂકેલા જઠરાગ્નિને વધુ બહેકાવે છે.

કાષ્ઠમાં ચોરની જેમ છુપાયેલો અગ્નિ, કંજૂસના ધન જેવું કણસલામાં સંતાડેલું ધાન્ય આ ગરીબોનાં કામમાં આવતા નથી. આપણે ભોગ ભોગવીએ છીએ ને રોગ એમને આપીએ છીએ. સંઘરાજ્ય અને કલ્યાણરાજ્યની સીમા આ ગરીબો સુધી વિસ્તારે એવો ચક્રવર્તી રાજા હવે થશે ખરો?

આંધળો પૈસો તો આ ગરીબો સામે કઈ આંખે જોવાનો હતો પણ કણકણ એકઠી કરતી કીડીઓ કે ચણ ચણતાં પંખીઓ કદાચ કરુણાથી આ ગરીબોને કીડી કે પંખી બનવાનું સમજાવી શકશે.

8-6-75

*